


# ન્યુઝ 4 કચ્છ

'વાત કચ્છીયતની'

RNI No. GujGuj/2023/87263 | તંત્રી : જય દિનેશભાઇ દવે | News4Kutch Daily

News Help Line : 78 74 88 99 33

વર્ષઃ ૦૨ અંક : ૨૩ તા.૦૮.૦૮.૨૦૨૪, ગુરૂવાર પાનાઃ ૬ કિંમતઃ રૂા.૧ રજી.ઓફિસઃ ૯, માતૃભવ, સત્યમ સોસાયટી, ભુજ(કચ્છ) ૩૭૦૦૦૧ Email: news4kutchinfo@gmail.com

Year : 02 Issue : 23 Dt. 08-08-2024, Thursday Page : 6 Price : Rs. 1 Office : 9, Matrubhav, Satyam Society, Bhuj - Kutch 370001 Mob: 7874889933 Email : news4kutchinfo@gmail.com


**સુવિચાર**

સામાન્ય માણસનું મહાન બનવું એ તો સામાન્ય છે પણ, મહાન બન્યા પછી સામાન્ય બની રહેવું એ ખરેખર અઘરું છે!

# તું હંમેશા દેશની નજરમાં ચેમ્પિયન રહીશ ! ફોગાટ ઓલિમ્પિકથી બહાર

**સમગ્ર દેશ માટે આજે નિરાશજનક સમાચાર સામે આવ્યા હતા.ચેમ્પિયન વિનેશ ફોગાટને ઓલિમ્પિકમાંથી બહાર થવુ પડ્યુ હતુ. ભારતીય કુસ્તીબાજને નિર્ધારિત શ્રેણીમાં વધુ વજનના કારણે પેરિસ ઓલિમ્પિકમાંથી બહાર થવું પડ્યું છે.તેને વજન જાળવી ન રાખવા બદલ ગેરલાયક ઠેરવવામાં આવી છે. તેનું વજન ૫૦ કિલો કરતાં માત્ર ૧૦૦ ગ્રામ વધુ હોવાનું ધ્યાને આવ્યુ હતુ. દેશમાં નિરાશા સાથે લોકોએ ચેમ્પિયનને શુભેચ્છા આપી તેનો જુસ્સો વધાર્યો હતો.તો બીજી તરફ તેને લઈને રાજકીય આક્ષેપ-પ્રતિઆક્ષેપો થયા હતા**

પેરિસ, તા.૭

ભારતીય રેસલર વિનેશ ફોગાટને ફાઈનલ મેચ રમવા અયોગ્ય જાહેર કરવામાં આવતા સમગ્ર દેશ નિરાશ થઈ ગયો હતો પેરિસ ઓલિમ્પિક્સનુ ભારત આ સૌથી મોટ અપસેટ હતુ ૫૦ કિલો કેટેગરીમાં રમતી વિનેશ ફોગાટનુ વજન નક્કી મર્યાદા કરતા ફક્ત ૧૦૦ ગ્રામ વધુ હોવાથી આ નિર્ણય લેવાયો હતો.આ ઘટના પછી ભારતે પણ જોરદાર વિરોધ દર્શાવ્યો હતો. વિનેશ ફોગાટના ઓલિમ્પિક્સમાંથી બહાર થવાના સમાચારથી કરોડો ભારતીયો નિરાશ થયા હતા. આ દરમિયાન સરકારથી લઈને વિપક્ષ સુધીના તમામ નેતાઓએ આ અંગે પ્રતિક્રિયા આપી તેનો જુસ્સો વધાર્યો હતો સાથે રાજકીય નિવેદનબાજી પણ કરી હતી. બુધવારે રાત્રે વિનેશની ગોલ્ડ મેડલ માટે અમેરિકન રેસલર સારાહ એન હિલ્ડરબ્રાન્ડ સામે ફાઈનલ મેચ થવાની હતી.ભારતીય ઓલિમ્પિક ટીમના ડોક્ટર દિનશા પૌડીવાલાએ એક નિવેદન જારી કરીને કહ્યું કે વિનેશ અને તેના કોચને મંગળવારે રાત્રે જ તેના વધારાના વજન વિશે જાણ થઈ. આ પછી, વિનેશ આખી રાત ઊંઘી ન હતી અને તેનું વજન નિર્ધારિત કેટેગરીમાં લાવવા માટે જોગિંગ, સ્કિપિંગ અને સાયકલ ચલાવવા જેવી કસરતો કરતી રહી.વિનેશે તેના વાળ અને નખ પણ કાપી નાખ્યા હતા. આમ છતાં તેનું વજન ઘટ્યું ન હતું. રમતગમત મંત્રીએ કહ્યું- ક્રોચ હંમેશા તેમની સાથે રહે છે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ટ્વિટ કરીને કહ્યું કે,'વિનેશ, તમે ચેમ્પિયનના ચેમ્પિયન છો! તમે ભારતનું ગૌરવ છો અને દરેક ભારતીય માટે પ્રેરણા છો. આજની હાર દુઃખ આપે છે. હું જે નિરાશાનો અનુભવ કરી રહ્યો છું તેને હું શબ્દોમાં વર્ણવી શકતો નથી. પડકારોનો સામનો કરવો એ તમારો સ્વભાવ રહ્યો છે. તમે મજબૂત રીતે પાછા ફરશો. અમે બધા તમારા માટે પ્રાર્થના કરીએ છીએ.'બીજી તરફ રાહુલ ગાંધીએ પ્રતિક્રિયા આપતા જણાવ્યુ હતુ કે કોંગ્રેસ નેતાએ સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને લખ્યું છે કે, 'વિશ્વ વિજેતા રેસલરને હરાવીને ફાઈનલમાં પહોંચનાર વિનેશ ફોગાટને ટેક્નિકલ આધારે અયોગ્ય જાહેર કરવામાં આવી તે દુર્ભાગ્યપૂર્ણ છે. અમને પૂરી આશા છે કે ભારતીય ઓલિમ્પિક સંઘ આ નિર્ણયને મજબૂતીથી પડકારશે અને દેશની દીકરીને ન્યાય અપાવશે. વિનેશ હિંમત હારનાર માંથી નથી. અમને પૂરો વિશ્વાસ છેકે તે મજબૂત રીતે ફરી અખાડામાં પરત ફરશે. વિનેશ તમે હંમેશા દેશને ગૌરવ અપાવ્યું છે. ત્યારે આજે આખો દેશ તમારી તાકાત બનીને તમારી સાથે ઉભો છે. કોંગ્રેસ નેતા શશી થરૂરએ કહ્યું હતું કે મારા માટે દુઃખની વાત એ છે કે તેના તમામ પ્રયત્નોને જે લાયક હતો તે પુરસ્કાર મળ્યો નથી. આપના સાંસદ સંજય સિંહે કહ્યું હતું કે, દુનિયા ભારતની સફળતાને સહન કરી શકતી નથી. અચાનક ૧૦૦ ગ્રામ વધારે વજન હોવાની વાત ક્યાંથી આવી ગઈ? અખિલેશ યાદવ'વિનેશ ફોગાટને ફાઈનલમાં ન રમી શકવા માટે જે ટેકનિકલ કારણોની ચર્ચા કરવામાં આવી રહી છે તેની ઊંડાણ પૂર્વક તપાસ થવી જોઈએ, અને ખાતરી કરવી જોઈએ કે સત્ય શું છે અને તેની પાછળનું સાચું કારણ શું છે.'મુખ્યમંત્રી નાયબ સૈનીએ કહ્યું- હરિયાણા તમારી સાથે છે વિનેશ ફોગાટને પેરિસ ઓલિમ્પિક્સમાંથી અયોગ્ય ઠેરવવા અંગે બોક્સર વિજેન્દ્ર સિંહે કહ્યું, 'આ ભારત અને અમારા કુસ્તીબાજો સામે મોટું ષડયંત્ર છે. આપણે બહુ ઓછા સમયમાં ઘણું વજન ઘટાડી શકીએ છીએ. તેણીએ (વિનેશ) માત્ર ૧૦૦ ગ્રામ વજન ઘટાડવા માટે થોડો સમય આપવો જોઈતો હતો. અમે આ પહેલા ક્યારેય કોઈ એથ્લેટ સાથે આવું થતું જોયું નથી.સ્પોર્ટ્સ એક્સપર્ટ બૌરિયા મજુમદારના જણાવ્યા અનુસાર, આ નિર્ણય બાદ વિનેશ ફોગટની તબિયત બગડી છે. તે બેભાન થઈ ગઈ. જે બાદ વિનેશને ક્લિનિકમાં દાખલ કરવામાં આવી હતી જો કે હાલ તે સ્વસ્થ છે. રાકેશ ટિકૈતે કહ્યું- ષડયંત્રના અખાડા માં હારી.કેન્દ્રીય મંત્રી અમિત શાહે કહ્યું-વિનેશ ફરીથી જીત હાંસલ કરશે. વિનેશને ઓલિમ્પિક્સમાંથી ગેરલાયક ઠરાવવા પર સસરા રાજપાલ રાઠીએ કહ્યું કે અમને આ માહિતી મળતાં જ અમારું દિલ તૂટી ગયું. આંખમાં આંસુ આવવા લાગ્યા. મને એટલું દુઃખ થાય છે કે હું તેને કોઈની સમક્ષ વ્યક્ત કરી શકતો નથી. વિનેશ સાથે રાજનીતિ કરવામાં આવી રહી છે. કેટલાંક લોકો શરૂઆતથી જ તેની પાછળ પડેલાં છે કે તેને કેવી રીતે હરાવી શકાય.




### ૮ વર્ષ પહેલા પણ ઓવરવેઈટનો શિકાર બની હતી

પેરિસ ઓલિમ્પિક ૨૦૨૪માં ભારતને મોટો ઝટકો લાગ્યો છે. રેસલર વિનેશ ફોગાટ વિવિધ કારણોસર ફાઈનલમાંથી બહાર થઈ ગઈ છે. પરંતુ આ પ્રથમ વખત નથી. આ પહેલા પણ વિનેશ ફોગાટ સાથે આવું બન્યું છે.વિનેશ ફોગાટ ત્રીજી વખત ઓલિમ્પિકમાં ભાગ લઈ રહી હતી. પ્રથમ બે પ્રસંગોએ, તેણી ક્વાર્ટર ફાઈનલમાં જ હાર્યા બાદ બહાર થઈ ગઈ હતી. પરંતુ આ વખતે તેણે ફાઈનલમાં જગ્યા બનાવીને ઈતિહાસ રચ્યો હતો ૨૦૧૬ માં, ઉલાનબાતાર, મોંગોલિયામાં વર્લ્ડ ઓલિમ્પિક ક્વોલિફાઈંગ ઈવેન્ટ દરમિયાન, વિનેશ ફોગાટ તેના વજનની શ્રેણી કરતાં ૪૦૦ ગ્રામ વધુ વજન ધરાવતી હોવાનું જાણવા મળ્યું હતું. આ પછી તેને અયોગ્ય જાહેર કરવામાં આવી હતી.

### વિનેશ ફોગાટની તબિયત બગડી

પેરિસ ઓલિમ્પિકમાં વિનેશ ફોગાટ માટે મુશ્કેલીઓ ઓછી દેખાઈ રહી નથી. વધેલા વજનના કારણે અયોગ્ય જાહેર થયા બાદ હવે સમાચાર આવી રહ્યા છે કે તેમને પોલી ક્લિનિકમાં દાખલ કરવામાં આવ્યા છે. ડીહાઈડ્રેશનના કારણે વિનેશને ક્લિનિકમાં લઈ જવામાં આવી છે. વિનેશને ક્લિનિકમાં દાખલ કર્યાના સમાચાર પછી, પીટી ઉષા અને ભારતીય અધિકારીઓની ટીમ તેને મળવા ત્યાં પહોંચી રહી છે. વાસ્તવમાં, એવા અહેવાલો હતા કે વિનેશ તેનું વજન ઘટાડવા માટે રાત્રે સૂતી ન હતી. અને, તેણે પીવાનું પાણી પણ ઘટાડી દીધું હતું.

## વકફ બિલ લોકસભામાં રજૂ થશે

મોદી સરકારે લોકસભાની બિઝનેસ એડવાઈઝરી કમિટીને માહિતી આપી છે કે તે વકફ બિલને ગૃહમાં રજૂ કરવા જઈ રહી છે. મળતી માહિતી મુજબ, કેન્દ્ર સરકારે સલાહકાર સમિતિને કહ્યું છે કે વકફ બિલ ગુરુવારે ગૃહમાં રજૂ કરવામાં આવશે. તમને જણાવી દઈએ કે વિપક્ષી દળોની માંગ છે કે આ વકફ બિલને સ્ટેન્ડિંગ કમિટી માં મોકલવામાં આવે. મળતી માહિતી મુજબ, સરકાર દ્વારા લાવવામાં આવેલા બિલ હેઠળ વક્ફ બોર્ડ એક્ટમાં ૪૦થી વધુ સુધારાઓ થઈ શકે છે. કેન્દ્ર સરકાર વક્ફ બોર્ડને સંચાલિત કરતા ૧૯૯૫ના કાયદામાં સુધારો કરવા માટે આ બિલ લાવી રહી છે. સરકારે આ પગલું મુસ્લિમ સમુદાયમાંથી ઉઠતી માંગની પૃષ્ઠભૂમિમાં ઉઠાવ્યું છે. આ બિલ વક્ફ બોર્ડ માટે તેની મિલકતોનું વાસ્તવિક મૂલ્યાંકન સુનિશ્ચિત કરવા માટે જિલ્લા મેજિસ્ટ્રેટ પાસે નોંધણી કરાવવી ફરજિયાત બનાવશે. સુપ્રીમ કોર્ટના વકીલ કનિકા ભારદ્વાજ પાસેથી આ સમગ્ર મામલાને સમજવાનો પ્રયાસ કર્યો. કનિકા ભારદ્વાજે કહ્યું કે આ બિલ સાથે વક્ફ બોર્ડના નામે જમીનનો દુરુપયોગ કે અન્ય ગેરરીતિઓનો અંત આવશે. કનિકાએ જણાવ્યું કે કુલ ૪૦ ફેરફાર કરવામાં આવી રહ્યા છે. વક્ફ બોર્ડ કેટલી મિલકતો ધરાવે છે? વક્ફ બોર્ડ તેની મિલકતોમાંથી દર વર્ષે લગભગ રૂ. ૨૦૦ કરોડની કમાણી કરે છે. નવા ફેરફારનો હેતુ એ છે કે વક્ફ બોર્ડ પાસે ગેરકાયદેસર રીતે કોઈ મિલકત ન જાય. ૨૦૦૯: ૫૨ હજારથી વધુ મિલકતો, ૨૦૧૩: ૪ લાખથી વધુ મિલકતો, ૨૦૨૪: ૮ લાખથી વધુ મિલકતો.

## નેપાળમાં હેલિકોપ્ટર ક્રેશ : પાંચના મૃત્યુ

નેપાળમાં કાઠમંડુના ઉત્તર પશ્ચિમમાં એક પહાડી વિસ્તારમાં એક હેલિકોપ્ટર ક્રેશ થયું હતું. આ સમયગાળા દરમિયાન ઓછામાં ઓછા પાંચ લોકોના મોત થયા હતા. ન્યૂઝ એજન્સી પીટીઆઈએ મીડિયા અહેવાલોને ટાંકીને જણાવ્યું હતું કે પોલીસે નુવાકોટની શિવપુરી ગ્રામીણ નગર પાલિકાના વોર્ડ નંબર સાતમાં અકસ્માત સ્થળ પરથી પાંચ મૃતદેહો મેળવ્યા છે. જીવ ગુમાવનારાઓમાં ચાર ચીની પ્રવાસીઓ પણ સામેલ છે. ૨૪ જુલાઈના રોજ ત્રિભુવન ઈન્ટરનેશનલ એરપોર્ટ પર સૌરી એરલાઈન્સનું પ્લેન ક્રેશ થયાના થોડા જ અઠવાડિયા બાદ આ અકસ્માત થયો હતો. આ દુર્ઘટનામાં પ્લેનમાં સવાર ૧૮ લોકોના મોત થયા હતા, જેમાંથી માત્ર કેપ્ટન જ બચી ગયો હતો. દુર્ઘટના સમયે, 'એર ડાયનેસ્ટી હેલિકોપ્ટર, ૯ન્ન-છ્ઢઢ' કાઠમંડુથી રાસુવા જઈ રહ્યું હતું. હેલિકોપ્ટરે કાઠમંડુથી બપોરે ૧:૫૪ વાગ્યે ઉડાન ભરી હતી પરંતુ ટેકઓફની ત્રણ મિનિટ પછી સંપર્ક તૂટી ગયો હતો. એક પોલીસ અધિકારીના હવાલાથી કહેવામાં આવ્યું છે કે અકસ્માત સ્થળ પરથી બે પુરૂષો, એક મહિલા અને પાયલટના મૃતદેહ મળી આવ્યા છે. એક મૃતદેહ ખરાબ રીતે દાઝી ગયો હોવાને કારણે હજુ સુધી તેની ઓળખ થઈ શકી નથી.

## શેરબજાર જોરદાર ઉછાળા સાથે બંધ

ભારતીય શેરબજાર બુધવારે ભારે ઉછાળા સાથે બંધ થયું. બોમ્બે સ્ટોક એક્સચેન્જ ઈન્ડેક્સ સેન્સેક્સ આજે ૧.૧૧ ટકા અથવા ૮૭૪.૯૪ પોઈન્ટના વધારા સાથે ૭૯,૪૬૮ પર બંધ રહ્યો હતો. બજાર બંધ સમયે સેન્સેક્સના ૩૦ શેરોમાંથી ૫ શેર લાલ નિશાન પર અને ૨૫ શેર લીલા નિશાન પર હતા. તે જ સમયે, નેશનલ સ્ટોક એક્સચેન્જ ઈન્ડેક્સ નિફ્ટી આજે ૧.૨૭ ટકા અથવા ૩૦૪ પોઈન્ટના વધારા સાથે ૨૪,૨૯૭ પર બંધ થયો હતો. બજાર બંધ સમયે, નિફ્ટી પેકના ૫૦ શેરોમાંથી, ૪૪ શેર લીલા નિશાન પર અને ૬ શેર લાલ નિશાન પર હતા. નિફ્ટી પેકના શેરની વાત કરીએ તો બુધવારે સૌથી વધુ વધારો ઓએનજીસીમાં ૭.૪૫ ટકા, કોલ ઈન્ડિયામાં ૬.૨૪ ટકા, અદાણી એન્ટરપ્રાઈઝમાં ૩.૭૦ ટકા, અદાણી પોર્ટ્સમાં ૩.૩૫ ટકા અને પાવર ગ્રીડમાં ૩.૨૦ ટકાનો વધારો નોંધાયો હતો. તે જ સમયે, સૌથી મોટો ઘટાડો ઈન્ડસઈન્ડ બેંકમાં ૨.૪૫ ટકા, ટેક મહિન્દ્રામાં ૦.૬૩ ટકા, બ્રિટાનિયામાં ૦.૩૨ ટકા, એચયુએલમાં ૦.૨૬ ટકા અને ટાઈટનમાં ૦.૧૫ ટકાનો ઘટાડો નોંધાયો હતો. ક્ષેત્રીય સૂચકાંકોની વાત કરીએ તો આજે બધા લીલા નિશાન પર બંધ થયા છે. સૌથી વધુ વધારો નિફ્ટી ઓઈલ એન્ડ ગેસમાં ૩.૦૬ ટકા નોંધાયો હતો. આ ઉપરાંત નિફ્ટી મિડસ્મોલ હેલ્થકેર ૧.૯૪ ટકા, નિફ્ટી કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ ૧.૪૧ ટકા, નિફ્ટી હેલ્થકેર ૨.૦૧ ટકા, નિફ્ટી રિયલ્ટી ૧.૮૩ ટકા, નિફ્ટી પ્રાઈવેટ બેંક ૦.૪૮ ટકા, નિફ્ટી પીએસયુ બેંક ૧.૪૬ ટકા, ફાર્મા ૧.૪૬ ટકા. નિફ્ટી મેટલ ૨.૬૯ ટકા, નિફ્ટી મીડિયા ૨.૫૮ ટકા, નિફ્ટી આઈટી ૧.૪૮ ટકા, નિફ્ટી એફએમસીજી ૧.૧૭ ટકા, નિફ્ટી ફાઈનાન્શિયલ સર્વિસિસ ૧.૨૬ ટકા, નિફ્ટી ઓટો ૧.૭૦ ટકા અને નિફ્ટી બેંક ૦.૭૫ ટકા ઘટ્યા છે.

## ટીમ ઈન્ડીયા ઓવર કોન્ફીન્ડસમાં સિરીઝ હારી

**એક તરફવિનેશ ફોગાટના અથાગ પ્રયત્નો છંતા તે ઓવરવેઈટના કારણે હારી હતી બીજી તરફ શ્રીલંકા ૨૭ વર્ષ પછી ભારત સામે વન-ડે સિરીઝ જીત્યું વિશ્વ વિજેતા ઈન્ડિયાની ઓવર કોન્ફીડન્સમાં ૧૧૦ રનથી શરમજનક હાર થઈ હતી.**

કોલંબો,તા.૭

૨૭ વર્ષ બાદ ભારતને વનડે શ્રેણીમાં હાર મળી છે. શ્રીલંકન ટીમે કોલંબોની ત્રીજી વનડે ૧૧૦ રને જીતી હતી. બુધવારે શ્રીલંકાએ ટોસ જીતીને બેટિંગ કરવાનું ૫ સંદ કર્યું અને ૭ વિકેટ ગુમાવીને ૨૪૮ રન બનાવ્યા. ભારત ૨૬.૧ ઓવરમાં ૧૩૮ રનમાં સમેટાઈ ગયું હતું.શ્રીલંકા તરફથી અવિષ્કા ફર્નાન્ડોએ ૯૬, કુસલ મેન્ડિસે ૫૯ અને પથુમ નિસાંકાએ ૪૫ રન બનાવ્યા હતા. ભારત તરફથી ડેબ્યૂ કરી રહેલા રિયાન પરાગે ૩ વિકેટ ઝડપી હતી.બેટિંગમાં રોહિત શર્માએ ૩૫ રન, વોશિંગ્ટન સુંદરે ૩૦ રન, વિરાટ કોહલીએ ૨૦ રન અને રિયાન પરાગે ૧૫ રન બનાવ્યા હતા. શ્રીલંકા તરફથી દુનિથ વેલ્લાગેએ ૫ વિકેટ ઝડપી હતી. જેફરી વાંડરસે અને મહિષ થિક્સાનાને ૨-૨ વિકેટ મળી હતી.વોશિંગ્ટન સુંદર ૩૦ રન બનાવ્યા હતા તો શ્રીલંકા તરફથી શ્રીલંકાના ખેલાડીઓએ પ્રથમ અને બીજી વિકેટ માટે અડધી સદીની ભાગીદારી




કરી હતી.પથુમ નિસાંકા અને અવિષ્કા ફર્નાન્ડોએ મળીને પ્રથમ વિકેટ માટે ૮૯ રન જોડ્યા હતા. આ સાથે શ્રીલંકા એ સિરીઝ ૨-૦થી જીતી લીધી હતી. છેલ્લે ૧૯૯૭માં ભારતને વનડે શ્રેણીમાં હરાવ્યું હતું. ત્યારે ટીમે ૪ વનડે શ્રેણી ૩-૦થી જીતી હતી. આ પછી બંનેએ ૨થી વધુ મેચની ૧૧ વનડે સિરીઝ રમી, જે તમામમાં ભારતે જીત મેળવી.શ્રીલંકાએ હવે ૩ વનડે શ્રેણી ૨-૦થી જીતી લીધી છે. પ્રથમ વનડે ટાઈ રહી હતી, બાકીની ૨માં હોમ ટીમે જીત મેળવી હતી. આ મેચમાં શ્રીલંકન ટીમે ૭ વિકેટ ગુમાવીને ૨૪૮ રન કર્યા હતા. શ્રીલંકન ટીમ તરફથી અવિષ્કા ફર્નાન્ડોએ સૌથી વધુ ૯૬ રનની ઈનિંગ રમી હતી. તેમના સિવાય કુસલ મેન્ડિસે ૫૯ અને પથુમ નીસંકાએ ૪૫ રન બનાવ્યા હતા. એક સમયે શ્રીલંકા એ ૩૫ ઓવરમાં ૧ વિકેટ ગુમાવીને ૧૬૫ રન બનાવ્યા હતા. ત્યારબાદ એવું લાગતું હતું કે શ્રીલંકા મોટો સ્કોર બનાવી લેશે જો કે સીમીત સ્કોર સુધી રહ્યા બાદ ચુસ્ત બોલીંગ સામે ભારતીય બેટધરો લાચર દેખાયા હતા. અને મેચ સિરીઝ

## ઓલિમ્પિકના બહિષ્કાર સુધી... નેતાઓએ આપી તીખી પ્રતિક્રિયા

પેરિસ, તા.૭

પેરિસ ઓલિમ્પિકમાં ભારતીય રેસલર વિનેશ ફોગાટને ફાઈનલ મેચ રમવા માટે અયોગ્ય જાહેર કરવામાં આવી છે. ૫૦ કિલો કેટેગરીમાં રમતી વિનેશ ફોગાટનું વજન નક્કી મર્યાદા કરતા ફક્ત ૧૦૦ ગ્રામ વધુ હોવાથી આ નિર્ણય લેવાયો હતો ત્યારે ભારતના રાજકીય નેતાઓ,તેના પરિવાર અને ખેલજગતથી લઈ અનેક હસ્તીઓએ આ અંગે પ્રતિક્રિયા આપી હતી. સંજય સિંહે કહ્યું કે, આ વિનેશનું નહીં પણ દેશનું અપમાન છે. વિનેશ ફોગાટ સમગ્ર વિશ્વમાં ઈતિહાસ રચવા જઈ રહી હતી પરંતુ ૧૦૦ ગ્રામ ઓવરવેટ બતાવીને તેને અયોગ્ય જાહેર કરવી એ ઘોર અન્યાય છે. આખો દેશ વિનેશની સાથે ઊભો છે. સંજય સિંહે અપીલ કરી કે, ભારત સરકાર તાત્કાલિક આ મામલે હસ્તક્ષેપ કરે અને જો વાત માનવામાં ન આવે તો ઓલિમ્પિકનો બહિષ્કાર કરો. તો બીજી તરફ આઝાદ સમાજ પાર્ટીના અધ્યક્ષ અને ઉત્તર પ્રદેશની નગીના




લોકસભા બેઠકના સાંસદ ચંદ્રશેખર આઝાદે સવાલો ઉઠાવ્યા હતા આઝાદ લોકસભામાં રમત- ગમત મંત્રીના આ નિવેદન પર ગુસ્સે થઈ ગયા હતા અને તેમણે કહ્યું હતું કે, અમે વિનેશ ફોગાટ પર ૭૦ લાખ ૪૫ હજાર રૂપિયા ખર્ચ્યા છે. રમત- ગમત મંત્રીના આ નિવેદન પર ચંદ્રશેખર આઝાદે ગૃહમાં કહ્યું કે શું તમે દાન આપ્યું, શું તમે કોઈ ઉપકાર કર્યો? તમારી બેદરકારીના કારણે અમારે પરિણામ ભોગવવું પડ્યું. વિનેશ ફોગાટને પેરિસ ઓલિમ્પિક માં અયોગ્ય જાહેર કરવામાં આવતા ઈન્ડિયન ઓલિમ્પિક એસોસિયેશન ની પ્રતિક્રિયા પણ સામે આવી હતી આ મામલે ઈન્ડિયન ઓલિમ્પિક એસોસિયેશને વિનેશ ફોગાટને ગોલ્ડ મેડલ મેચમાં અયોગ્ય જાહેર કરવા બદલ ઈન્ટર નેશનલ ઓલિમ્પિક કમિટી (IOC) સમક્ષ ફરિયાદ નોંધાવી હોવાનુ કહ્યુ હતુ આ તરફ વડાપ્રધાને વડાપ્રધાન મોદીએ ઓલિમ્પિક એસોસિયેશનના પ્રેસિડેન્ટ પી. ટી. ઉષાને ફોન કરીને ભારત તરફથી મજબૂત વિરોધ દર્શાવવા વિનંતી કરી હતી.દેશના અનેક દિગ્ગજોએ રમ્યા વગર ખેલાડીની થયેલી હારની ટીકા કરી હતી. અને ક્યાર સરકાર સામે પણ આક્ષેપો કર્યા હતા.

## ઈસરો હવે ૧૫મી ઓગસ્ટે અર્થ ઓબ્ઝર્વેશન સેટેલાઈટ લોન્ચ કરશે

બેંગ્લુરૂ,તા.૭

ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન(ઈસરો) ૧૫મી ઓગષ્ટે અર્થ ઓબ્ઝર્વેશન સેટેલાઈટ-૮ લોન્ચ કરશે, તેમ સૂત્રો એ જણાવ્યું છે. અર્થ ઓબ્ઝર્વેશન સેટેલાઈટ-૮(ઈઓએસ)નેસ્મોલસેટેલાઈટ લોન્ચ વ્હીકલ (એસએસ એલવી)-૩ડી દ્વારા લોન્ચ કરવામાં આવશે. ઈસરોના સૂત્રોના કહેવા મુજબ ઈઓએસ-૮ને ૧૫મી ઓગષ્ટ(સ્વતંત્રતા દિવસ)ના રોજ આંધ્રપ્રદેશના શ્રીહરિકોટા થી લોન્ચ કરવામાં આવે તેવી શક્યતા છે. ઈન્ડિય સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ઈસરો) એ કહ્યું કે, ઈઓએસ-૮ સેટેલાઈટ મેનફ્રેમ સિસ્ટમ જેવી કે ઈન્ટીગ્રેટેડ એવિયોનિક્સ સિસ્ટમ, જેને સંચાર, બેઝબેન્ડ, સ્ટોરેજ અને પોજિશનિંગ (સીબીએસપી) પેકેજ તરીકે ઓળખવામાં આવે છે, જે એક મહત્વપૂર્ણ પ્રગતિ દર્શાવે છે, જે કેટલાય કાર્યોને એક સિંગલ, એફિશિયન્ટ યુનિટમાં જોડે છે. ઈસરોએ



વધુમાં કહ્યું કે, ઈઓએસ-૮ મિશનના પ્રાથમિક ઉદ્દેશ્યોમાં - એક માઈક્રો સેટે લાઈટને ડિઝાઈન કરવો અને વિકસિત કરવો, માઈક્રો સેટેલાઈટ બેઝની સાથે સુસંગત પેલોડ ઉપકરણ બનાવવા અને ભવિષ્યના પરિચાલન ઉપગ્રહો માટે આવશ્યક નવી ટેકનોલોજીને સામેલ કરવાની બાબત સામેલ છે. માઈક્રો સેટ-આઈએમએસ-૧ બસ પર બનાવેલા, ઈઓએસ-૮ ત્રણ પેલોડને લઈને જાય છે - ઈલેક્ટ્રો ઓપ્ટિકલ ઈન્ફ્રારેડ પેલોડ, ગ્લોબલ નેવિગેશન સેટેલાઈટ સિસ્ટમ-રિફ્લેક્ટોમેટ્રી પેલોડ અને સીક યુવી ડોમિસીટર. આમ, ઈસરોએ વધુ એક સિદ્ધિ હાંસલ કરી છે.

## બાંગ્લાદેશમાં હિંસાથી ૪૪૦ મોત, તણાવપુર્ણ સ્થિતી વચ્ચે ૧૯૦ ભારતીય પરત

**બાંગ્લાદેશના શેખ હસીનાની સરકારને હટાવવા થયેલા હિંસક આંદોલન ૨૪ લોકોને જીવતા સળગાવી દેવામાં આવ્યા છે. બુધવારે એર ઈન્ડિયાની એક ફ્લાઈટ ઢાકાથી ૧૯૯ મુસાફરો અને ૬ નવજાતને લઈને દિલ્હી એરપોર્ટ પહોંચી છે.આ તરફ નોબલ પારિતોષિક વિજેતા અને અર્થશાસ્ત્રી મોહમ્મદ યુનુસ વચગાળાની સરકારની જવાબદારી સંભાળવાના છે. બાંગ્લાદેશના સેના પ્રમુખ વકાર ઈજ જમાંએ પણ વચગાળાની સરકારની જાહેરાત પણ કરી હતી.**

નવીદિલ્હી,તા.૭

શેખ હસીનાએ વડાપ્રધાન પદ પરથી રાજીનામું આપીને દેશ છોડીને ભાગી ગયા બાદ, બાંગ્લાદેશમાં કાયદો અને વ્યવસ્થા સંપૂર્ણપણે પડી ભાંગી છે. પોલીસ ના તો પોલીસ સ્ટેશનોમાં દેખાઈ રહી છે કે ના તો ટ્રાફિક મેનેજમેન્ટ કરવામાં. સમગ્ર બાંગ્લાદેશમાં પોલીસ સ્ટેશનો અને પોલીસ કેન્દ્રો પર હુમલા થયા છે. બધે ટોળે જ ટોળા દેખાય છે.ડઝનેક પોલીસકર્મીઓ માર્યા ગયા હોવાના અહેવાલ છે. જેના કારણે દેશમાં અરાજકતાભરી સ્થિતિ સર્જાઈ છે. બધે ટોળાશાહી જ જોવા મળી રહ્યું છે. હિંસા પર ઉતરી આવેલ ટોળા બાંગ્લાદેશની લઘુમતી એવા હિન્દુઓને પણ વ્યાપક નિશાન બનાવી રહ્યા છે.ટોળા દ્વારા માત્ર પોલીસ જ નહીં પરંતુ અવામી લીગના નેતાઓ અને ઓફિસોને પણ નિશાન બનાવવામાં આવી છે. તો બીજીબાજુ હિન્દુ સહીતની લઘુમતી અને ધાર્મિક સ્થળોને પણ નિશાન બનાવ્યા છે. ફેનીમાં પૂર્વ સાંસદ નિઝામ ઉદ્દીન હજારી અને અલાઉદ્દીન અહેમદ ચૌધરી નસીમના ઘરમાં આગ લગાવી દઈને લૂંટફાટ મચાવી હતી.

મીડિયા અહેવાલો અનુસાર, અત્યાર સુધી અવામી લીગના નેતાઓ અને તેમના પરિવારના સભ્યોના ૨૯ મૃતદેહ મળી આવ્યા છે. તો અનેક હિન્દુઓને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા હોવાના પણ અહેવાલ સામે આવ્યા છે. શેખ હસીના વિરુદ્ધનું આ આંદોલન હવે બિન મુસ્લિમોને ટાર્ગેટ કરવા માટે થયું હોય તેવી લાગી રહ્યું છે. આંદોલનકર્તા આયોજકો અને જમાતના નેતાઓની અપીલ છતાં, ભીડ બેકાબૂ છે અને ઘણી જગ્યાએ પોલીસ સ્ટેશનોને સળગાવી રહી છે. ઘણા ઉચ્ચ પોલીસ અધિકારીઓ પોતાનો જીવ બચાવવા લપાઈ ગયા છે અને પોલીસ સ્ટેશનો ખાલી પડ્યા છે. પોલીસકર્મીઓ પોતે પણ તેમની સુરક્ષાની ખાતરી માંગી રહ્યા છે. જેથી તેઓ તેમની ફરજ પર પાછા આવી શકે. બાંગ્લાદેશ પોલીસ સર્વિસ એસોસિએશન, નોન-કેડર અધિકારીઓ અને સભ્યોનું પ્રતિનિધિત્વ કરે છે, તેઓએ એક અખબારી યાદીમાં તેમની ફરિયાદો અને કામ બંધ કરવાની જાહેરાત કરી છે.

શેખ હસીનાની સરકારના પતન પછી દેશભરમાં પોલીસ સ્ટેશનો પર હુમલા શરૂ થયા છે. હવે, દરેક સ્તરે પોલીસકર્મીઓ તેમની સુરક્ષાને લઈને ચિંતિત છે. ઘણા પોલીસ અધિકારીઓ તેમના પરિવાર સાથે સંબંધીઓના ઘરે ગયા છે, કેટલાક તો તેમના રહેણાંક વિસ્તારોમાંથી ભાગી ગયા છે. મોટભાગના પોલીસ અધિકારીઓ તેમના જીવ જોખમમાં હોવાને કારણે છુપાઈ ગયા છે.સમગ્ર દેશમાં પોલીસની જાનહાનિ અને નુકસાનનું હજુ આકલન કરી શકાયું નથી. બાંગ્લાદેશ પોલીસ સર્વિસ એસોસિએશનના જણાવ્યા અનુસાર, દેશભરમાં લગભગ ૪૫૦ પોલીસ સ્ટેશનો પર હુમલા થયા છે. સમગ્ર દેશમાં પોલીસ સ્ટેશનોની કુલ સંખ્યા અંદાજે ૬૫૦ છે.અધિક પોલીસ મહાનિરીક્ષક એ કે એમ શાહિદુર રહેમાને રાજારબાગ પોલીસ લાઈન્સમાં મીડિયા કોન્ફરન્સમાં જણાવ્યું હતું. "સરકારના પતન પછી કાયદો અને વ્યવસ્થા કથળી ગઈ છે, પોલીસ કર્મચારીઓના મૃતદેહોને પુનઃપ્રાપ્ત કરવાના પ્રયાસો હજુ પણ ચાલુ છે. તેથી હજુ સુધી જાનહાનિનો ચોક્કસ આંકડો જાણી શકાયો નથી. અધિક પોલીસ મહાનિરીક્ષક એ કે એમ શાહિદુર રહેમાન, જેમને પ્રવર્તમાન પરિસ્થિતિનો સામનો કરવા મંગળવારે બાંગ્લાદેશ પોલીસના વડા તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. તેમણે પોલીસ દળને ધીમે ધીમે તેનું કામ ફરી શરૂ કરવા અને કાયદો અને વ્યવસ્થા જાળવવા હાકલ કરી છે. શાહિદુર રહેમાને કહ્યું, "પોલીસ લોકોનો મિત્ર છે અને જનતા માટે કામ કરે છે. પોલીસ વગરના સમાજની આપણે કલ્પના કરી શકતા નથી. તેથી, હું ફરી એકવાર અમારા પોલીસ સભ્યોને અફવાઓને અવગણવા અને ધીમે ધીમે તેમની ફરજ પર પાછા ફરવાની અપીલ કરું છું.રોમમાં યુએન એજન્સીના એસોસિયેટ વાઈસ પ્રેસિડેન્ટ જ્યોત્સના પુરીએ નવી દિલ્હીમાં એક ન્યૂઝ એજન્સીને આપેલા ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે એ જાણવું મહત્વપૂર્ણ છે કે ખેતી આવકનો ખૂબ જ મહત્વપૂર્ણ પ્રદાતા બની શકે છે.

## દેશમાં બંધારણ સર્વોચ્ચ. ન હાઈકોર્ટ કે ન સુપ્રીમ કોર્ટ : મુખ્ય ન્યાયમૂર્તિ

નવીદિલ્હી,તા.૭

સુપ્રીમ કોર્ટની પાંચ જજોની બંધારણીય બેન્ચે આજે પંજાબ અને હરિયાણા હાઈકોર્ટના ન્યાયાધીશની સર્વોચ્ચ અદાલત સામેની ટીકાની સુનાવણી કરી. સુનાવણી દરમિયાન, બંધારણીય બેન્ચે હાઈકોર્ટની સિંગલ જજની બેન્ચ દ્વારા કરવામાં આવેલા અવલોકનોને હટાવી દીધા હતા અને કહ્યું હતું કે તે 'નિંદાપાત્ર અને અયોગ્ય' છે. બેન્ચે એમ પણ કહ્યું કે દેશમાં બંધારણ સર્વોચ્ચ છે. ન તો હાઈકોર્ટ કે ન તો સુપ્રીમ કોર્ટ. સુનાવણી દરમિયાન, કેસની સુઓ મોટુ સંજ્ઞાન લેનારી ખંડપીઠે કહ્યું કે તે હાઈકોર્ટના જજની ટિપ્પણીઓથી દુઃખી છે. ખંડપીઠે કહ્યું કે સર્વોચ્ચ અદાલતના આદેશમાં ઘણી બાબતો અંગે બિનજરૂરી ટિપ્પણીઓ કરવામાં આવી છે. જો કે,સીજેઆઇ ડીવાય ચંદ્રચુડની આગેવાની હેઠળની પાંચ જજોની બેન્ચે આ ટિપ્પણીઓ માટે પંજાબ અને હરિયાણા હાઈકોર્ટના ન્યાયાધીશ રાજબીર સેહરાવત સામે કાર્યવાહી શરૂ કરવાનો ઈનકાર કર્યો હતો. ન્યાયિક શિસ્તનો ઉલ્લેખ કરતાં, બેન્ચે કહ્યું કે ભવિષ્યમાં તે અપેક્ષા રાખે છે કે હાઈકોર્ટ કેસો સાથે વ્યવહાર કરતી વખતે વધુ સાવચેત રહેશે. હાઈકોર્ટના ન્યાયાધીશ જસ્ટિસ રાજવીર સેહરાવતે સુપ્રીમ કોર્ટના એ મતને ફગાવી દીધો હતો કે તે હાઈકોર્ટ કરતા બંધારણીય રીતે શ્રેષ્ઠ છે. ૧૭ જુલાઈના આદેશમાં, જસ્ટિસ સેહરાવતે હાઈકોર્ટ દ્વારા શરૂ કરાયેલી તિરસ્કારની કાર્યવાહીમાં સ્ટે ઓર્ડર આપવા બદલ સુપ્રીમ કોર્ટની ટીકા કરી હતી અને સુપ્રીમ કોર્ટના હસ્તક્ષેપના અધિકાર પર પણ સવાલ ઉઠાવ્યા હતા. હાઈકોર્ટના જજે આદેશમાં લખ્યું હતું કે, જો મનોવૈજ્ઞાનિક સ્તરે જોવામાં આવે તો આ પ્રકારનો આદેશ મુખ્યત્વે બે પરિબળોથી પ્રેરિત છે. પ્રથમ, આવા હુકમના પરિણામની જવાબદારી લેવાનું ટાળવાનું વલણ. બીજું, સર્વોચ્ચ અદાલતને તે વાસ્તવમાં છે તેના કરતાં વધુ સર્વોચ્ચ અને હાઈકોર્ટને બંધારણીય રીતે તેના કરતાં ઓછી સર્વોચ્ચ માનવાની વૃત્તિ.

# આજનું રાશિફળ

**મેષ :**

આજના દિવસે તમારી પીવાની આદતથી મુક્ત થવા માટે આજે ખૂબ જ શુકનવંતો દિવસ છે. જો તમે પોતાના ઘર ના કોઈ સભ્ય જોડે ઉધાર લીધુ હોય તો તેને આજ ચૂકવી દો નહીંતર તે તમારી વિરુદ્ધ કાયદકીય પગલાં લયી શકે છે. બાળકો રમતગમત તથા બહારની અન્ય પ્રવૃત્તિઓમાં વધુ સમય વેડફશે. તમારો પ્રણય સાથીદાર તમારી ખુશામત કરશે-આ એકલવાયા વિશ્વમાં મને એકલો-એકલી ન મુકતા. તમારા પ્રયાસ માટે લોકો કામના સ્થળે તમારી નોંધ લેશે. આ રાશિ ના લોકોએ આજે ??પોતાને માટે સમય લેવા ની જરૂર છે, જો તમે આ નહીં કરો તો તમને માનસિક મુશ્કેલીઓ આવી શકે છે.

**વૃષભ :**

આજના દિવસે તમારા આહારની યોગ્ય તકેદારી રાખવી ખાસ કરીને માઈગ્રેનના દરદીઓએ જેમણે તેમનું ભોજન મિસ ન કરવું જોઈએ કેમ કે એવું કરવાથી તેમના પર લાગણી સંબંધિત તાણ બિનજરૂરી રીતે આવી શકે છે. જે લોકોએ કોઈ અજાણ્યા વ્યક્તિ ના સૂચન પર નિવેશ કર્યું હતું તે લોકો ને આજે તે નિવેશ થી લાભ થવા ની પુરી શક્યતા છે. ઘરમાં કોઈક વિધી કરાવશો. તમારા પ્રેમી કે પ્રેમિકા પ્રત્યે બદલાની ભાવના તમને કાઈ જ પરિણામ નહીં આપે-એના કરતાં તમારે મગજ શાંત રાખી તમારી લાગણીઓ તમારા પ્રેમી કે પ્રેમિકાને જણાવવી જોઈએ. તમારા ધ્યેયની દિશામાં શાંતિપૂર્વક કામ કરો અને તમે સફલતા સુધી ન પહોંચો ત્યાં સુધી તમારો હેતુ છતો ન કરો. આજે હવામાન નો મૂડ એવો રહેશે કે તમે પથારી માં થી ઉભા થઈ શકશો નહીં.

**મિથુન :**

આજના દિવસે પત્નીના કામકાજમાં ચંચૂપાત કરશો નહીં, કેમ કે તેનાથી તમે તેનો ગુસ્સો નોતરશો.તમારા કામથી કામ રાખો એ જ સારૂં છે. હસ્તક્ષેપ જેટલો ઓછો એટલું સારૂં અન્યથા તેનાથી પરાધીનતા આવી શકે છે. આજ માટે તમારો સફળતા મંત્ર હોવો જોઈએ-તમારા નાણા એવા લોકોની સલાહ મુજબ રોકવા જોઈએ જેઓ કશુંક નવું કરવામાં માને છે તથા સારા અનુભવોને યાદ રાખો. બાળકો તમારી માટે દિવસ મુશ્કેલ બનાવી શકે છે. તેમનો રસ જળવાઈ રહે તે માટે પ્રેમનો ઉપયોગ શસ્ત્ર તરીકે કરો અને બિનજરૂરી તાણ ટાળો.યાદ રાખો પ્રેમ જ પ્રેમને ખેંચે છે. તમે વાસ્તવિક્તા સાથે મુકાબલો કરશો તેથી તમારે તમારા પ્રિયપાત્રને ભૂલી જવું પડશે. વ્યાવસાયમાં તમારી માસ્ટરીની કસોટી થશે. ધાર્યા પરિણામો આપવા માટે તમારે તમારા પ્રયાસોને કેન્દ્રિત કરવાની જરૂર છે.

**કર્ક :**

આજના દિવસે લાભદાયક દિવસ અને તમને લાંબા ગાળાની માંદગીમાંથી રાહત મળી શકે છે. આજે તમે પૈસા બચાવવા માટે પોતાના પરિવાર માં થી સલાહ લયી શકો છો અને તેને પોતાના જીવન માં સ્થાન પણ આપી શકો છો? આજે તમે જે સામાજિક મેળાવડામાં સહભાગી થવાના છો તેમાં તમે આકર્ષણનું કેન્દ્ર હશો. તમારી વાત સાચી સાબિત કરવા માટે તમે આજ ના દિવસે તમારા જીવનસાથી સાથે ઝઘડો કરી શકો છો. જો કે તમારો સાથી સમજણ બતાવી ને તમને શાંત કરશે. પ્રવાસન ક્ષેત્ર તમને આકર્ષક કારકિર્દી આપી શકે છે. તમારી મહત્વાકાંક્ષાને ઓળખી તેની માટે સખત મહેનત કરવાનો સમય. સફળતા તત્પરાપૂર્વક તમારી રાહ જોઈ રહી છે.

**સિંહ :**

આજના દિવસે ધૂમ્રપાન છોડો કેમ કે એનાથી તમે શારીરિક રીતે સ્વસ્થ રહેશો. કેટલાક બાકી રહેલા મુદ્દા વધુ ઘેરા બનશે તથા ખર્ચનો મુદ્દો તમારા મગજમાં ઘુમરાયા કરશે. પરિવારના સભ્યો સાથે શાંતિભર્યો દિવસ માણો-લોકો જો સમસ્યાઓ સાથે તમારો સંપર્ક સાધે- તેમને અવગણો અને તેની અસર તમારા મગજ પર થવા ન દો. કોઈકની દખલને કારણે તમારા પ્રિયપાત્ર સાથેના તમારા સંબંધો વણસી શકે છે. આજે તમારા મગજમાં આવતા નાણાં બનાવવાની યોજનાનો લાભ લો. જો તમે તમારા ઘર ની બહાર રહો છો અને અભ્યાસ કરો છો અથવા નોકરી કરો છો, તો આજે તમે તમારા પરિવાર ના સભ્યો સાથે ફ્રી ટાઇમ માં વાત કરી શકો છો. તમે ઘરે થી કોઈ સમાચાર સાંભળી ને ભાવનાત્મક પણ થઈ શકો છો.

**કન્યા :**

આજના દિવસે તમારૂં સ્વાસ્થ્ય અને દેખાવ સુધારવા માટેની બાબતો હાથ ધરવા માટે અઢળક સમય મળશે. જે લોકો દુગ્ધ વેપાર થી સંકળાયેલા છે તે લોકો ને આજે લાભ થવા ની પ્રબળ શક્યતા છે. ધંધામાં ઉધાર માગવાના ઈરાદે તમારો સંપર્ક કરનારાઓની અવગણના કરો. આજે રૉમાન્?સ માટે ગૂંચવણભર્યું જીવન છોડો. તમારી કાર્યકુશળતા વધારવા માટે નવી પદ્ધતિનો સ્વીકાર કરો-તમારી શૈલી અને કામ કરવાની નવી રીતો તમને નિકટથી જોનારા લોકોમાં રસ જગાડશે. ચંદ્રમા ની સ્થિતિ ને જોતા, એમ કહી શકાય કે આજે તમારી પાસે ખુબ મફત સમય રહેશે, પરંતુ તે પછી પણ તમે જે કામ કરવા નું હતું તે કરી શકશો નહીં.

**તુલા :**

આજના દિવસે તમારી અંદર આજે ઉર્જા જોઈ શકાય છે. તમારું આરોગ્ય સંપૂર્ણ પણે તમારો સાથ આપશે? નિવેશ કરવું ઘણી વખત ફાયદેમંદ હોય છે આ વાત તમને આજે સમજ માં આવી શકે છે કેમ કે કોઈ જુના નિવેશ થી તમને આજે લાભ થયી શકે છે. તમારા પ્રિયપાત્ર સાથે દલીલો સર્જી શકે એવા વિવાદાસ્પદ મુદ્દાઓને છેડવાનું ટાળવું જોઈએ. તમારી સામે કોઈ આજે પ્રેમનો પ્રસ્તાવ મૂકે એવી શક્યતા છે. તમે જે હંમેશાં કરવા માગતા હતા એ કામ કરવાની તક તમને આજે મળી શકે છે. ખાલી સમય માં આજે તમે પોતાના મોબાઈલ ઉપર કોઈ વેબ સિરીઝ જોઈ શકો છો. આજે લગ્ન તમારા જીવનના શ્રેષ્ઠ તબક્કે પહોંચશે.

**વૃશ્ચિક :**

આજના દિવસે મુશ્કેલીઓ પર નિવાસ કરવાની તથા તેને એનેકગણી વધારવાની તમારી ટેવ તમારા નૈતિક તંતુને નબળો પાડી શકે છે. આજે કોઈપણ પ્રકારનું રોકાણ ટાળવું. પોતાની જાત પર દયા ખાવામાં સમય વેડફશો નહીં, એના કરતાં જીવનના પાઠ શીખવાનો પ્રયાસ કરજો. પ્રેમમાં નિરાશા તમને નાસીપાસ કરશે. આજે તમને કામના સ્થળે એ જાણવા મળી શકે છે કે જેને તમે તમારો દુશ્મન ગણતા હતા એ ખરેખર તો તમારો શુભચિંતક છે. આ રાશિ ના વયસ્ક લોકો મફત સમય માં આજે તેમના જૂના મિત્રો ને મળવા જઈ શકે છે. તમારો મિજાજ બગડેલો હોવાથી તમે તમારા જીવનસાથીથી ચીડાયેલા રહેશો.

**ધન :**

આજના દિવસે મિત્રો તમારો પરિચય કોઈક ખાસ વ્યક્તિ સાથે કરાવશેજે તમારા વિચારો પર નોંધપાત્ર અસર છોડશે. આજ માટે તમારો સફળતા મંત્ર હોવો જોઈએ-તમારા નાણા એવા લોકોની સલાહ મુજબ રોકવા જોઈએ જેઓ કશુંક નવું કરવામાં માને છે તથા સારા અનુભવોને યાદ રાખો. લાંબા સમયથી જેના સંપર્કમાં ન હો એવા લોકો તથા સંબંધોને ફરી તાજા કરવા માટે સારો દિવસ. રૉમાન્સમાં ઓટ આવશે અને તમારી મોંઘી ભેટ-સોગાદો પણ આજે જાદુ નહીં સર્જી શકે. કામના સ્થળે આજે પરિસ્થિતિ તમારી તરફેણમાં જણાય છે. કોઈ પણ સંજોગો માં, તમારે તમારા સમય ની કાળજી લેવી જોઈએ. યાદ રાખો, જો તમે સમય ની કદર ન કરો તો તે ફક્ત તમને નુકસાન કરશે. તમારા જીવનસાથી તમારી યોજના અથવા પ્રોજેક્ટમાં ખલેલ પાડી શકે છે, તમારી ધીરજ ખોતા નહીં.

**મકર :**

આજના દિવસે સ્વાસ્થ્યને લગતી સમસ્યાઓ બેચેની લાવી શકે છે. આર્થિક રૂપે તમે આજે ઘણા મજબૂત દેખાશો? ગ્રહ નક્ષત્રો ની ચળવળ થી તમારા માટે ધન કમાવા ની ઘણી તકો બનશે? દૂરનાં કોઈ સગાં તરફથી અણધાર્યો સંદેશ આખા પરિવાર માટે ઉત્સાહ લાવશે. તમારો પ્રણય સાથીદાર તમારી ખુશામત કરશે-આ એકલવાયા વિશ્વમાં મને એકલો-એકલી ન મુકતા. બિઝનેસમેન્સ માટે સારો દિવસ. બિઝનેસ માટે એકાએક હાથ ધરાયેલો પ્રવાસ હકારાત્મક પરિણામ લાવશે. આજના દિવસે હાથમાં લેવાયેલું બાંધકામ તમારા સંતોષ મુજબ પૂરૂં થશે. આજનો દિવસ તમારા લગ્નજીવન માટે ખરેખર મહત્વનો છે. તમે તમારા જીવનસાથીને કેટલો પ્રેમ કરો છો તેની જાણ તેને થવા દો.

**કુંભ :**

આજના દિવસે આનંદમય દિવસ માટે માનસિક તાણ અને તણાવ ટાળો. આજે વધુ એક ઉચ્ચ-ઊર્જાયુક્ત દિવસ છે તથા અણધાર્યા લાભની શક્યતા છે. આજે ઘરના કેટલાક સંવેદનશીલ મુદ્દા ઉકેલવા તમારે તમારૂં બુદ્ધિચાર્તુય તથા ધાક અજમાવવાની જરૂર પડશે. તમારા પ્રિયપાત્ર સાથે કૅન્ડીફ્લૉસ તથા ટૉફી શૅર કરશો એવી શક્યતા જોવાય છે. આજે તમને સમજાશે કે પરિવારના ટેકાને કારણે જ તમે કામના સ્થળે સારૂં કરી રહ્યા છો. તમારે જે સંબંધો ને મહત્ત્વ આપ્યું છે તેને સમય આપવા નું શીખવું પડશે, નહીં તો સંબંધ તૂટી શકે છે. એવું જણાય છે કે તમને તમારા જીવનસાથી તરફથી વિશેષ ધ્યાન મળશે.

**મીન :**

આજના દિવસે ખૂબ જ વગદાર હોય એવા લોકો તરફથી સહકાર તમારા મનોબળને ઓર વધારશે. કોઈ નજીક ના મિત્રો થી અમુક વેપારીઓ ને સારું ધન લાભ થવા ની શક્યતા છે. આ ધન તમારી ઘણી મુશ્કેલીઓ ને દૂર કરી શકે છે. બાળકો તથા પરિવાર પર આજે તમારૂં ધ્યન કેન્દ્રિત રહેશે. પ્રિયપાત્રની નફરત છતાં તમારે તમારો પ્રેમ દેખાડવો જોઈએ. કાનું ટૅન્શને તમારા મગજને હજી પણ ઘેરો ઘાલ્યો છે જેને કારણે તમારી પાસે પરિવાર તથા મિત્રો માટે સમય નથી. આજે, રાત્રે, તમારે ઘર ના લોકો થી દૂર થવું અને તમારા ઘર ની છત અથવા પાર્ક પર ચાલવું ગમશે. આજે તમારા જીવનસાથી તમને તેમની બહુ સારી ન કહેવાય એવી બાજુ દેખાડશે.

# આજની પેઢીને વાંચન તરફ વાળવા કાર્યરત સંસ્થાના પ્રયાસમાં દાતાઓ સહયોગી

ભુજ તા.૭

વાંચન દ્વારા વિચાર અને વિચાર દ્વારા ચારિત્ર્ય અને જીવનઘડતરની ઉમદા ભાવના સાથે છેલ્લા ૪૦ વરસોથી યુવાઓને દિશા અને ગતિ આપવા વિવિધ પ્રવૃતિઓ કરતી 'ઇન્સ્ટિટ્યૂટ ઓફ ડેવલપમેન્ટ' ભુજ દ્વારા આજની પેઢીને વધુને વધુ વાંચન વાળવાના પ્રયાસના ભાગરૂપે પુસ્તક પરબને અવારનવાર વાંચન પ્રેમીઓ તરફથી પુસ્તકોની ભેટ મળતી રહે છે. હાલમાં મુંબઈ સ્થિત સોલીસીટર અને જાણીતા દાતા પ્રવીણ વીરા દ્વારા ફરી એક વાર પુસ્તક પરબને રૂ.૧૦,૦૦૦ ની કિમતના પુસ્તકોની ભેટ આપવામાં આવી છે, સાથે વિવેકાનંદ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ ઇન્સ્ટિટ્યૂટ માંડવી તથા જામનગરના પૂર્વ ગ્રંથપાલ એવા સ્વ.પ્રદીપ છાયાની સ્મૃતિમાં જહાનવી પ્રદીપ છાયા તરફથી પણ પુસ્તક પરબને ઉતમ પુસ્તકો ભેટ આપવામાં આવ્યા હતા.



ઇન્સ્ટિટ્યૂટ ઓફ ડેવલપમેન્ટ' ભુજ સંચાલિત 'પુસ્તક પરબ' માટે દાતાઓ તરફથી મળી પુસ્તકોની ભેટ

ઇન્સ્ટિટ્યૂટ દ્વારા, પ્રમુખ રસનિધિ અંતાણીના માર્ગદર્શનમાં છેલ્લા ૧૩ વર્ષોથી હમીરસર કિનારે દર રવિવારે, અને દર મંગળવારે સાંજે આશાપુરા મંદિર ભુજ ખાતે પરબનાં કો ઓર્ડિનેટર જાગૃતિ વકીલ સાથે રચના અંતાણી, હિના ઠક્કર, દિનેશ ઠક્કર,આસિત અંતાણી, નિખિલ વૈષ્ણવ દ્વારા પુસ્તક પરબ અવિરત ચાલે છે. સાથે નારાણપર ખાતે માધ્યમિક શાળાના આચાર્ય વર્ષા જોશી અને જીજ્ઞા જોશી દ્વારા મહિલા પુસ્તકાલય અને ઝોલા પુસ્તકાલય ચાલે છે.

જેનો લાભ આસપાસના ૧૨ જેટલા ગામ લોકો લઈ રહ્યા છે, તાજેતરમાં માધાપર કન્યાશાળા ખાતે આચાર્ય નેહા મહેતાના માર્ગદર્શનમાં વિદ્યાર્થીનીઓ દ્વારા ચોથી પુસ્તક પરબ શરૂ થઈ છે, જેમાં બાળકોને ગમતા વર્તના પુસ્તકો સાથે કારકિર્દી માર્ગદર્શન, જીવનઘડતર અને મૂલ્યલક્ષી પુસ્તકો મૂકવામાં આવે છે. ઇન્સ્ટિટ્યૂટના પ્રમુખ રસનીધિ અંતાણીએ ત્રણેય દાતાઓનો આભાર વ્યક્ત કર્યો હતો

# કચ્છના યુવાને શરૂ કરી ધ ગ્રેટ રન (દોડ) ઓફ કચ્છ

ભુજ તા.૩

કચ્છનો યુવાન નિષાદ ધનઈકુમારે પેરિસમાં ચાલી રહેલા ઓલમ્પિકના ખેલાડીઓને પ્રોત્સાહન આપવા તેમજ 'નો ડ્રગ્સ' અને 'નો મેડીસીન' ના મેસેજ સાથે ભુજથી દોડવાનું શરૂ કર્યું છે અને પૂરા કચ્છમાં ૮૫૦ કિલોમીટર જેટલું દોડશે અને દરરોજ ૬૫ થી ૭૦ કિલોમીટર દોડીને ૧૪ ઓગસ્ટ સુધીમાં સમગ્ર કચ્છને આવરી લેશે. મૂળ ઉત્તરપ્રદેશના અને હાલમાં કચ્છના અંજારના રહેવાસી ૩૭ વર્ષીય નિષાદ ધનઈકુમાર ૨૪ વર્ષથી રનિંગ કરે છે અને તે અલ્ટ્રા મેરેથોનમાં પણ ભાગ લેતો હોય છે.તે હાલમાં કચ્છના ખેલાડીઓને એથલેટિક ટ્રેનિંગ પણ આપી રહ્યો છે, તેમજ કચ્છના યુવાનોને રમતગમત ક્ષેત્રે આગળ વધવા પ્રોત્સાહન પણ પૂરું પાડી રહ્યો છે. નિષાદ ધનઈકુમારે આજે ભુજની કલેક્ટર કચેરીથી સમગ્ર કચ્છના વિવિધ વિસ્તારીને આવરી લઈને એક દોડ જેને 'ગ્રેટ રન ઓફ કચ્છ'



પૂરા કચ્છમાં ૮૫૦ કિલોમીટર જેટલું દોડશે, દરરોજ ૬૫ થી ૭૦ કિલોમીટર દોડીને ૧૪ ઓગસ્ટ સુધી સમગ્ર કચ્છને આવરી લેશે

નામ આપ્યું છે તે શરૂ કરી છે, આજથી ૧૪ દિવસ સુધી કચ્છના વિવિધ વિસ્તારોને આવરી લઈને દોડ લગાડશે અને અંદાજિત ૮૫૦ કિલોમીટર જેટલું દોડીને ગાંધીધામ ખાતે ૧૫ મી ઓગસ્ટના કાર્યક્રમમાં પહોંચશે.સમગ્ર કચ્છમાં દોડ અંગે માહિતી આપતા ધનઈકુમાર નિષાદે જણાવ્યું હતું કે તે ભુજથી ગાંધીધામ જશે ગાંધીધામથી સામખિયાળી, સામખિયાળીથી રાપર, રાપરથી બાલાસર, બાલાસારથી ધોળાવીરા, ધોળાવીરાથી ખાવડા, ખાવડાથી હાજીપીર, હાજીપીરથી લખપત, લખપતથી નારાયણસરોવર, નારાયણ સરોવરથી નલીયા, નલીયાથી માંડવી, માંડવીથી મુન્દ્રા અને મુન્દ્રથી ગાંધીધામ કુલ કિલોમીટર જેટલું દોડશે. ઉલ્લેખનીય છે કે, આ અગાઉ વર્ષ ૨૦૧૬માં ધનઈકુમાર નિષાદે દિલ્હીથી મુંબઈ કુલ ૧૫૦૦ કિલોમીટરની દોડ ૧૮ દિવસમાં પૂર્ણ કરી હતી જેમાં કુલ ૪૦ જેટલા ખેલાડીઓએ ભાગ લીધો હતો, ગત તા. ૫ નવેમ્બરે ૨૦૨૩ ના હૈદરાબાદ ખાતે યોજાયેલ વર્લ્ડ ચેમ્પિયનશિપમાં પણ ૫૦ કિલોમીટરની દોડમાં તેણે કુલ ૭૫ ખેલાડીઓ સાથે ભાગ લીધો હતો.

# મુખ્યમંત્રીએ અંજારના વણઉકેલ્યા પ્રશ્નો સાંભળી ઉકેલ માટે હકારાત્મકતા દાખવી



અંજાર તા.૭

શહેરના કેટલાક પ્રશ્નો લાંબા સમયથી વણઉકેલ્યા પ્રશ્નો મુખ્યમંત્રીને મળવાનું થયેલ ત્યારે પ્રશ્નો માટે અલગથી સમય ફાળવવા માટે વિનંતી કરતાં ગત સપ્તાહમાં અંજાર આઈડેન્ટિટી મિશન માટે સમય ફાળવાયો હતો. આ મુલાકાતમાં અંજાર નગરપાલિકાને અ વર્ગમાં અપગ્રેડ કરવા, અંજાર હોસ્પિટલનું મકાન બની ગયેલ છે ત્યારે તે હોસ્પીટલના દાતાના નામનું પુનઃસ્થાપન તથા અન્ય પ્રશ્નો માટે સંસ્થાના પ્રતિનિધિ મંડળે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને રજૂ કર્યા હતા, સાહજીકતાથી દરેક પ્રશ્ન સાંભળી, આ માટે વિસ્તારના ધારાસભ્ય અને જે વિભાગનો પ્રશ્ન હોય તે અધિકારીઓ સાથે મીટિંગ ગોઠવી સાનુકૂળ ઉકેલ લાવવાની વાત કરી, સમય નક્કી થયેથી જણાવવા કહેલ, બાદ આ હકીકત અંજાર વિસ્તારના ધારાસભ્ય ત્રિકમ છાંગા પાસે રજુઆત કરતાં તેમણે પણ પ્રશ્નો સાંભળી મુખ્યમંત્રીને આ મિટિંગમાં સંસ્થાને સાથે રાખી ઉકેલ લાવવાની ખાતરી આપી હોવાનું આઈડેન્ટિટી મિશનના પ્રમુખ એલ. વી.વોરા અને મંત્રી ભરત ઠક્કરની યાદીમાં જણાવાયું હતું.

# દિનારા ઢંઢીમાં વરસાદ માટે નમાજ અદા કરવામાં આવી



ભુજ તા.૭

તાલુકાના બન્ની પચ્છમ વિસ્તારમાં વરસાદ માટે તા.૩, ૪,૫ ઓગસ્ટના દિનારા ઢંઢી પાટિયા પર 'સલાતુલ ઈસ્તિકા'- વરસાદ માટે નમાજ અદા કરવામાં આવી હતી. પહેલા દિવસે, શેખ યુનસ જામઇ (અમીર જમઈય્યત એહલે હદીસ કચ્છ) એ નમાજ ની ઈમામત અને "માનવ જીવન પર પાપોની અસરો" વિષય પર ઉપદેશ આપ્યો હતો, બીજા દિવસે પણ શેખ યુનસ જામઇ ઈમામની આગેવાનીમાં, શેખ અબુબકર અહમદ રહેમાની ઈમામ અને ખતીબ એહલે હદીસ મસ્જિદ સુમરાવાલી (ખાવડા) એ અલ્લાહની રહેમતથી અંતરનાં કારણો વિષય પર ઉપદેશ આપ્યો હતો. ત્રીજા દિવસે મિયાંજી સુલેમાન મુહમ્મદ (નાના દિનારા) એ ઈમામતનું નેતૃત્વ કર્યું હતું, જ્યારે શેખ મુહમ્મદ હનીફ સલફી (જામિયા મુહમ્મદિય્યહ સલફીયા વરનોરા પૈયાના શિક્ષક) એ "કેવી રીતે વરસાદ પડી શકે ?" એ વિષય પર ઉપદેશ આપ્યો હતો, ત્રણેય દિવસે મિયાંજી હાજી ઈબ્રાહીમ અલીએ નમાજ પહેલા નસીહત આપી પ્રાર્થના કરી અલ્લાહ ચોક્કસ દયા કરશે એવી આશા વ્યક્ત કરી હતી. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વિદ્વાનો અને લોકો જોડાયા હતા, વ્યવસ્થા મુહમ્મદ બિલાલ જામઈ, અબ્દુલ મજીદ જામઈ, મિયાંજી અબ્દુલ મજીદ, મુહમ્મદ મિયાંજી, યુનસ હસન વગેરેએ સંભાળી હતી.

# નખત્રાણા પોલીસ ઈન્સ્પેક્ટર નું દશનામ ગોસ્વામી સમાજ દ્વારા સન્માન

**કોડીનાર તાલુકામાં ૨૦૨૨માં દુષ્કર્મ અને હત્યા કરનાર નરાધમને ઝડપી પાડી, સમાજના પરિવારને ન્યાય અપવનાર તત્કાલીન પી.આઈ શ્રી મકવાણાની સરાહનીય કામગીરીને બિરદાવાઈ**



આણંદપર(યક્ષ)તા.૨

તા.૧૨મી જૂન ૨૦૨૨ના ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાની એક ૮ વર્ષની માસૂમ બાળકી પર દુષ્કર્મ આચરી હત્યા કરી દેનાર એક નરાધમને દાખલો બેસાડતી ફાંસીની સજા થવા પામી છે. બાળકી પર દુષ્કર્મ અને ત્યાર બાદ તેણીની હત્યાના બનાવની જે તે સમયે ગંભીરતાને લઇ ગૃહ રાજ્ય મંત્રીએ ઉચ્ચ પોલીસ અધિકારીની બનેલી સ્પેશ્યલ ઈન્વેસ્ટીગેશન ટીમ (સીટ)ની રચના કરી હતી. આ ગુનાની તપાસ તત્કાલીન કોડીનાર પોલીસ ઈન્સ્પેક્ટર એ.એમ.મકવાણાએ શીટના માર્ગદર્શન હેઠળ કરેલ હતી. તેમણે એફએસએલની મદદ લઇ તમામ સાંયોગિક પુરાવા એકઠા કરી માત્ર ૨૫ દિવસમાં તપાસ પૂર્ણ કરીને ચાર્જશીટ રજૂ કરી હતી. આ કેસ નામદર કોર્ટમાં ચાલી જતા નરાધમને ફાંસીની સજા ફરમાવી, ઉપરાંત બાળકીના પરિવારને ૧૭ લાખ વળતર ચૂકવવા આરોપીને નામદાર કોર્ટે આદેશ કર્યા છે. આ યશસ્વી કામગીરી પાર પાડનાર પી.આઈ. એ.એમ.મકવાણા હાલ નખત્રાણા ખાતે ફરજ બજાવતા હોઈ, નખત્રાણા દશનામ ગોસ્વામી સમાજ દ્વારા સારી કામગીરી અને તેમના ગોસ્વામી સમાજની દીકરીના પરિવારને ન્યાય આપવા બદલ પ્રશંસા પત્ર આપી સન્માનિત કરી બહુમાન કર્યું હતું. કોડીનાર તાલુકાના જંત્રાખડી ગામે દશનામ ગોસ્વામી સમાજની દીકરી ઉપર દુષ્કર્મ અને હત્યા કરનારને ખૂબ જ ટૂંકા ગાળામાં પકડી પાડી પૂરતા સચોટ પુરાવા એકત્ર કરી નામદાર કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરેલ જેના કારણે પીડીત પરિવારને ન્યાય મળ્યો હતો. નખત્રાણા પીઆઇ શ્રી મકવાણા એ બહુમાન બદલ આભાર વ્યક્ત કરતા કહ્યું હતું કે, લોકોના સહયોગથી જ આ કેસ ઉકેલવામાં સફળતા મળી છે, કાયદો પણ લોકો માટે છે આરોપી ને ફાંસીની સજા થતા પોલીસનું મોરલ પણ ઊંચું આવ્યું છે.

નખત્રાણા ગોસ્વામી સમાજના મુકેશગીરી ગોસ્વામી, ગિરીશગીરી ગોસ્વામી, દિનેશભારથીગોસ્વામી, હિતેશપુરી ગોસ્વામી, કિશોરગીરી ગોસ્વામી, સુરેશગીરી ગોસ્વામી, મુકેશપુરી ગોસ્વામી, અમિતપુરી ગોસ્વામી, મુકેશગીરી ગોસ્વામી, યોગેશપુરી ગોસ્વામી વગેરે સમાજના આગેવાનોએ ઉપ સ્થિત રહી પી.આઈ. શ્રી મકવાણાની કામગીરી બિરદાવી હતી.

# કચ્છ જિલ્લામાં ૧૫મી ઓગસ્ટ સુધી હથિયારબંધી

કચ્છ જિલ્લામાં યોજાનાર ધાર્મિક તહેવારો/મેળાઓ તથા ઉત્સવોની ઉજવણી અંતર્ગત જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તેમજ કોઇ અનિચ્છનીય બનાવ બનવા ન પામે તેમજ સુલેહ શાંતિ જળવાઇ રહે તે માટે સાવચેતીના પગલાંરૂપે ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૭ (૧) અન્વયે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ મિતેશ પંડયાએ તા.૧૫/૦૮/૨૦૨૪ સુધી સમગ્ર કચ્છ જિલ્લામાં હથિયારબંધીના આદેશ જાહેર કર્યા છે.આ જાહેરનામા અન્વયે હથિયાર લઇ જવાની ફરજ હોય, પરવાનગી આપી હોય કે અધિકૃત કરી હોય તે સિવાયની કોઇ વ્યકિત જાહેરનામાનો કોઇપણ ખંડનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ૪ માસની અને વધુમાં વધુ ૧ વર્ષની સજા થશે. આ ઉપરાંત ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૧૩૫ (૧) મુજબ દંડની સજા થશે.

# પવનચક્કી કંપની દ્વારા ગૌચરમાં રસ્તો બનાવી પાણી વહેણ બંધ કરતા ગુનેરી પંચાયતે પંચનામું કર્યું



દયાપર તા.૩

લખપત તાલુકાના છુગેર ગામ નજીકના સીમાડામાં પવનચક્કીની ખાનગી કંપની દ્વારા ગૌચર જમીનમાં રસ્તાઓ બનાવી કુદરતી પાણીનું વહેણ બંધ કરવામાં આવતા જિલ્લા કલેકટરને કરવામાં આવેલી લેખિત રજૂઆત બાદ સ્થાનિક ગ્રામ પંચાયત દ્વારા સ્થળનું પંચનામું કરવામાં આવ્યું હતું. ગામના પૃથ્વીરાજસિંહ સરૂપાજી જાડેજાએ જિલ્લા કલેકટરને લેખિત રજૂઆત કરીને જણાવ્યું હતું કે, ગામના સર્વે નંબર ૭૯ ની ગૌચર જમીનમાં પવનચક્કીની ખાનગી કંપની દ્વારા ગેરકાયદેસર રસ્તાઓ બનાવી તેના પર મેટલ પાથરવામાં આવી છે તેમજ પાણીના કુદરતી વહેણ બંધ કરવાની સાથે વૃક્ષોનું પણ નિકંદન કાઢવામાં આવ્યું છે. રજૂઆતને પગલે ગુનેરી ગ્રામ પંચાયત દ્વારા પંચોની રૂબરૂમાં કરાયેલા પંચનામાં જણાવવામાં આવ્યું હતું

કે કંપની દ્વારા ગૌચર જમીન માંથી રસ્તો પસાર કરવામાં આવ્યો છે, અને મીઠી ઝાડી તેમજ ઘાસને નુકસાન કરવાની સાથે પાણીનું વહેણ પણ બંધ કરી દેવામાં આવ્યું છે. તલાટી પિયુષ ચૌધરીનો સંપર્ક કરતા તેમણે જણાવ્યું હતું કે સંબંધિત કંપનીને ટૂંક સમયમાં લેખિત નોટિસ આપવાની કામગીરી કરવામાં આવશે

# "એક પેડ માં કે નામ" અભિયાનમાં જિલ્લા મહિલા અને બાળ અધિકારી જોડાયા



વડાપ્રધાનના નિર્દેશાનુસાર "એક પેડ માં કે નામ" સંકલ્પ હેઠળ ભુજ ખાતે જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા ભુજમાં "સખી" વન સ્ટોપ સેન્ટર ખાતે "વૃક્ષારોપણ" કરવામાં આવ્યું હતૂં.

ઉક્ત ઝુંબેશને અનુલક્ષીને ભુજ નગરપાલિકાના વોર્ડ નં.૧૦ના સભ્ય રસીલા પંડ્યાની ઉપસ્થિતિમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. જેમાં સેન્ટર ખાતે ૧૦ થી ૧૫ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું. ઉપરોક્ત વૃક્ષારોપણ કાર્યક્રમમાં જિલ્લા મહિલા અને બાળ અધિકારી અવની રાવલ, જિલ્લા દહેજ પ્રતિબંધક અધિકારી ભરત મકવાણા, ડીસ્ટ્રીક્ટ હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વીમેન પ્રોજેક્ટના ડી.એમ.સી. ફોરમ વ્યાસ, જેન્ડર સ્પેશીયાલીસ્ટ ભરતભાઈ, કેન્દ્ર સંચાલક ભાવના ગરવાલીયા, તેમજ વન સ્ટોપ સખી સેન્ટરનો સમગ્ર સ્ટાફ હાજર રહ્યો હતો.

# ઊંડા જતા ભૂગર્ભજળના સ્તરને સુધારવા પ્રાકૃતિક ખેતીનું યોગદાન

પ્રાકૃતિક કૃષિ પદ્ધતિમાં થતા જળ વ્યવસ્થાપનના કારણે અતિવૃષ્ટિમાં પાકને નુકસાન થતું નથી રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની પ્રેરણાથી સમગ્ર રાજ્યમાં આજે પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ ખેડૂતો સુધી પહોંચાડવામાં આવી રહી છે જેના ફાયદા થયા છે. ગુજરાત સહિત સમગ્ર દેશમાં પ્રાકૃતિક કૃષિનું અભિયાન ખૂબ જ ઝડપથી આગળ વધી રહ્યું છે. ખેડૂતો ખુશહાલ રહે, પ્રગતિ કરે અને તેમની આવકમાં વધારો થાય તે દિશામાં આજે સરકાર દ્વારા વિવિધ પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની પ્રેરણાથી સમગ્ર રાજ્યમાં આજે પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ ખેડૂતો સુધી પહોંચાડવામાં આવી રહી છે. પ્રાકૃતિક કૃષિમાં પાણીની બચત થાય છે. જમીનની ભેજ સંગ્રહશક્તિમાં પણ વધારો થાય છે અને જ્યારે વરસાદ ખેંચાય છે ત્યારે લાંબા સમય સુધી ખેતી પાકોને ભેજ મળી રહે છે. ઊંડા જઈ રહેલા ભૂગર્ભજળના સ્તરને સુધારવા માટે પ્રાકૃતિક ખેતીનું ખૂબ જ મહત્વનું યોગદાન છે. તો ચાલો આજે પ્રાકૃતિક કૃષિમાં મદદરૂપ થતાં કુદરતી ચક્રોનું મહત્વ સમજીએ.

**જળચક્ર:-**

જમીન તથા સમુદ્રમાં રહેલું પાણી બાષ્પીભવનથી વરાળ રૂપે આકાશમાં જાય છે. વાતાવરણ ઠંડુ થતાં આ વરાળ હવામાં રહેલા રજકણો ફરતે પાણીના બુંદો બનાવે છે. જે વરસાદના રૂપમાં જમીન પર આવે છે. પ્રાકૃતિક ખેતીમાં સેન્દ્રીય પદાર્થો અને સૂક્ષ્મ જીવાણુઓની ગતિવિધિના કારણે જમીનની ભૌતિક સ્થિતિમાં સુધારો થાય છે. જમીન છિદ્રાળુ અને ભરભરી બને છે. આ કારણે વરસાદના પાણીનો મોટો જથ્થો જમીનમાં ઊંડે સુધી ઉતરે છે અને સંગ્રહ થાય છે. આ સંગ્રહિત પાણીમાં જમીનમાં રહેલા પોષક તત્વો અને ખનીજો દ્રાવ્ય થાય છે. ઉનાળામાં અથવા જ્યારે ઉપરની જમીનમાં પાણીની અછત સર્જાય ત્યારે નીચેનું સંગ્રહિત પાણી કેશાકર્ષણ દ્વારા દ્રાવ્ય થયેલા પોષક તત્વો સાથે મૂળ પ્રદેશમાં આવે અને છોડને જરૂરી ભેજ અને પોષક તત્વો પૂરા પાડે છે. આમ પ્રાકૃતિક કૃષિમાં થતા જળ વ્યવસ્થાપનના કારણે અતિવૃષ્ટિમાં પાકને નુકસાન થતું નથી. અછતમાં છોડને જરૂરી ભેજ મળી રહે છે. સાથે સાથે છોડ માટે જરૂરી પોષણ વ્યવસ્થાપન પણ થાય છે.




**ખાદ્યચક્ર:-**

છોડના બંધારણમાં કાર્બન, હાઇડ્રોજન અને ઓક્સિજન (કાર્બોદિત પદાર્થો)નો હિસ્સો ૯૫ થી ૯૬ ટકા જેટલો હોય છે. જેનું નિર્માણ સૂર્યપ્રકાશની હાજરીમાં પ્રકાશસંશ્લેષણની પ્રક્રિયા દ્વારા છોડના પર્ણમાં પાણી અને હવામાં રહેલા કાર્બન ડાયોક્સાઇડના સંયોજનથી થાય છે. પાણી, હવા અને સૂર્યપ્રકાશનું જરૂરિયાત મુજબનું વ્યવસ્થાપન થાય તો છોડની ૯૫ ટકા જરૂરિયાતો સંતોષાય છે. પ્રાકૃતિક કૃષિમાં વાપ્શા, આચ્છાદન અને મિશ્ર પાક પદ્ધતિના આયામોથી આવું જરૂરી વ્યવસ્થાપન થાય છે.

**નાઈટ્રોજન ચક્ર:-**

પાકની વૃદ્ધિ માટે નાઇટ્રોજન તત્વ આવશ્યક છે. હવામાં ૭૮ ટકા નાઈટ્રોજન રહેલો છે. છોડને નાઇટ્રોજન બે પ્રક્રિયા દ્વારા પ્રાપ્ત થાય છે.

જ્યારે આકાશમાં વીજળી થાય છે ત્યારે ટનબંધ નાઇટ્રોજન પાણીમાં દ્રાવ્ય થઈ વરસાદના પાણી દ્વારા જમીનને મળે છે. જમીનમાં સૂક્ષ્મ જીવાણું દ્વારા નાઇટ્રોજનનું સ્થાપન તથા છોડને જરૂરી સ્વરૂપ માં પરિવર્તન થાય છે.

આથી પ્રાકૃતિક કૃષિ પદ્ધતિમાં બહારથી કોઈ પણ પ્રકારના ખાતર આપવાની જરૂરિયાત રહેતી નથી.

FILMY ગપશપ

# બોલિવૂડ એક્ટર સોનુ સૂદે બાંગ્લાદેશની સ્થિતિ ઉપર ચિંતા વ્યક્ત કરી

મુંબઇ,તા.૭

બોલિવૂડ એક્ટર સોનુ સૂદ સામાજિક-રાજકીય મુદ્દાઓ પર તેમના મંતવ્યો શેર કરવા માટે જાણીતા છે. તે ઠ પર પોતાનો અભિપ્રાય તદ્દન સ્વરપૂર્વક વ્યક્ત કરે છે. અભિનેતા સોનુ સૂદ કોવિડના દિવસોથી સમાચારમાં રહે છે અને તેની પાછળનું કારણ તેનું સામાજિક કાર્ય છે. તે લોકોને મદદ કરવા માટે તેના માર્ગમાંથી બહાર નીકળી જાય છે. તેઓ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર સમાજ વિશેના તેમના અભિપ્રાય પણ સરળતાથી વ્યક્ત કરે છે. હવે તાજેતરમાં, સોનુએ ટ્વિટર પર ભારતના નાગરિકોને બાંગ્લાદેશમાં ફસાયેલા તેમના સાથી ભારતીયોને બચાવવા માટે ખાસ અપીલ કરી છે. વાસ્તવમાં, બાંગ્લાદેશમાં હિંસાનો મુદ્દો વધી રહ્યો છે અને આ દરમિયાન શેખ હસીના પણ લશ્કરી વિમાનમાં દેશ છોડીને ભાગી ગઈ છે.



આ સંજોગો જોઈને સોનુ સૂદે ચિંતા વ્યક્ત કરી અને ઈન્સ્ટાગ્રામ પર એક પોસ્ટ શેર કરતા લખ્યું કે, 'આપણે બાંગ્લાદેશથી અમારા તમામ સાથી ભારતીયોને પાછા લાવવાનો પૂરો પ્રયાસ કરવો જોઈએ, જેથી તેઓ અહીં સારું જીવન મેળવી શકે. આ માત્ર અમારી સરકારની જ જવાબદારી નથી જે તેના શ્રેષ્ઠ પ્રયાસો કરી રહી છે, પણ આપણા બધાની જવાબદારી પણ છે. જય હિંદ.'

સોનુ સૂદની આ પ્રતિક્રિયા એક બાંગ્લાદેશી હિન્દુ મહિલાના વીડિયો પર આવી છે જે રડીને પોતાનું દર્દ વ્યક્ત કરી રહી છે. પોતાનું દર્દ વ્યક્ત કરતાં મહિલાએ જણાવ્યું કે કેવી રીતે બાંગ્લાદેશમાં હિન્દુ નરસંહાર થઈ રહ્યો છે અને તે પોતાનો જીવ બચાવવા ભારત જવા માંગે છે. સોનુ સૂદની આ એક્સ પોસ્ટ પહેલા ૫ ઓગસ્ટ-ના રોજ સોનમ કપૂરે બાંગ્લાદેશમાં વધી રહેલા મોત પર ચિંતા વ્યક્ત કરી હતી. તેણે તેની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર પોસ્ટ શેર કરી, જેમાં અથડામણ વચ્ચે એક જ દિવસમાં ૬૬ લોકોના મોત કેવી રીતે થયા તેની વિગતો આપી. અભિનેત્રીએ તેની પોસ્ટને કેપ્શન આપ્યું, 'આ ભયાનક છે. ચાલો આપણે બધા બાંગ્લાદેશી લોકો માટે પ્રાર્થના કરીએ. તમને જણાવી દઈએ કે, સોમવારે દેશભરમાં ફેલાયેલી હિંસામાં ઓછામાં ઓછા ૯૧ લોકો માર્યા ગયા હતા અને સેંકડો ઘાયલ થયા હતા. પોલીસે ટીયર ગેસ અને રબરની ગોળીઓનો ઉપયોગ કરીને હજારો દેખાવકારોને વિખેરવાનો પ્રયાસ કર્યો હતો.

# ખેલ ખેલ મેં'ની રિલીઝ પહેલા અક્ષયે પોતાના ઘરની બહાર લંગર શરૂ કયો

મુંબઇ,તા.૭

અભિનેતા અક્ષય કુમારની ફિલ્મ 'સિરફિરા' બોક્સ ઓફિસ પર કમાલ કરી શકી ન હતી. હવે તેનું સમગ્ર ધ્યાન તેની આગામી ફિલ્મ 'ખેલ ખેલ મેં' પર છે. આ ફિલ્મ આ મહિને રીલિઝ થવા જઈ રહી છે અને ખેલાડીઓ તેના પ્રમોશનમાં પૂરી શક્તિથી વ્યસ્ત છે. જોકે, ફિલ્મની રિલીઝ પહેલા ખિલાડી કુમાર પણ એક ઉમદા કામ કરતો જોવા મળી રહ્યો છે, જેની સોશિયલ મીડિયા પર ખૂબ પ્રશંસા થઈ રહી છે.


મુંબઈની સડકો પર લોકોને ખવડાવતા અક્ષય કુમારની એક તસવીર સોશિયલ મીડિયા પર ખૂબ શેર થઈ રહી છે. તેની એક ફેન ક્લબે એક વીડિયો શેર કર્યો છે, જેમાં અક્ષય અને તેની ટીમ મુંબઈના જુહુમાં તેના ઘરની બહાર લોકોને ભોજન પીરસતા જોવા મળે છે. સમાચાર છે કે અક્ષય તેની આગામી ફિલ્મની સફળતા માટે આ ઉમદા કામ કરતો જોવા મળી રહ્યો છે. વીડિયોમાં અક્ષય ચહેરા પર માસ્ક પહેરીને મહિલાને ભોજનની પ્લેટ આપતા જોવા મળે છે. મહિલા પછી અન્ય લોકોને લંગરમાં સામેલ થવા



માટે બોલાવે છે. નેટીઝન્સ અક્ષયના કામથી ખૂબ જ પ્રભાવિત થયા હતા, તેઓએ વીડિયોના કોમેન્ટ સેક્શનમાં દિલને સ્પર્શી જાય તેવી કોમેન્ટ કરી હતી. એક યુઝરે લખ્યું, "અક્ષય કુમાર સાહેબ ખૂબ જ ડાઉન ટુ અર્થ છે." બીજાએ લખ્યું: "તે ખૂબ નમ્ર છે." ત્રીજા યુઝરે લખ્યું, "અક્કી પાજી, દિલ જીતી લીધું." ફિલ્મ 'ખેલ ખેલ મેં' ૧૫મી ઓગસ્ટે સ્વતંત્રતા દિવસના અવસર પર રિલીઝ થઈ રહી છે. તે બોક્સ ઓફિસ પર ઘણી ફિલ્મો સાથે ટકરાશે જેમાં જહોન અબ્રાહમની ફિલ્મ 'વેદા' અને રાજકુમાર રાવ અને શ્રદ્ધા કપૂરની ફિલ્મ 'સ્ત્રી ૨' સામેલ છે.આ સિવાય 'થંગાલન' અને 'ડબલ સ્માર્ટ' જેવી ફિલ્મો પણ સામેલ છે.



નુસરત ફારિયા બાંગ્લાદેશની જાણીતી મોટી સ્ટાર છે. તે એક મૉડેલ, ગાયક, ટીવી પ્રસ્તુતકર્તા અને રેડિયો જૉકી છે. તેણે પોતાના કેરિયરની શરૂઆત મૉડલિંગથી કરી હતી. તેનો લૂક અને સ્ટાઈલ એકદમ અદભૂત છે. આ સિવાય અભિનેત્રીએ બંગબંધુની બાયૉપિક મુજીબઃ ધ મેકિંગ ઓફ નેશનમાં શેખ હસીનાની ભૂમિકા ભજવી હતી. આ સિવાય તેણે ભારતીય અભિનેતા જીત સાથે પણ કામ કર્યું છે. તે બાદશાહ ધ ડૉન ફિલ્મમાં જોવા મળી હતી. હવે તેના હાથમાં ઘણી ફિલ્મો છે. તે ઢાકા ૨૦40, ભોય, વેડિંગ બેલ્સ, રોકસ્ટાર, ફૂટબોલ, પોરદાર અરાલે જેવી ફિલ્મોમાં જોવા મળશે.



બોલિવૂડ અભિનેત્રી કૃતિ સેનન માટે આ વર્ષ ઘણું સારું રહ્યું. અભિનેત્રીની 'તેરી બાતોં મેં ઐસા ઉલ્ઝા જિયા' અને 'ક્રુ' જેવી ફિલ્મો બોક્સ ઓફિસ પર હિટ રહી છે. તાજેતરમાં તે તેના રૂમર્ડ બોયફ્રેન્ડ કબીર બહિયા અને બહેન નૂપુર સેનન સાથે ગ્રીસમાં વેકેશન એન્જોય કરતી જોવા મળી હતી. તેણે પોતાના વેકેશનની તસવીરો પણ સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી છે. વિદેશમાં પોતાનો જન્મદિવસ ઉજવીને અભિનેત્રી હવે ભારત પરત ફરી છે. આજે સવારે તે મુંબઈ એરપોર્ટ પર સ્ટાઈલિશ દેખાઈ હતી.

# ભૂતપૂર્વ અભિનેત્રી મમતા કુલકર્ણી સામે ડ્રગ્સનો કેસ 'વ્યર્થ અને ખેદજનક'

મુંબઇ,તા.૭

બોલિવૂડની પૂર્વ અભિનેત્રી મમતા કુલકર્ણીને ડ્રગ સંબંધિત કેસમાં બોમ્બે હાઈકોર્ટમાંથી મોટી રાહત મળી છે. કોર્ટે તેની સામે ૨૦૧૬માં નોંધાયેલ ડ્રગ હેરફેરનો કેસ ફગાવી દીધો છે. હાઈકોર્ટે કહ્યું કે કુલકર્ણી સામેની કાર્યવાહી સ્પષ્ટપણે વ્યર્થ અને ખેદજનક છે. આ કેસમાં સુનાવણી ચાલુ રાખવી એ કોર્ટની પ્રક્રિયાનો દુરુપયોગ ગણાશે. જસ્ટિસ ભારતી ડાંગરે અને મંજુષા દેશપાંડેની ડિવિઝન બેન્ચે ૨૨ જુલાઈના રોજ આપેલા આદેશમાં જણાવ્યું હતું કે તે સ્પષ્ટ અભિપ્રાય છે કે કુલકર્ણી વિરુદ્ધ એકત્રિત કરવામાં આવેલી સામગ્રી પ્રાથમિક દૃષ્ટિએ તેમની વિરુદ્ધ કોઈ ગુનો નથી કરતી. તમને જણાવી દઈએ કે, ઓર્ડરની કોપી બુધવારે ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. હાઈકોર્ટે મમતા કુલકર્ણી સામે ચાલી રહેલા ૨૦૦૦ કરોડ રૂપિયાના ડ્રગ સ્મગલિંગ કેસને રદ કરી દીધો છે. ભૂતપૂર્વ અભિનેત્રી પર તેના પતિ વિકી ગોસ્વામી સાથે ડ્રગ્સની દાણચોરીનો આરોપ હતો. કોર્ટે કહ્યું કે મમતા વિરુદ્ધ પૂરતા પુરાવા નથી. આ કારણોસર આ કેસ બંધ છે. બેન્ચે કુલકર્ણી સામે



ડ્રગ્સનો કેસ રદ કર્યો છે. બેન્ચે કહ્યું કે અમે સંતુષ્ટ છીએ કે અરજદાર (કુલકર્ણી) સામે ટ્રાયલ ચાલુ રાખવાથી કોર્ટની પ્રક્રિયાનો દુરુપયોગ થશે. કોર્ટે કહ્યું કે તે એ વાતથી પણ સંતુષ્ટ છે કે એફઆઈઆરને રદ કરવા માટે તેની આંતરિક શક્તિઓનો ઉપયોગ કરવા માટે આ યોગ્ય કેસ છે, કારણ કે કાર્યવાહી સ્પષ્ટપણે વ્યર્થ અને ઉશ્કેરણીજનક છે. વર્ષ ૨૦૧૮ માં, મમતા કુલકર્ણીએ તેની સામેની ફોજદારી કાર્યવાહીને રદ કરવા માટે હાઈકોર્ટનો સંપર્ક કર્યો હતો. મમતાના પતિ વિકી ગોસ્વામીને આ રેકેટનો માસ્ટરમાઈન્ડ માનવામાં આવે છે, જેણે એફેડ્રિનનું ઉત્પાદન અને ખરીદી કરી હતી. ભૂતપૂર્વ અભિનેત્રીએ દાવો કર્યો હતો કે તેને આ કેસમાં ફસાવવામાં આવી રહી છે. તે માત્ર વિકી ગોસ્વામીને જ ઓળખે છે જે આ કેસના સહઆરોપીઓમાંના એક છે. ૧૨ એપ્રિલ, ૨૦૧૬ ના રોજ, થાણે પોલીસના એન્ટી-નાર્કોટિક્સ સેલ વિભાગે બે કારને અટકાવી હતી અને બે થી ત્રણ કિલોગ્રામ એફેડ્રિન, નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સ એક્ટ, ૧૯૮૫ હેઠળ નિયંત્રિત પદાર્થ જપ્ત કર્યો હતો. અહેવાલો અનુસાર, બંને વાહનોમાંથી જપ્ત કરાયેલા પદાર્થની કિંમત લગભગ ૮૦ લાખ રૂપિયા છે. પોલીસે કારના ડ્રાઇવરો સહિત ૧૦ લોકોની ધરપકડ કરી હતી, જેમણે સોલાપુર જિલ્લામાં એક ફેક્ટરીમાંથી નિયંત્રિત પદાર્થ ખરીદ્યો હતો. કોર્ટે કહ્યું હતું કે તે માને છે કે ચાર્જશીટમાં રજૂ કરાયેલા પુરાવા એનડીપીએસ એક્ટની જોગવાઈઓ હેઠળ કુલકર્ણી સામેના આરોપોને સાબિત કરવા માટે પૂરતા નથી.

# સેન્સર બોર્ડે જોન અબ્રાહમ-શર્વરી વાઘની 'વેદ'ને યુએ સર્ટિફિકેટ આપ્યું

મુંબઇ,તા.૭

જહોન અબ્રાહમ અને શર્વરી વાઘ આ દિવસોમાં તેમની આગામી એક્શન-થ્રિલર ફિલ્મ 'વેદ'ને લઈને સતત ચર્ચામાં છે. આ દિવસોમાં જોન અને શર્વરી તેમની ફિલ્મના પ્રમોશનમાં વ્યસ્ત છે. આ ફિલ્મ ૧૫ ઓગસ્ટે સિનેમાઘરોમાં રિલીઝ થવાની છે. હવે સેન્સર બોર્ડે 'વેદ'ના કેટલાક દ્રશ્યો પર તેની ચકાસણી હાથ ધરી છે અને કેટલાક દ્રશ્યોને ઠીક કરવાની સાથે નવા વોઈસ ઓવર ઉમેરવાનું પણ કહ્યું છે.

રિપોર્ટ્સ અનુસાર, ફિલ્મ 'વેદ'ને આખરે સેન્ટ્રલ બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશન તરફથી યુ એ સર્ટિફિકેટ મળ્યું છે. સીબીએફસી એ ઓગસ્ટ ૬ ના રોજ 'વેદ'ને યુએ પ્રમાણપત્ર આપ્યું હતું, કારણ કે તેની સામગ્રી ૯ મિનિટ-થી વધુ કાપવામાં આવી હતી. સેન્સર બોર્ડે નિર્માતાઓને તેના ૧ મિનિટ ૧૬ સેકન્ડના ડિસ્ક્લેમરમાં ફેરફાર કરવા અને વૉઇસ ઓવર ઉમેરવા જણાવ્યું છે. વધુમાં, એક સંવાદ જે કથિત રીતે મહિલાઓ અને સામાજિક ઓળખ પ્રત્યે



અપમાનજનક હતો તેને પણ બદલવા માટે કહેવામાં આવ્યું છે. અપમાનજનક શબ્દને પણ 'બાના' સાથે બદલવામાં આવ્યો છે.

રિપોર્ટ્સ અનુસાર, હવે ફિલ્મમાંથી ૨ મિનિટ ૧૬ સેકન્ડ લાંબા લટકતા સીનને પણ હટાવી દેવામાં આવ્યો છે. જોધપુર હાઈકોર્ટનો ઉલ્લેખ કરતી વખતે નિર્માતાઓને 'જોધપુર' શબ્દને મ્યૂટ કરવા પણ કહેવામાં આવ્યું છે. કોર્ટ પરિસરની અંદર હિંસાના દ્રશ્યો પણ 30% ઘટાડવા માટે કહેવામાં આવ્યું છે. ફિલ્મના એક દ્રશ્યમાં, એક પાત્ર મોબાઈલ ફોન પર સંસ્કૃત શ્લોકો ધરાવતો ઓડિયો ટ્રેક સાંભળતો જોવા મળે છે. હવે સેન્સર બોર્ડે આને પણ હટાવી દીધું છે. શાબ્દિક માહિતી 'બ્રાહ્મણનો પુત્ર...શુદ્રનો પુત્ર' પણ દૂર કરવાનું કહેવામાં આવ્યું છે. છેલ્લે, નિર્માતાઓને ચલણી નોટ ફાડવાના દ્રશ્યોને અસ્પષ્ટ કરવા માટે પણ કહેવામાં આવ્યું છે.

'વેદ'માં જોન અબ્રાહમ ઉપરાંત અભિષેક બેનર્જી અને શર્વરી વાઘ પણ મહત્વની ભૂમિકામાં જોવા મળશે. આ ફિલ્મમાં તમન્ના ભાટિયા પણ જોવા મળશે. 'વેદ' ૧૫ ઓગસ્ટ, ૨૦૨૪ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થશે. આનો અર્થ એ છે કે તે બોક્સ ઓફિસ પર રાજકુમાર રાવ અને તમન્ના ભાટિયાની સ્ટ્રી ૨ સાથે ટકરાશે.

# જ્વેલરી બ્રાન્ડે અવનીત કૌર પર છેતરપિંડીનો આરોપ લગાવ્યો

મુંબઇ,તા.૭

પોતાની પ્રોફેશનલ લાઈફ ઉપરાંત એક્ટ્રેસ અને સોશિયલ મીડિયા ઈન્ફ્લુઅન્સર અવનીત કૌર તેની પર્સનલ લાઈફને લઈને ઘણી ચર્ચામાં રહે છે. હવે તાજેતરમાં, અભિનેત્રી પર જ્વેલરી બ્રાન્ડ દ્વારા છેતરપિંડીનો આરોપ મૂકવામાં આવ્યો છે. આરોપ છે કે અનેક વચનો આપ્યા બાદ પણ અભિનેત્રીએ બ્રાન્ડની વસ્તુઓનો ઉપ યોગ કર્યા બાદ પણ ક્રેડિટ આપી ન હતી. આ વિવાદ ત્યારે સામે આવ્યો જ્યારે બ્રાન્ડના સત્તાવાર ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટે અભિનેત્રી સાથેની તેમની વાતચીતના કેટલાક સ્ક્રીનશોટ શેર કર્યા. જોકે, મુશ્કેલી ત્યારે શરૂ થઈ



જ્યારે બ્રાન્ડને ખબર પડી કે અવનીતે તેણીની કોઈપણ જ્વેલરી પોસ્ટમાં તેમને ક્રેડિટ આપવાનું પોતાનું વચન પાળ્યું નથી. જ્યારે બ્રાન્ડે અભિનેત્રીનો સંપર્ક કર્યો, ત્યારે અવનીતે તેમને ખાતરી આપી કે તે ચોક્કસપણે તેમના ઘરેણાં વિશે પોસ્ટ કરશે. આ ખાતરીઓ છતાં, બ્રાન્ડે દાવો કર્યો હતો કે તેમને અભિનેત્રીની પોસ્ટમાં આવી કોઈ ક્રેડિટ દેખાઈ નથી.

બ્રાન્ડ દ્વારા ઈન્સ્ટાગ્રામ પર શેર કરવામાં આવેલી એક પોસ્ટમાં લખ્યું હતું કે, "અવનીતે તેના મહિનાના યુરોપ વેકેશન દરમિયાન કુલ સાત વખત અમારી જ્વેલરી પહેરી હતી. તેણીએ વધુમાં ઉમેર્યું, "સ્ટાઈલિસ્ટે કહ્યું કે તેણીએ અવનીત સાથે વાત કરી. તે ૫ છી એક અલગ પોસ્ટમાં અમારી બ્રાન્ડને અન્ય પોશાક સાથે ક્રેડિટ આપવા માટે સંમત થઈ. જો કે, જ્યારે અવનીતે ફરીથી પોસ્ટ કર્યું, ત્યારે તેણે હજી પણ ક્રેડિટ ન આપી." સ્ટાઈલિશ પૂછે છે કે તેણે અમારી બ્રાન્ડને ક્રેડિટ કેમ નથી આપી?


# આયુષ્માન ખુરાનાએ બૉર્ડર ૨માં કામ કરવાની ના પાડી

મુંબઇ,તા.૭

૧૯૯૭માં આવેલી 'બૉર્ડર'ને ૧૩ જૂને ૨૭ વર્ષ પૂરાં થયાં ત્યારે સની દેઓલે આ ફિલ્મની સીક્વલ બનાવવાની જાહેરાત કરી હતી અને એ માટેની જવાબદારી અનુરાગ સિંહને સોંપી હતી. સની દેઓલ અને આયુષ્માન ખુરાના 'બૉર્ડર ૨'માં લીડ ઍક્ટર હશે એવી જાહેરાત થઈ હતી, પણ હવે જાણવા મળે છે કે આયુષ્માન ખુરાના આ ફિલ્મમાં કામ કરવા જ નથી માગતો.

જાણવા મળ્યું છે કે આયુષ્માન આ ફિલ્મમાં પહેલાં સૈનિકની ભૂમિકા કરવા તૈયાર હતો, પણ પછી આયુષ્માનને લાગ્યું કે સની દેઓલ સામે તે પ્રભાવી રીતે ભૂમિકાને ન્યાય આપી શકશે નહીં.

મૂળ ફિલ્મ 'બૉર્ડર' જે. પી. દત્તાએ બનાવી હતી અને એમાં સની દેઓલ, સુનીલ શેટ્ટી, અક્ષય ખન્ના અને જૅકી શ્રોફ જેવા પીઢ કલાકારો હતા. એવું જાણવા મળે છે કે ડિરેક્ટર અનુરાગ



સિંહ સીક્વલને પણ સ્ટાર-સ્ટડેડ બનાવવા માગે છે. આ વૉર-ડ્રામામાં પંજાબી ઍક્ટર-સિંગર દિલજિત દોસંજ પણ જોવા મળી શકે છે. જોકે આ મુદ્દે કંઈ જ સ્પષ્ટ જાણકારી મળતી નથી કે નિર્માતાઓએ દિલજિતનો સંપર્ક કર્યો હતો કે નહીં. એવું પણ શક્ય છે કે દિલજિત અને સની દેઓલ એકસાથે સ્ક્રીન પર જોવા મળી શકે, કારણ કે ઉત્તર ભારતમાં આ બે સ્ટારના લાખો ચાહકો છે. નવેમ્બરમાં આ ફિલ્મ ફ્લોર પર જશે.

SPORTS કોર્નર

# બુમરાહ મારા કરતા એક હજાર ગણો વધુ સારો બોલર છેઃ કપિલ

નવીદિલ્હી,તા.૨૮

ભારત માટે સૌપ્રથમ વખત (૧૯૮૩) વર્લ્ડ કપ જીતનાર ક્રિકેટ ટીમના સુકાની કપિલ દેવે જણાવ્યું કે, જસપ્રિત બુમરાહ મારા કરતા એક હજાર ગણો વધુ સારો બોલર છે. પ્રવર્તમાન ટી૨૦ વર્લ્ડ કપમાં બુમરાહનો અસાધારણ દેખાવ જોવા મળ્યો છે અને ટીમ ઈન્ડિયાના આ પેસ બોલરે અત્યાર સુધી ૨૩ ઓવર ફેંકી છે જેમાં ૪.૦૮ની ઈકોનોમી સાથે ૧૧ વિકેટ ઝડપી છે. કપિલ દેવે ટીમ ઈન્ડિયાના ખેલાડીઓની ફિટનેસની પણ પ્રશંસા કરી હતી. તેમણે જણાવ્યુ કે, બુમરાહ મારા કરતા એક હજાર ગણો શ્રેષ્ઠ છે. અમારી પાસે વ્યાપક અનુભવ હતો. તે વધુ સારો છે. જસપ્રિત બુમરાહ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં શ્રેષ્ઠ પેસ બોલર્સની યાદીમાં સ્થાન ધરાવે છે અને તેણે ભારત તરફથી ૨૬ ટેસ્ટ રમતા ૧૫૯ વિકેટ ઝડપી છે. આ ઉપરાંત ૮૯ વન-ડેમાં તેના નામે ૧૪૯ વિકેટ જ્યારે ટી૨૦માં ૬૮ મેચમાં ૮૫ વિકેટ છે. ભારતના મહાન ક્રિકેટર કપિલ દેવના નામે ૪૩૪ ટેસ્ટ વિકેટ છે અને તેને ભારતના સર્વકાલિન ઓલ-રાઉન્ડર ગણવામાં આવે છે. કપિલ દેવે વન-ડે



માં ૨૫૩ વિકેટ પણ લીધી છે. કપિલ દેવે ભારતીય ટીમના ખેલાડીઓની ફિટનેસ અંગે જણાવ્યું કે, આ લોકો ઘણા ફિટ છે તેમજ મહેનતુ પણ છે. તેઓ ખરેખર અદભૂત છે.

ભારતના દિગ્ગજ ક્રિકેટર કપિલ દેવે ભારતને ટી૨૦ વર્લ્ડ કપ જીતવા માટે ટીમ તરીકે રમવાની સલાહ આપી છે. ૮૩ના વર્લ્ડ કપ વિજેતા સુકાનીના મતે કોઈ વ્યક્તિગત કૌશલ્ય નહીં પ રંતુ સંયુક્ત પ્રયાસ જ રોહિત એક દાયકાથી વધુના આઈસીસી ટ્રોફી જીતવાના દુકાળનો અંત લાવી શકશે કે કેમ તેના પાછળનું મુખ્ય પરિબળ રહેશે. મેચ જીતવા એકાદ ખેલાડી સારું રમે તે જરૂરી છે પરંતુ ટુર્નામેન્ટ જીતવા સામૂહિક પ્રયાસ જરૂરી છે.

# શુભમન સારા સાથે નહીં પણ ટીવી સ્ટાર રિદ્ધિમા પંડિત સાથે લગ્ન કરવા જઈ રહ્યો છે

મુંબઈ,તા.૧

બોલિવૂડ એક્ટ્રેસ સારા અલી ખાન સાથે શુભમન ગિલનું નામ જોડાઇ ચૂક્યું છે. તો ક્યારેક તેનું નામ ક્રિકેટ લેજન્ડ સચિન તેંડુલકરની લાડલી સારા તેંડુલકર સાથે પણ ચર્ચાય છે. શુભમન ગિલને પણ જાણે કે આવી રીતે ચર્ચામાં રહેવું ગમતું હોય એમ લાગે છે કારણ કે એણે ક્યારેય કોઇ પણ સારા સાથેના સંબંધો પર કોઇ પ્રતિભાવ આપ્યો નથી. જોકે, હવે શુભમનના લગ્નના સમાચાર જાણવા મળી રહ્યા છે.

આવા સંજોગોમાં બધાને જ એ જાણવાની તાલાવેલી છે કે આ હેન્ડસમ હંકને કોણ પટાવી ગયું. તો ચાલો આપણે એ જાણીએ.શુભમન સારા સાથે નહીં પણ ટીવી સ્ટાર રિદ્ધિમા પંડિત સાથે લગ્ન કરવા જઈ રહ્યો છે. બંનેની લગ્નની તારીખ પણ નક્કી થઇ ગઇ છે. શુભમન ગિલ અને રિદ્ધિમા પંડિત ડિસેમ્બર ૨૦૨૪માં લગ્ન કરવા જઈ રહ્યા છે. શુભમન અને રિદ્ધિમા તેમના લગ્નને ગુપ્ત રાખવા માંગે છે. શુભમન અને રિદ્ધિમા આ દિવસોમાં એકબીજાને ડેટ કરી રહ્યાં છે. રિદ્ધિમા



પંડિત એક ટીવી અભિનેત્રી છે અને તેણે વર્ષ ૨૦૧૬માં ટીવી શો 'બહુ હમારી રજનીકાંત' દ્વારા અભિનયની દુનિયામાં પ્રવેશ કર્યો હતો.

આ પછી રિદ્ધિમા પંડિત ધ ડ્રામા કંપની, ડાન્સ ચેમ્પિયન, યો કે હુઆ બ્રો (૨૦૧૭), હમ આઇ એમ બિકોઝ ઑફ અસ, દીવાને અંજાને (૨૦૧૮), ફિયર ફેક્ટર-ખતરો કે ખિલાડી, કિચન કિચન ચેમ્પિયન, ખતરામાં જોવા મળી હતી. ખતરા, ખતરા (૨૦૧૯), હવાયેન- ધ મોન્સ્ટર (૨૦૧૯), કુંડલી ભાગ્ય (૨૦૨૦) અને ૨૦૨૧ માં બિગ બોસ OTTમાં સર્ધકના રૂપમાં જોવા મળી હતી.રિદ્ધિમા પંડિત મુંબઇની રહેવાવાળી છે અને તેની ઉંમર ૩૩ વર્ષની છે, જ્યારે શુભમન ગિલ ૨૪ વર્ષનો છે.

રિદ્ધિમા ટીવી સિરિયલ નાગિનની સાતમી સિઝનથી કમ બેક કરી રહી છે. જોકે, આ મામલે હવે અભિનેત્રી રિદ્ધિમાની પણ પ્રતિક્રિયા આવી છે. રિદ્ધિમાએ ઈન્સ્ટાગ્રામ પર એક વીડિયો શેર કરીને જણાવ્યું છે કે આવું કંઇ નથી. જ્યારે લગ્ન થવાના હશે ત્યારે તમને બધાને જણાવીશ.

# ઈંગ્લેન્ડના બોલર બ્રાઈડન કાર્સે ૩૦૩ મેચોમાં સટ્ટાબાજી કરી, પ્રતિબંધ લાગ્યો

મુંબઇ,તા.૧

આઈસીસી ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૪ની શરૂઆત પહેલા જ ક્રિકેટની દુનિયામાંથી ચોંકાવનારા સમાચાર સામે આવ્યા છે. આ સમાચારે સમગ્ર ક્રિકેટ જગતમાં હડકંપ મચાવી દીધો છે. ઈંગ્લેન્ડ ટીમના સ્ટાર ખેલાડી પર સટ્ટાબાજીના કારણે પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે. આ ખેલાડીએ એક-બે મેચ પર નહીં પરંતુ ૩૦૩ મેચો પર સટ્ટો લગાવ્યો હતો. આ ફાસ્ટ બોલરે પોતે જ આ વાત સ્વીકારી લીધી છે.

ઈંગ્લેન્ડના બોલર બ્રાઈડન કાર્સે પર ૩૦૩ મેચો પર સટ્ટો લગાવવા બદલ તમામ પ્રકારની ક્રિકેટમાંથી પ્રતિબંધિત લગાવી દેવામાં આવ્યો છે. ક્રિકેટરને ૧૬ મહિનાની સજા ફટકારવામાં આવી છે. મીડિયા અહેવાલ પ્રમાણે કાર્સે આ ૧૬ મહિનામાં ૧૩ મહિના માટે સસ્પેન્ડ રહેશે.

કાર્સે પર બે વર્ષથી વધુ સમય સુધી વિવિધ પ્રકારની ક્રિકેટ મેચો પર ૩૦૩ મેચોમાં સટ્ટાબાજી કરીને ભ્રષ્ટાચાર વિરોધી નિયમોનું ઉલ્લંઘન કરવાનો આરોપ લગાવવામાં આવ્યો છે. કાર્સેએ પોતાની સામે લાગેલા સટ્ટાબાજીના આરોપો સ્વીકારી લીધા છે. સ્વતંત્ર નિયામક સંસ્થા



દ્વારા કરવામાં આવેલી તપાસમાં તેમણે ૨૦૧૭ અને ૨૦૧૯ વચ્ચે વિવિધ ક્રિકેટ મેચો પર ૩૦૩ મેચોમાં સટ્ટાબાજી કરીને ઈસીબી જુગાર નિયમનું ઉલ્લંઘન કર્યું છે. જો કે, તપાસમાં એ વાત પણ સામે આવી છે કે, તેમણે એ મેચો પર દાવ નહોતો લગાવ્યો જેમાં તે રમી રહ્યો હતો. પરંતુ એક અહેવાલમાં જણાવાયું છે કે તેણે ડરહમની મેચો પર પૈસા લગાવ્યા હતા. પોતાના પર લાગેલા પ્રતિબંધના કારણે કાર્સે ૨૮ ઓગસ્ટ સુધી નહીં રમી શકશે. જેના કારણે વેસ્ટ ઈન્ડિઝ સામે ઈંગ્લેન્ડની ટેસ્ટ સિરિઝમાં તેની સંભવિત ભાગીદારી સમાપ્ત થઈ ગઈ છે.


આ સમગ્ર મામલે ઈંગ્લેન્ડ ક્રિકેટ બોર્ડના પ્રવક્તાએ કહ્યું કે, અમે આ બાબતોને ખૂબ જ ગંભીરતાથી લઈએ છીએ અને ક્રિકેટમાં કોઈપણ પ્રકારના ભ્રષ્ટાચાર વિરોધી ઉલ્લંઘનને સહન નથી કરતા. અમે આશા રાખીએ છીએ કે તેનો કેસ અન્ય ક્રિકેટરો માટે ઉપદેશક ઉદાહરણ બની શકશે.બીજી તરફ ક્રિકેટ રેગ્યુલેટર ઈન્ટરિમ ડાયરેક્ટર ડેવ લુઈસે કહ્યું કે, ક્રિકેટ રેગ્યુલેટર ગેરવર્તણૂકના કોઈપણ ઉલ્લંઘનને ગંભીરતાથી લે છે. આ કાર્યવાહી બાદ અન્ય ક્રિકેટરો સુધરશે.

૨૮ વર્ષીય બોલિંગ ઓલરાઉન્ડર કાર્સેએ ઈંગ્લેન્ડ માટે ૧૪ વૈ મેચમાં ૧૫ વિકેટ ઝડપી છે. આ ઉપરાંત તેણે ૩૨ રન પણ બનાવ્યા છે. બીજી તરફ કાર્સેએ ઈંગ્લેન્ડ માટે ૩ ટી ૨૦ ઈન્ટર નેશનલ મેચમાં ૪ વિકેટ ઝડપી છે. કાર્સે એ જ બોલર છે જેને ભારતમાં આયોજિત વનડે વર્લ્ડ કપમાં ઈંગ્લેન્ડની ટીમમાં રીસ ટોપ્લેના સ્થાન પર સામેલ કરવામાં આવ્યો હતો. રીસ ટોપ્લેવર્લ્ડ કપ દરમિયાન ઈજાગ્રસ્ત થઈ ગયો હતો. જોકે, કાર્સેને વર્લ્ડ કપ દરમિયાન મેચ રમવાની તક નહોતી મળી. કાર્સેને ઈસીબીએ સેન્ટ્રલ કોન્ટ્રાક્ટમાં ૨ વર્ષ માટે સામેલ કર્યો હતો.

# ગુજરાત ૭.૧૫ કરોડથી વધુ વૃક્ષારોપણ સાથે દેશમાં બીજા ક્રમે : વન મંત્રી

ગાંધીનગર,તા.૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા 'વિશ્વ પર્યાવરણ દિવસ' તા. ૫ જૂન નિમિતે શરૂ કરાયેલું રાષ્ટ્રવ્યાપી 'એક પેડ મા કે નામ' અભિયાન આજે સાચા અર્થમાં ગુજરાત સહિત દેશના રાજ્યો-કેન્દ્ર શાસિત પ્રદેશમાં 'જન અભિયાન' પ્રસ્થાપિત થઇ રહ્યું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં આ અભિયાન અંતર્ગત ગુજરાતે સમગ્ર દેશમાં તા. ૬ ઓગસ્ટ ૨૦૨૪ની સ્થિતિએ બીજા નંબરે સૌથી વધુ ૭.૧૫ કરોડથી વધુ વૃક્ષારોપણ કરી રાજ્યમાં ગ્રીન કવરમાં વધારો કરવા નવો કીર્તિમાન સ્થાપ્યો છે. જ્યારે વસ્તી-વિસ્તારના સાપેક્ષમાં ઉત્તરપ્રદેશ ૮.૮૮ કરોડ વૃક્ષારોપણ સાથે દેશમાં પ્રથમ ક્રમે છે.



આ સાથે 'એક પેડ મા કે નામ' અભિયાન હેઠળ આજ સુધીમાં દેશના ૩૭ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં મળીને કુલ ૨૯.૩૭ કરોડથી વધુ વૃક્ષો વાવીને વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં વૈશ્વિક સ્તરે પર્યાવરણ ક્ષેત્રે ભારતે નવો રેકોર્ડ સ્થાપ્યો છે તેમ, વન અને પર્યાવરણ મંત્રીશ્રી મુળુભાઈ બેરા 'એક પેડ મા કે નામ' અભિયાન વિશે વિગતો આપતા જણાવ્યું હતું.

વન મંત્રી મુળુભાઈ બેરાએ કહ્યું હતું કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વડા પ્રધાનશ્રીના પર્યાવરણલક્ષી 'એક પેડ મા કે નામ' અભિયાનનો ગુજરાતમાં સૌ પ્રથમ ગાંધીનગરથી પોતાના માતાના નામે એક વૃક્ષ વાવીને પ્રારંભ કરાવ્યો હતો. આ અભિયાનમાં સહભાગી થઈને ગુજરાતના મંત્રી મંડળના સભ્યશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, સાંસદ સભ્યશ્રીઓ, પદાધિકારીઓ, અધિકારીઓ, શૈક્ષણિક-સ્વૈચ્છિક સંસ્થાઓ અને પર્યાવરણ પ્રેમી નાગરિકોએ પોતાની માતાની યાદમાં એક વૃક્ષ વાવીને તેને ઉછેરવાની કાળજી લઈ રહ્યા છે. આ જન અભિયાનના પરિણામ સ્વરૂપે ગુજરાત આજે ઉત્તરપ્રદેશ બાદ સમગ્ર દેશમાં બીજા ક્રમે છે પરંતુ વર્ષ ૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ ઉત્તરપ્રદેશ દેશમાં સૌથી વધુ અંદાજે ૧૯.૯૮ કરોડની વસ્તી ઉપરાંત ૨,૪૦,૯૨૮ ચોરસ કિલોમીટર ક્ષેત્રફળ ધરાવતું રાજ્ય છે.

# ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડને વિશ્વાસ, બે વર્ષમાં ભારત ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની જશ

નવીદિલ્હી,તા.૭

વાઈસ પ્રેસિડેન્ટ જગદીપ ધનખરે બુધવારે કહ્યું કે ભારતની પ્રગતિને રોકી શકાતી નથી અને બે વર્ષમાં દેશ વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની જશે.૧૦મા રાષ્ટ્રીય હાથશાળ દિવસના અવસરે તેમના સંબોધનમાં ઉપરાષ્ટ્રપતિએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે જો આપણે આબોહવા પરિવર્તન વિશે વિચારીશું, તો હાથશાળને પ્રોત્સાહન આપવા માટે તેનો શ્રેષ્ઠ ઉપયોગ કરવામાં આવશે, જે સમયની જરૂરિયાત છે, દેશની જરૂરિયાત છે.

ધનખરે કહ્યું કે આર્થિક સ્વતંત્રતા વડા પ્રધાનના 'વોકલ ફોર લોકલ' કોલના મૂળમાં છે. હેન્ડલૂમ ઉત્પાદનો તેના મુખ્ય ઘટકોમાંનું એક છે.આર્થિક રાષ્ટ્રવાદ માટે મજબૂત પિચ બનાવતા, ધનખરે કહ્યું કે તે દેશના "મૂળભૂત આર્થિક વિકાસ" માટે મૂળભૂત છે. આનાથી વિદેશી હૂંડિયામણની બચત, રોજગાર સર્જન અને ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન સહિત ત્રણ મુખ્ય અસરો થશે.ઉપરાષ્ટ્રપતિએ કહ્યું, "હું ઈચ્છું છું કે દરેક વ્યક્તિ રાષ્ટ્રીય હિતનું સન્માન કરે. શું આપણે માત્ર રાજકોષીય લાભ ખાતર આર્થિક રાષ્ટ્રવાદનું બલિદાન આપી શકીએ?.. ધનખરે કહ્યું કે ભારત વિશ્વનો સૌથી વધુ વસ્તી ધરાવતો દેશ છે અને "આજે કોઈ એવું કહી શકે નહીં કે આપણે સંભાવનાઓથી ભરેલું રાષ્ટ્ર છીએ, કારણ કે આપણે પ્રગતિ કરી રહ્યા છીએ." તેમણે કહ્યું, "...આપણે વિશ્વની પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા છીએ. અમે બે વર્ષ કે તેનાથી ઓછા સમયમાં વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનીશું.તેમણે દેશવાસીઓને સાડી, કુર્તા, શાલ વગેરે જેવી હેન્ડલૂમ પ્રોડક્ટ્સ ખરીદવાની આદત બનાવવાનો સંકલ્પ લેવાનું આહ્વાન કર્યું,

# બાંગ્લાદેશમાં સ્થિતિ જલ્દી સામાન્ય થઈ જશે : પાકિસ્તાન

ઈસ્લામાબાદ,તા.૭

બાંગ્લાદેશમાં હિંસા અને હંગામાથી જો કોઈ દેશ સૌથી વધુ ખુશ છે તો તે તેનો પાડોશી અને દુશ્મન પાકિસ્તાન છે... તેની પાછળ ઘણા કારણો છે. બાંગ્લાદેશ પાકિસ્તાનથી અલગ થઈ ગયું. બાંગ્લાદેશને આઝાદ કરવામાં અને અલગ દેશ બનાવવા માટે ભારતની ભૂમિકા સૌથી મહત્વપૂર્ણ હતી. આ જ કારણ છે કે બાંગ્લાદેશ ભારતનું શ્રેષ્ઠ મિત્ર હતું. પરંતુ પાકિસ્તાન અને ચીન બાંગ્લાદેશમાં ખાડો પાડવા માંગતા હતા. ભૂતપૂર્વ વડા પ્રધાન શેખ હસીના હેઠળ તે શક્ય નહોતું. શેખ હસીનાના કટ્ટર વિરોધી ખાલિદ ઝિયા કટ્ટરપંથી ઈસ્લામ અને પાકિસ્તાનના સમર્થક છે. આવી સ્થિતિમાં પાકિસ્તાનને હવે લોટરી લાગી છે. બાંગ્લાદેશમાં હવે ભારત વિરોધી બીજ વાવવામાં આવી રહ્યા છે. તેથી પાકિસ્તાન સૌથી વધુ ખુશ છે.

હવે બાંગ્લાદેશમાં તખ્તાપલટના ત્રીજા દિવસે પાકિસ્તાનની પહેલી પ્રતિક્રિયા સામે આવી છે. પાકિસ્તાને આજે બાંગ્લાદેશના લોકો સાથે એકતા અને સહાનુભૂતિ વ્યક્ત કરવાનો ઢોંગ કર્યો છે. પાકિસ્તાને કહ્યું કે અમને આશા છે કે દેશમાં સ્થિતિ જલ્દી સામાન્ય થઈ જશે. તમને જણાવી દઈએ કે સરકારી નોકરીઓમાં અનામતને લઈને વિદ્યાર્થીઓના વિરોધના કારણે શેખ હસીનાએ વડા પ્રધાન પદ પરથી રાજીનામું આપીને ભારત જવું પડ્યું હતું. બાંગ્લાદેશમાં હિંસામાં મૃત્યુઆંક વધીને ૪૪૦ થઈ ગયો છે. હસીનાના રાજીનામા બાદ સેનાએ સત્તા સંભાળી હતી. બાંગ્લાદેશના રાષ્ટ્રપતિ મોહમ્મદ શહાબુદ્દીને મંગળવારે સંસદ ભંગ કરી દીધી હતી અને નોબેલ પુરસ્કાર વિજેતા મોહમ્મદ યુનુસ (૮૪)ને આગામી વચગાળાની સરકારના વડા તરીકે નિયુક્ત કર્યા હતા. "પાકિસ્તાનની સરકાર અને લોકો બાંગ્લાદેશના લોકો સાથે એકતામાં ઉભા છે અને સામાન્ય સ્થિતિમાં વહેલા પાછા આવવાની નિષ્ઠાપૂર્વક આશા રાખે છે," પાકિસ્તાનના વિદેશ કાર્યાલયે બાંગ્લાદેશના વિકાસ પર તેની પ્રથમ પ્રતિક્રિયામાં જણાવ્યું હતું.

# કોંગ્રેસની ન્યાય યાત્રાનો રોડમેપ રેડી! કોંગ્રેસના નેતાઓએ પત્રિકાનું વિતરણ કર્યું

મોરબી,તા.૭

ગુજરાતમાં બનેલી દુર્ઘટનાઓમાં ૨૪૦ જેટલા લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે અને તે ભોગ બનેલા વ્યક્તિઓના પરિવારોને આજની તારીખે ન્યાય મળ્યો નથી. જેથી કરીને મોરબીથી ગુજરાત ન્યાય યાત્રા કોંગ્રેસ શરૂ કરવાની છે. જેના માટે મોરબીના લોકોને જાગૃત કરવા માટે સતત આજે બીજા દિવસે કોંગ્રેસના ધારાસભ્ય અને પ્રદેશ કોંગ્રેસના કાર્યકારી પ્રમુખની આગેવાની હેઠળ મોરબીના રવાપર રોડ અને સનાળા રોડ ઉપર વેપારીઓની દુકાને દુકાને અને ઘરે ઘરે જઈને લોકોને પત્રિકાનું વિતરણ કરવામાં આવ્યું હતું અને ન્યાય યાત્રામાં જોડાવા અપીલ કરી હતી.

મોરબીમાં ઝુલતા પુલ દુર્ઘટના, વડોદરામાં હરણી દુર્ઘટના, રાજકોટમાં ગેમ ઝોન વગેરે જેવી જે દુર્ઘટનાઓ છે, તેમાં કુલ મળીને ૨૪૦



જેટલા લોકોના જીવ ગયા છે. પરંતુ આજની તારીખે તે ભોગ બનેલા વ્યક્તિઓના પરિવારજનોને ન્યાય મળ્યો નથી અને કોર્ટની અંદર કેસ ચાલી રહ્યા છે ત્યારે ભોગ બનેલા પરિવારોને ન્યાય મળે અને તેના પરિવારને વધુમાં વધુ વળતર મળે તેમજ આરોપીઓને સજા થાય તે માટે કોંગ્રેસ દ્વારા આગામી ૯ ઓગસ્ટથી મોરબીથી ગુજરાત ન્યાય યાત્રા શરૂ કરવામાં આવનાર છે. આજે સતત બીજા દિવસે ગુજરાત પ્રદેશ કોંગ્રેસના કાર્યકારી પ્રમુખ અને કોંગ્રેસના ધારાસભ્ય જીગ્નેશભાઈ મેવાણી, મોરબી જિલ્લા કોંગ્રેસના પ્રમુખ કિશોરભાઈ ચીખલીયા તેમજ ગુજરાત સેવા દળના પ્રમુખ લાલજીભાઈ સહિતનાઓની આગેવાની હેઠળ મોરબીના રવાપર રોડ અને સનાળા રોડ ઉપર વેપારીઓની દુકાને દુકાને અને લોકોના ઘરે ઘરે જઈને તેઓને પત્રિકા આપવામાં આવી હતી.

ગુજરાત ન્યાય યાત્રામાં જોડાવા માટે અને ભોગ બનેલા પરિવારોને ન્યાય મળે તે માટે સહકાર આપવા માટે આજે પણ અપીલ કરવામાં આવી હતી. લોકો તરફથી પણ ખૂબ સારો સહકાર મળી રહ્યો છે અને ગુજરાત ન્યાય યાત્રામાં મોટી સંખ્યામાં લોકો જોડાશે તેઓ વિશ્વાસ કોંગ્રેસના ધારાસભ્ય વ્યક્ત કર્યો હતો.

# ગુજરાત ATSની મુંબઈમાં રેડ, ડ્રગ્સ કેસના ફરાર આરોપી ૮૦૦ કરોડના ડ્રગ્સ સાથે ઝડપાયા

સુરત, તા.૦૭

ગુજરાત ATS દ્વારા થોડા દિવસ પહેલા સુરતના પલસાણા તાલુકામાં કારેલી ગામની એક ફેક્ટરીમાં દરોડો પાડવામાં આવ્યો હતો. આ ફેકટરી માંથી MD ડ્રગ્સ મોટી માત્રામાં મળી આવ્યું હતું. જેની તપાસમાં વધુ બે આરોપીના નામ સામે આવ્યા હતા જેના પકડવાના બાકી હતાં. આરોપીઓની શોધખોળ કરતા ગુજરાત છ્જીને આરોપીઓ દ્વારા મુંબઈમાં એમડી ડ્રગ્સ બનાવતા હોવાનું જાણવા મળ્યું હતું, જેના આધારે પોલીસે મુંબઈથી બે આરોપીની ધરપકડ કરી ૮૦૦ કરોડની કિંમતનું ડ્રગ્સ જપ્ત કર્યું છે. ગુજરાત છ્જી દ્વારા ગત તારીખ ૧૮ જુલાઈના રોજ સુરતના પલસાણા તાલુકાના કારેલી ગામમાં એક ફેક્ટરીમાં દરોડો પાડવામાં આવ્યો હતો. જ્યાંથી ગેરકાયદેસર રીતે એમડી ડ્રગ્સ બનતું હોવાનું સામે આવ્યું હતું. છ્જી દ્વારા ફેક્ટરી માંથી ચાર કિલો મેફેડ્રોન અને ૩૧.૪૦૯ કિલો લિક્વિડ મેફેડ્રોન મળી કુલ ૫૧ કરોડથી વધુનો મુદ્દામાલ પકડી પાડ્યો હતો. ફેક્ટરીમાં ડ્રગ્સ બનાવતા ત્રણ આરોપીઓની પણ ધરપકડ કરવામાં આવી હતી. જેની પૂછપરછમાં સામે આવ્યું કે આ સમગ્ર કેસમાં મોહમ્મદ યુનુસ ઉર્ફે એજાજ અને મોહમ્મદ આદિલ પણ સામેલ હતા, જેથી ગુજરાતી એટીએસ બંને આરોપીઓની શોધખોળ હાથ ધરી હતી. જેની તપાસમાં ગુજરાત ATSને માહિતી મળી હતી કે મુંબઈના ચીંચબંદર વિસ્તારમાં મોહંમદ યુનુસ તેનો ભાઈ મોહમ્મદ આદિલ ભિવંડી વિસ્તારમાં એક ફ્લેટમાં એમડી ડ્રગ્સ બનાવી રહ્યા છે. જે માહિતીનાં આધારે ગુજરાત ATS એ મુંબઈમાં દરોડો પાડી બંને ભાઈઓની ધરપકડ કરી છે. ગુજરાત ATS દ્વારા માહિતીના આધારે મુંબઈના ભિવંડી વિસ્તારના નદી નાકા પાસે આવેલા ફ્લેટમાં દરોડા પાડ્યા હતા. જ્યાં એમડી ડ્રગ્સ બનાવવાની પ્રક્રિયા ચાલુ હાલતમાં મળી આવી હતી. ફ્લેટ માંથી ૧૦.૯૬૯ કિલોગ્રામ સેમી લિક્વિડ એમડી અને અલગ અલગ બેરલોમાં ભરેલું ૭૮૨.૨૩૬ કિલોગ્રામ લિક્વિડ ફોર્મમાં એમડી મળી આવ્યું હતું. જેની કિંમત આંતરરાષ્ટ્રીય બજારમાં ૮૦૦ કરોડ રૂપિયા જેટલી થાય છે. આ ઉપરાંત સમગ્ર ડ્રગ્સ બનાવવાની પ્રક્રિયામાં ઉપયોગમાં લેવાતું ગ્રાઈન્ડર, મોટર, ગ્લાસ ફ્લાસ્ક, હીટર સહિતની વસ્તુઓ પણ મળી આવતા સમગ્ર મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે તેમજ ગેરકાયદેસર રીતે ડ્રગ્સ બનાવતા મોહમ્મદ યુનુસ અને મોહમ્મદ આદિલની ધરપકડ કરવામાં આવી છે. ગુજરાત છ્જી દ્વારા પકડેલા બંને આરોપીઓની પૂછપરછ કરતા સામે આવ્યું કે મહંમદ યુનુસ ઉર્ફે એજાજ દુબઈ માંથી ગોલ્ડ અને ઈલેક્ટ્રોનિક આઈટમ્સનાં સમગ્લિંગ પ્રવૃત્તિ સાથે જોડાયેલો છે. મોહંમદ યુનુસને દુબઈમાં એક વ્યક્તિ મળ્યો હતો જેની સાથે મળીને મોહમ્મદ યુનુસ અને મોહંમદ આદિલે ગેરકાયદેસર રીતે એમડી ડ્રગ્સનું ઉત્પાદન કરતા હતા અને તેનું મોટા પ્રમાણમાં વેચાણ પણ કરતા હતા. બંને ભાઈઓએ એમડી ડ્રગ્સ તૈયાર કરવા માટે છેલ્લા ૮ થી ૯ મહિનાથી ભિવંડી વિસ્તારમાં ફ્લેટ ભાડે રાખ્યો હતો. આ વિસ્તારમાં લોકોની અવર-જવર ઓછી હોવાથી ત્યાં તેને ફ્લેટ ભાડે રાખ્યો હતો અને એમડી ડ્રગ્સ તૈયાર કરતા હતા. ડ્રગ્સ તૈયાર કરવા માટે રો મટીરીયલ, સાધન સામગ્રી એકઠી કરી કેમિકલ પ્રોસેસ પણ કરવામાં આવી રહી હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં સામે આવી છે કે મોહમ્મદ યુનુસ અને મોહમ્મદ આદિલ સાથે ડ્રગ્સ બનાવવાના કેસમાં દુબઈનો એક વ્યક્તિ તો સંડોવાયેલો છે ઉપરાંત સાદીક નામનો વ્યક્તિ પણ સામેલ છે જે પોલીસ પકડથી દૂર છે. જોકે હવે ગુજરાત એટીએસ તપાસ કરી રહી છે કે પકડાયેલા બંને ભાઈઓ કેટલા સમયથી ડ્રગ્સ બનાવતા હતા અને તેણે બનાવેલું ડ્રગ્સ કઈ કઈ જગ્યા ઉપર વેચાણ કરતા હતા, તેમજ દુબઈના વ્યક્તિ સાથે કઈ પ્રમાણેની ડીલ થઈ હતી તેને લઈને પણ તપાસ શરૂ કરવામાં આવી છે.

# હર ઘર તિરંગા અભિયાન કોઇ વિશેષ પક્ષના કંટ્રોલમાં ન રહે : મુન્દ્રામાં રજૂઆત



મુન્દ્રા, તા.૦૭

મુન્દ્રા ની ક્ષત્રિય સ્વાભિમાન સેનાએ મુન્દ્રા તાલુકા પંચાયત કચેરી એ આવેદન પત્ર પાઠવી રજુઆત કરી છે.ક્ષત્રિય સ્વાભિમાન સેના એ લેખીત રજુઆતમાં જણાવ્યુ છે કે સરકારનો હર ઘર તિરંગા અભિયાન ચાલુ થઇ રહ્યો છે એ અભિયાન કોઈ રાજકીય વિશેષ પક્ષોના કંટ્રોલમાં ન રહે એ ટીડીઓ ને આવેદન પત્ર પાઠવ્યું હતું જેમા જણાવાયુ હતુ કે ૧૯૪૭ ના ૧૫મી ઓગસ્ટ ના દેશ આઝાદ થયો ત્યાર બાદ ક્ષત્રિય રાજવીઓ એ લોક શાહી માટે પોતાના રજવાડા સમર્પિત કરી નાખ્યા હતા.ત્યાર થી આપણા દેશ માં ૧૫મી ઓગસ્ટના તમામ ધર્મ અને જ્ઞાતિ ના લોકો રાષ્ટ્રીય મહોત્સવ ની ઉજવણી કરી રહ્યા છે.આગામી આઠમી ઓગસ્ટ ના શરૂ થતો હર ઘર તિરંગા કાર્યક્રમ સરકારનો છે અને દેશ ની તમામ પ્રજા ભાગીદાર છે. અને સમગ્ર દેશ ની જનતા ને એ કાર્યક્રમ મનાવવા નો અધિકાર છે. તેમણે રજૂઆત કરી કે આ કાર્યક્રમ પ્રોટોકોલ અને નિયમો પ્રમાણે આપના કંટ્રોલ માં થાય તેવી રજુઆત કરી છે સાથે કોઈ ગામમાં નિયમ ભંગ થયેલો જણાશે તો અમારા દ્વારા વિરોધ નોંધાવવા માં આવશે એવી ચીમકી પણ ઉચ્ચારાઇ હતી. ક્ષત્રિય સ્વાભિમાન સેનાના ગજુભા જાડેજા સહિત આગેવાનો બહોળી સંખ્યામાં રજુઆત સમયે હાજર રહ્યા હતા.

# રાજકોટના શ્રાવણી મેળામાં આ વખતે રાઈડ્સ જોવા મળશે નહીં ?

રાજકોટ,તા.૭

સૌરાષ્ટ્રનો સૌથી લોકપ્રિય મેળો હોય તો તે રાજકોટમાં યોજાતો શ્રાવણી મેળો છે. પાંચ દિવસના મેળામાં દસ લાખથી પણ વધુ લોકો તેનો લ્હાવો લેવા આવે છે. આ વખતે પણ તેવું જ થવાનું છે, પરંતુ વાત અહીંથી જ થોડી બદલાય છે. રાજકોટના મેળામાં આ વખતે ટીઆરપી ઝોનના અગ્નિકાંડની અસર જોવા મળી રહી છે. તેના લીધે લોકમેળાનું મુખ્ય આકર્ષણ એવી રાઈડ્સ જ નહીં હોય. તેની પાછળનું કારણ ટીઆરપી ગેમઝોનનો અગ્નિકાંડ છે. રાજકોટનો લોકમેળો સમગ્ર સૌરાષ્ટ્રનો સૌથી મોટો લોકમેળો છે, પાંચ દિવસના આ મેળામાં અંદાજે ૧૦ લાખ લોકો તેનો લ્હાવો લેવા માટે પહોંચતા હોય છે. રાજકોટના લોકમેળાનું મુખ્ય આકર્ષણ કેન્દ્ર અહીની રાઈડ્સ હોય છે પરંતુ આ વખતે રાજકોટ ના લોકમેળાનું મુખ્ય આકર્ષણ જ જોવા નહીં મળે એવું બની શકે છે. તેની પાછળનું કારણ એ છે કે ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડ બાદ રાજકોટ કલેક્ટરે જન્માષ્ટમીના મેળામાં તકેદારી રાખી રહ્યા છે. યાંત્રિક રાઈડ્સધારકો અને જિલ્લા કલેક્ટર વચ્ચે એસઓપીમાં બદલાવ કરવાને લઈ બેઠક થઈ હતી, જે સંપૂર્ણ નિષ્ફળ રહી હતી. રાજકોટના લોકમેળામાં યાંત્રિક રાઈડ્સ ધારકો કલેક્ટરની એસઓપીથી નારાજ છે. રાજકોટના લોકમેળા માટે આજે યાંત્રિક રાઈડ્સ ધારકોએ કલેક્ટર સાથે બેઠક કરી હતી. જેમાં કલેક્ટરે જાહેર કરેલી એસઓપીને લઈ ચર્ચા થઈ હતી.

# આદિપુરમાં બનેવીના હાથે સાળાની હત્યા

આદિપુર, તા.૦૭

પુર્વ કચ્છમાં હત્યાના બનાવોનો સીલસીલો યથાવત રહ્યો છે.આદિપુરમાં બનેવીએ નિંદ્રાધીન સાળાને માથામાં તિક્ષ્ણ ઘા મારીને મોતને ઘાટ ઉતારી દીધાનો બનાવ બુધવારે બન્યો હતો. આદિપુર પોલીસ મથકેથી મળતી વિગતો મુજબ ગત મોડી રાતના આદિપુરના ચારવાડી વિસ્તારમાં પરેશ મોહન મહેશ્વરી (ઉ.વ.૨૬)પોતાના આંગણામાં નિંદ્રાધીન હતો,ત્યારે તેના બનેવી ભાણજી નારણ ધુવાએ તિક્ષ્ણ હથિયારના ઘા મારીને સાળાને મોતને ઘાટ ઉતારી દિધો હતો. હત્યા પાછળ મારનારની પત્ની અને મરનારની બહેન રીસામણે બેઠેલી હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે. મરણજનારને પીએમ માટે સરકારી હોસ્પિટલ રામબાગ ખાતે લઈ જવામાં આવ્યો હતો. પોલીસે હત્યાનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી હતી જો કે હત્યાના વધુ એક બનાવે સમગ્ર પંથકમા ચકચાર ફેલાવી હતી પોલીસે આરોપીને શોધવો ચક્રો ગતિમાન કર્યા છે.

# તસ્વીરી સમાચાર




બાંગ્લાદેશમાં સત્તાપલટા બાદ હવે નોબલ પુરસ્કાર વિજેતા પ્રોફેસર મોહમ્મદ યુનુસના નેતૃત્વમાં બાંગ્લાદેશની વચગાળાની સરકાર ગુરુવારના રોજ શપથ લેશે. સેના પ્રમુખ જનરલ વકાર-ઉજ-જમાએ પત્રકાર પરિષદ યોજીને આ માહિતી આપી હતી. સેના પ્રમુખે કહ્યું હતું કે વચગાળાની સરકારની શપથવિધિ ગુરુવારે રાતે આઠ વાગ્યે યોજાઇ શકે છે. તેમણે જણાવ્યું હતું કે વચગાળાની સરકારની સલાહકાર પરિષદમાં ૧૫ સભ્યોનો સમાવેશ થઈ શકે છે.



કેન્દ્ર સરકાર દ્વારા તારીખ ૮ ઓગસ્ટથી ૧૫ ઓગષ્ટ દરમ્યાન સમગ્ર દેશમાં હર ઘર તિરંગા અભિયાનની ઉજવણી કરવામાં આવનાર છે. તે દરમિયાન ગુજરાત સરકાર દ્વારા પણ સમગ્ર રાજ્યમાં ૭૮માં સ્વાતંત્ર્ય દિનની ઉજવણી કરવામાં આવશે. જેની વિગતો પત્રકાર પરિષદ યોજીને રમતગમત અને યુવક સેવા મંત્રી હર્ષ સંઘવીએ આપી હતી. રાજ્યના મુખ્ય ૭૫ આઇકોનિક સ્થળોએ પણ આ પર્વની ઉજવણી થશે. શિક્ષણ વિભાગ દ્વારા રાજ્યની શૈક્ષણિક સંસ્થાઓ દેશ ભક્તિની થીમ ઉપર ફેન્સી ડ્રેસ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા તથા રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે.



સદીઓથી પૃથ્વીની ઉપર અંતરીક્ષમાં ચંદ્ર અસ્તિત્વ ધરાવે છે. આપણે તેને બાળવાર્તાઓમાં ચાંદામામા કહેતા આવ્યા છીએ. ચંદ્ર આપણી પૃથ્વીનો ઉપગ્રહ જ નથી, પરંતુ તેનો આપણી સાથે ભાવનાત્મક સંબંધ પણ છે. આપણે ચંદ્રને જાણવાના અનેક પ્રયત્નો પણ કર્યા છે જેમાં ચંદ્રયાન મિશન પણ સામેલ છે. પરંતુ આ જ ચંદ્રને લઈને વૈજ્ઞાનિકો દ્વારા ડરાવનારી ચેતવણી જાહેર કરવામાં આવી છે, એક સંશોધન મુજબ ચંદ્ર સતત આપણી પૃથ્વીથી દૂર જઈ રહ્યો છે. આ ઘટનાનું મુખ્ય કારણ પૃથ્વી અને ચંદ્ર વચ્ચેના ગુરુત્વાકર્ષણ અને બંને ભૂગર્ભના ભરતી બળ સાથે જોડાયેલું છે. યુનિવર્સિટીના ભૂસ્તરશાસ્ત્રના પ્રોફેસર સ્ટીફન મેયર્સે જણાવ્યું હતું કે જેમ જેમ ચંદ્ર દૂર જાય છે તેમ તેમ પૃથ્વીની ગતિ ધીમી પડી રહી છે.



એશિયાના સૌથી ધનવાન ઉદ્યોગપતિમાંથી એક એવા મુકેશ અંબાણીની લાડકવાયી ઈશા અંબાણી માત્ર પપ્પા જ નહીં પણ આખા પરિવારની લાડકી છે એમાં પણ ખાસ કરીને તે પોતાના બંને ભાઈ આકાશ અંબાણી અને અનંત અંબાણી ની ખૂબ જ લાડકવાયી છે. રિપોર્ટ્સ પર કરવામાં આવેલા દાવા અનુસાર ૨૦૨૩માં રક્ષા બંધન પર આકાશે ઈશા અંબાણીને સ્વિટ્ઝરલેન્ડમાં આવેલો બંગલો ગિફ્ટ કર્યો હતો. આ બંગલાની કિંમત ૮૦ કરોડ રૂપિયા હોવાનું કહેવાઈ રહ્યું છે. આ બંગલો તામ લેટેસ્ટ સુવિધાઓની સજ્જ છે. વાત કરીએ અંબાણી પરિવારના નાના કાન કુંવર અનંતની તો અનંત અંબાણીએ ઈશાને રાડોની એક ઘડિયાળ ગિફ્ટમાં આપી હતી. હીરાથી જડેલી આ ઘડિયાળની કિંમત ૧૦ કરોડ રૂપિયા હોવાનું કહેવાઈ રહ્યું છે. આ તો અંબાણી પરિવારની રક્ષા બંધન છે ખાસ તો હોવાની જ. અંબાણી પરિવાર હંમેસા પોતાની લક્ઝુરિયસ લાઈફસ્ટાઈલ અને ગિફ્ટ્સને કારણે ચર્ચામાં આવતો જ રહે છે. જોઈએ હવે આ વખતની રક્ષા બંધનમાં ઈશા અંબાણીને શું સ્પેશિયલ ગિફ્ટ્સ મળે છે એપ

## સંક્ષિપ્ત સમાચાર

### અબડાસાના પ્રસિદ્ધ બજરંગધામ બાંધા ખાતે હોમાત્મક હનુમાન ચાલીસાના પાઠ કરાયા



દયાપર તા.૭

અબડાસા તાલુકાના નલિયા નજીક આવેલા બાંધા ખાતેના પ્રસિદ્ધ બજરંગ ધામ દુધિયા હનુમાનજી મંદિરે ભૂદેવો દ્વારા શાસ્ત્રોક્ત મંત્રોચ્ચાર સાથે એકસો હનુમાન ચાલીસાના હોમત્મક પાઠનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ ધાર્મિક કાર્યક્રમમાં મુખ્ય આચાર્ય પદે ઉમેશ જોષી (જય દાદા) મઉં વાળા તેમજ ભૂદેવો દ્વારા શાસ્ત્રોક્ત મંત્રોચ્ચાર સાથે વિધિ કરાવી હતી, યજમાન તરીકે દિપકગોરી ભાનુશાલી, મલાડવાળા રહ્યા હતા, દુધિયા હનુમાનજી મંદિરના પૂજારી બટુક પંડ્યાએ જણાવ્યું હતું કે, અહીં સાત શનિવાર તેમજ સાત મંગળવારે હોમાત્મક હનુમાન ચાલીસાના પાઠ, બજરંગ બાણ તેમજ સુંદરકાંડના પાઠનું આયોજન કરવામાં આવ્યું છે, વધુમાં જે પણ ભાવિકોને આ ધાર્મિક કાર્યક્રમમાં ભાગ લેવો હોય તેઓએ સંપર્ક કરવા અનુરોધ કર્યો હતો. આયોજન અને વ્યવસ્થા દેવ પંડ્યાએ સંભાળી હતી

### દયાપરમાં સ્તનપાન સપ્તાહ ઉજવણી અંતર્ગત વૃક્ષારોપણ સહિતના કાર્યક્રમો યોજાયા



દયાપર તા.૭

લખપત તાલુકાના મુખ્ય મથક દયાપર સ્થિત તાલુકા આઈસીડીએસ કચેરી દ્વારા સ્તનપાન સપ્તાહ ઉજવણી અંતર્ગત કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો, તાલુકાની અલગ અલગ આંગણવાડી કેન્દ્રમાંથી આવેલ વર્કર બહેનો દ્વારા રેલી યોજી, શપથ ગ્રહણ કરી અહીંના આરોગ્ય કેન્દ્ર ખાતે કાર્યરત પ્રસુતિગૃહની મુલાકાત લેવામાં આવી હતી.

તાલુકા આઈસીડીએસ સીડીપીઓ સોનલબેન સંગારના અધ્યક્ષસ્થાને યોજાયેલા કાર્યક્રમમાં તેમણે તાલુકામાંથી આવેલ વર્કર બહેનોને જણાવ્યું હતું કે, બાળકના જન્મ બાદ માતાના દૂધને ઉત્તમ માનવામાં આવે છે તેથી દરેક માતાઓએ બાળકના જન્મ બાદ છ મહિના સુધી સ્તનપાન કરાવવાની જરૂરિયાત અંગે વિસ્તૃત માહિતી સાથે માર્ગદર્શન આપ્યું હતું. બાદમાં અહીંની કચેરી ખાતેના પ્રાંગણમાં વર્કર બહેનો ધ્વારા શપથ લેવામાં આવ્યા હતા, સ્તનપાન સપ્તાહ ઉજવણી સાથે અહીંની કચેરીના પ્રાંગણમાં "એક પેડ માં કે નામ" અંતર્ગત વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું, જેમાં તાલુકા પંચાયત પ્રમુખ પ્રતિનિધિ જશુભા જાડેજા, આઇસીડીએસ કચેરીના સુપરવાઇઝર વિમળાબેન ભોઈયા, કંચનબેન ગોસ્વામી, લીલાવતીબેન સોની સહિતના મહાનુભવો દ્વારા અલગ અલગ પ્રકારના વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું

### માંડવીની ફલોરલ નર્સરીના બાળકોની સુવિધા માટે ૪૨ હજારના સાધનો ભેટ મળ્યા




માંડવી તા.૭

માંડવી લોહાણા મહિલા મંડળ સંચાલિત ફ્લોરલ નર્સરીના બાળકોની સુવિધા માટે તાજેતરમાં રૂપિયા ૪૨,૦૦૦ ના સાધનો ભેટ મળ્યા છે. લોહાણા મહાજનના પ્રમુખ શૈલેષ મડિયાર તરફથી તેમના માતા સ્વ.લીલાવંતીબેન ના સ્મરણાર્થે રૂ.૨૧,૦૦૦ તથા અશ્વિન સોનાઘેલા તરફથી તેમની બંને દીકરીઓ આનંદી અને મલ્લિકાના નામે રૂપિયા ૨૧,૦૦૦ ના ટેબલ ખુરશી ભેટ આપવામાં આવ્યા હોવાનું મહિલા મંડળના પ્રમુખ જયાબેન ગણાત્રા અને મંત્રી પ્રીતિબેન આથા એ જણાવ્યું હતું, તેઓ ઉપરાંત મંડળના ખજાનચી નૂતનબેન કોટક, હોદ્દેદારો, ફ્લોરલ નર્સરીના શિક્ષિકા બહેનો રીટાબેન ખત્રી અને કંચનબેન જોષીએ દાતા પરિવારનો આભાર માન્યો હતો તેવું દિનેશ શાહે જણાવ્યું હતું.

### ભુજપુરમાં જૈન સંઘના ઉપક્રમે તમામ જ્ઞાતિના વિદ્યાર્થીઓ માટે બાલસંસ્કાર શિબિર યોજાઈ



માંડવી તા.૨

કચ્છ આઠકોટી મોટીપક્ષ સ્થાનકવાસી જૈન સંઘ ભુજપુર ના ઉપક્રમે તાજેતરમાં મોટી પક્ષના જૈન ધર્મ સ્થાનકમાં ધોરણ ૪ થી ઉપરના ધોરણના તમામ જ્ઞાતિના વિદ્યાર્થીઓ માટે બાલ સંસ્કાર શિબિર યોજાઇ હતી.જૈન સંપ્રદાયના કાર્યવાહક તારાચંદમુનિ મ.સા. પ્રશાંતમુનિ મ.સા.અને સમર્પણમુનિ મ.સા.ના સાનિધ્યમાં યોજાયેલ બાલ સંસ્કાર શિબિરમાં પ્રશાંતમુનિ મ.સા. એ જુદા જુદા નિયમોનું મહત્વ બાળકોને સમજાવ્યું હતું, ભુજપુર જૈન સંઘના સહયોગથી શિબિરમાં ભાગ લેનાર તમામ ૯૮ વિદ્યાર્થી ઓને નિયમપત્રક આપવામાં આવ્યા હતા. શિબિરમાં ભાગ લેનાર બાળકોને દાતાના સૌજન્યથી ભેટ આપવામાં આવી હતી.

આ શિબિરમાં મીતાબેન, અલકાબેન અને નટુભાઈ દરજી સહયોગી રહ્યા હતા. આ બાલ સંસ્કાર શિબિરમાં વિદ્યાર્થીઓએ હોંશે હોંશે ભાગ લીધો હોવાનું માંડવીના જૈન અગ્રણી દિનેશ શાહે જણાવ્યું હતું.

### ખોંભડી મોટી ગામે મંગલેશ્વર મહાદેવ મંદિરનો મોટો મહિમા છે



આણંદપર(યક્ષ) તા.૬

નખત્રાણાથી ૨૦ કિલોમીટર ના અંતરે ખોંભડી મોટી ગામે ગામના ઉતરમાં ખોંભડીથી નાની ખોંભડી જતા રસ્તા ઉપર આવેલ તળાવના કાંઠે મંગલેશ્વર મહાદેવ મંદિર આવેલું છે આ મંદિરના મહંત તરીકે ઘણાં વર્ષોથી મહંત ચમનગીરી બાપુ અને રાધામા સેવા આપી રહ્યા છે. થોડા વર્ષો પહેલાં આ મંદિરનુ જીર્ણોધ્ધાર વાસ્તુશાસ્ત્ર મુજબ દાતાઓ દ્વારા કરવામાં આવ્યો છે, ભગવાન શિવની બાજુમાં હનુમાનજી અને કાળ ભૈરવ દાદાના મંદિર આવેલા છે અને મંદિર સંકુલમાં બાગ બગીચા આવેલા છે. અહીં ઘણા શ્રધ્ધાળુ શિવ ભક્તો મોટી સંખ્યામાં રોજ આવતા હોય છે. શ્રાવણ મહિનામાં રોજ અલગ અલગ ફુલો દ્વારા શણગાર દર સોમવારે ચારપોરની પુજા અને દિપમાળા, મહાઆરતી ભંજન કિર્તન જેવા કાર્યક્રમો યોજવામાં આવે છે અહીં તળાવની પુજા અર્ચના કરવાનો પણ મોટો મહિમા છે. તળાવમાં મોટા પ્રમાણમાં કાચબા અને માછલીઓ છે એથી શ્રધ્ધાળુ દ્વારા રોજ લોટ,મમરા અને પ્રસાદ આપવામાં આવે છે. આ રમણીય સરોવરના બાજુમાં ગામ લોકો અને ગામના સેવાભાવી કરશન ચૌહાણ (દિલ્હીવાળા) દ્વારા સરસ આયોજન મુજબ વૃક્ષ રોપણ, ફરતે દિવાલ બ્રાઉન્ડ્રી અને જરૂરત મુજબ વિકાસ કરવામાં આવી રહ્યો છે. ખોંભડીમોટીમાં શિવજીનાં ત્રણ મંદિરો આવેલા હોવાનું ગામના નારણ સોનીએ જણાવ્યું હતુ

### શેઠ વી. ડી. હાઈસ્કૂલ વિદ્યાર્થી જોગ

" શેઠ વી,ડી. હાઈસ્કુલ ભુજ માંથી ધોરણ-૧૦ તેમજ ધોરણ- ૧૨ સામાન્ય પ્રવાહ તેમજ વિજ્ઞાન પ્રવાહની જૂન-જુલાઇ ૨૦૨૪ બોર્ડની પૂરક પરીક્ષામા ઉપસ્થિત રહેનાર તમામ પરીક્ષાર્થીઓની માર્કશીટ આવી ગઈ છે.પરીક્ષાર્થી કામના દિવસો દરમ્યાન સવારે ૦૯:૦૦ થી ૧૨:૦૦ વચ્ચે શાળાએ રૂબરૂ આવી લઈ જવી ."શાળાના આચાર્ય બ્રિજેશ સી. ઠક્કર દ્વારા એક યાદીમા જણાવાયુ છે.

### ભુજના હરીપર નજીક આવેલા ફિલ્ડ બટ પર ફાયરિંગ પ્રેક્ટીસ

ભુજ તાલુકાના હરીપર નજીક આવેલી ફિલ્ડ ફાયરિંગ રેન્જ નં.૦૨ ઉપર તા.૦૮,૦૯,૧૦,૧૩અને૧૬ઓગસ્ટ,૨૦૨૪નારોજ૧૭MARATHA LI, 75 Independent Infantry Brigade Group ના તાબા હેઠળની આર્મ્સ ફાયરિંગ પ્રેક્ટિસ યોજવામાં આવનારી છે.જેથી ફાયરિંગ રેન્જમાં કોઈપણ વ્યક્તિઓએ પ્રવેશવું નહીં અથવા ઢોરોને પ્રવેશવા દેવા નહીં. તેમ છતાં કોઈપણ વ્યક્તિ ઉપરોક્ત ફાયરિંગ રેન્જમાં પ્રવેશશે તો તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. તેમજ તે વ્યક્તિને કે ઢોરોને કોઇ નુકશાન થશે તો તેની સંપૂર્ણ જવાબદારી જે તે વ્યક્તિની રહેશે તેવું સબ ડિવીઝનલ મેજિસ્ટ્રેટ, ભુજ-કચ્છ દ્વારા જણાવાયું છે.

## પી.એ.હાઇસ્કૂલ,નિરોણાના આચાર્ય તેમજ શિક્ષકગણને ઉચ્ચ પરિણામ માટે સન્માનિત કરાયા





### માંડવી ખાતે યોજાયેલા શૈક્ષણિક સેમિનારમાં શાળાના શિક્ષક દ્વારા અંગ્રેજી વિષય સુધારણા અંગે વિશેષ માર્ગદર્શન અપાયું

ભુજ તા.૭

કચ્છના બહુ જૂના તેમજ જાણીતા અને ખરા અર્થમાં શિક્ષણને સમર્પિત સારસ્વતમ્ ટ્રસ્ટ, માંડવી દ્વારા કચ્છના અંતરિયાળ તેમજ દૂરવર્તી વિસ્તારોમાં ચાલતી ૨૦ હાઈસ્કૂલો ના ધો.૧૦ તેમજ ૧૨ના ૮૦% ઉપર ગુણ મેળવનાર તેજસ્વી તારલાઓ તેમજ એસ.એસ.સી. મુખ્ય વિષયમાં ૧૦૦% પરિણામ પ્રાપ્ત કરનાર શાળાના શિક્ષકો અને શાળાની વિશિષ્ટ પ્રતિભાઓને દર વર્ષે સન્માનિત કરવામાં આવે છે. આવો જ એક સરસ્વતી સન્માન સમારોહ સારસ્વતમ્ ટ્રસ્ટ દ્વારા માંડવી મધ્યે ટ્રસ્ટના અધ્યક્ષા વિજયાલક્ષ્મીબેનની અધ્યક્ષતા હેઠળ યોજવામાં આવ્યો હતો જેમાં વર્ષ ૨૦૨૪ માં સારસ્વતમ્ ટ્રસ્ટ સંચાલિત પી.એ.હાઈસ્કૂલ, નિરોણાનુ જીજીઝ અને HSC નુ ૧૦૦% પરિણામ આવતા એ બદલ ટ્રસ્ટ દ્વારા શાળાના આચાર્ય શ્રી ડૉ.વી.એમ.ચૌધરીનું મોમેન્ટો, પુસ્તક અને શાલ દ્વારા વિશેષ સન્માન કરવામાં આવેલ હતુ અને શાળામાં થયેલ પર્યાવરણ સંબંધિત વૃક્ષારોપણની ઉમદા કામગીરીને બિરદાવી ૧૦૦૦ રૂપિયાનુ રોકડ પુરસ્કાર પણ શાળાને આપવામાં આવ્યો હતો, જીજીઝ માં મુખ્ય વિષયમાં ૧૦૦% પરિણામ લાવવા બદલ અંગ્રેજી વિષયમાં શાળાના શિક્ષક અલ્પેશ જાની, વિજ્ઞાનમાં આશાબેન પટેલ તેમજ ગણિતમાં કિશન પટેલને સારસ્વતમ્ ટ્રસ્ટના મંચસ્થ મહાનુભાવો દ્વારા પુસ્તક, પુરસ્કાર તેમજ શાલ ઓઢાડી સન્માનિત કરવામાં આવ્યા હતા, ઉપરાંત વિશિષ્ટ સન્માનમાં આ શાળાની ભૂતપૂર્વ વિધાર્થી ની ધલ શકીના જે હાલે પોલીસ વિભાગમાં સેવારત છે, તેને પણ સન્માનિત કરી વિરદાવવામાં આવેલ, ભોજન બાદના બીજા શેસનમાં વહીવટી તેમજ શૈક્ષણિક સેમિનારનુ આયોજન ૨૦ હાઈસ્કૂલના આચાર્ય, ક્લાર્ક તેમજ શિક્ષકો માટે કરવામાં આવેલ હતુ, જેનો મૂળ હેતુ વહીવટી ગૂંચવણો અંગેનુ માર્ગદર્શન તેમજ શિક્ષણની ગુણવત્તા અને પરિણામ સુધારણાનો રહ્યો હતો, જેમાં શાળાનો સમગ્ર સ્ટાફ જોડાયેલ હતો, શૈક્ષણિક સેમિનારમાં અંગ્રેજી વિષયમાં કઇ રીતે સારા ગુણ લાવી પરિણામ સુધારી શકાય એ બાબતે નિરોણાહાઈસ્કૂલનાશિક્ષકઅલ્પેશ જાનીએ વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતુ. આ કાર્યક્રમમાં માંડવીના ધારાસભ્ય અનિરુદ્ધ દવે, કચ્છ યુનિવર્સિટીના વી.સી. પટેલ, કવિ ગોવર્ધન પટેલ, ડૉ કૌશિક શાહ, પૂર્વ ધારાસભ્ય શિવજી આહીર, તમામ ટ્રસ્ટીઓની વિશેષ ઉપસ્થિતિ રહી હતી, કાર્યક્રમનું સંચાલન વહીવટી અધિકારી મુલેશ દોશીએ કરેલ હતુ.




### અંજાર પાલિકાના ભ્રષ્ટાચાર અંગે શહેરમાં પોસ્ટર લાગ્યા

શહેરના રસ્તાઓમાં પડેલા ગાબડા બાબતે કોંગ્રેસ દ્વારા પોસ્ટર અભિયાન



અંજાર તા.૭

શહેરના મુખ્ય માર્ગોમાં અનેક ખાડાઓ પડેલ હોવાથી, આ બાબતે જન જાગૃતિ માટે વિપક્ષ દ્વારા શહેરમાં પોસ્ટર લગાવી અભિયાન આદરવામાં આવ્યું હતું. આ વિશિષ્ટ વિરોધ કાર્યક્રમમાં નગરપાલિકા વિરોધપક્ષ નેતા રાજેન્દ્રસિંહ જાડેજા તથા શહેર કોંગ્રેસ પ્રમુખ યુવરાજસિંહ વાઘેલાની આગેવાનીમાં શહેરના મુખ્ય માર્ગો પર લોકોને ભાજપના ભ્રસ્ટાચાર વિરોધ જાગૃત કરવા પોસ્ટર લગાવવામા આવ્યા હતા. અંજાર તાલુકા પ્રમુખ શભુ ડાંગર, શહેર કોંગ્રેસના પ્રભારી રમેશ આહીર, શહેર કોંગ્રેસના મહામંત્રી જયદીપ સોની, બક્ષીપંચ વિભાગના પ્રમુખ નારણ સુથાર, અંજાર શહેર કોંગ્રેસ વિવિધ વિભાગના હોદ્દેદારો જાવેદ ખત્રી, ભાણજી મહેશ્વરી, ભગવાનજી દાવડા, યુનુષ ખલીફા, મામદશા શેખ, ઈશ્વર મકવાણા, સાહેબશા શેખ, વગેરે જોડાયા હતા.

### માંડવીની વિકલાંગ કન્યા છાત્રાલયમાં નાળિયેરીનું વૃક્ષારોપણ કરાયું



માંડવી તા.૭

અંધ, અપંગ, મંદબુદ્ધિ અને બહેરામૂંગા જેવા દિવ્યાંગોના ઉત્કર્ષ અને તેમના સેવાકીય કાર્યો માટે છેલ્લા ૩૨ વર્ષથી કાર્યરત સંસ્થા સંચાલિત વિકલાંગ કન્યા છાત્રાલયમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો હતો. વિકલાંગ કન્યા છાત્રાલયના પરિસરમાં નાળિયેરીના ૧૪ રોપાનું વૃક્ષારોપણ સંસ્થાના પ્રમુખ શાંતિલાલ ગણાત્રા, ખજાનચી પ્રતાપ ચોથાણી, સહમંત્રી સુલતાન મીર, છાત્રાલયના ગૃહમાતા પ્રવિણાબેન પાટોડી, શૈલેષ મીઠાવાલા, મમતાબેન પારેખ તથા દિવ્યાંગ છાત્રાઓના હસ્તે કરવામાં આવ્યું હતું, નાળિયેરીના આ રોપા દોઢથી બે વર્ષે ફળ આપતા થઈ જશે. નાળિયેરીના આ રોપાનું જતન વિકલાંગ કન્યા છાત્રાલયના સ્ટાફ દ્વારા કરાશે એવું સંસ્થાના મંત્રી દિનેશ શાહે જણાવ્યું હતું. વૃક્ષારોપણના કાર્યક્રમમાં છાત્રાલયના ચોકીદાર પાંચુભા સોઢા સહયોગી રહ્યા હતા.

## ચાંદીપુરા જેવા રોગચાળાનો માધાપર જુનાવાસના ભૂલકાઓ શિકાર બને એ સમય દુર નથી

### પંચાયતના મહિલા સદસ્યા દ્વારા અનેક આક્ષેપો સાથે જિલ્લા વિકાસ અધિકારીને રજૂઆત કરાઈ

માધાપર તા.૭

માધાપર જૂનાવાસ ગ્રામ પંચાયતના મહિલા સરપંચના પતિ દ્વારા ચલાવવામાં આવતા અણધણ વહીવટ અને પંચાયતના મહિલા સદસ્યોની કરાતી ઉપેક્ષા બાબતે વોર્ડનં ૧૨ ના મહિલા સદસ્યા રીના એમ જોષીએ જિલ્લા વિકાસ અધિકારીને પત્ર પાઠવી જણાવ્યું હતું કે, જો આવી જ પરિસ્થિતિ રહેશે તો મારી સાથે અન્ય મહિલા સદસ્યોને પણ પોતાના હોદા પરથી રાજીનામાં આપવાની ફરજ પડશે. આ પત્રમાં કરાયેલ રજૂઆત મુજબ ગુજરાત ગેસ કંપની દ્વારા નાખવામાં આવેલી ગેસ લાઈન બાદ ખાડાઓ પુરવાની જવાબદારી ગ્રામ પંચાયતની રહે છે, ગુજરાત ગેસ કંપનીએ આ કાર્ય માટે માતબર પર રકમ પણ ગ્રામ પંચાયતને ફાળવી છે, છતાં કોઈપણ પ્રકારની કામગીરી કરવામાં આવતી નથી, જેના કારણે સોસાયટી વિસ્તારમાં ચાલવું પણ દુર્લભ બની ગયું છે. ગામની પ્રાથમિક જરૂરિયાત જેવી કે ગટર સફાઈ રસ્તા સફાઈ રોડલાઈટ તેમજ પાણી પુરવઠાની હાલત પણ દયનીય છે,

હાલનો વિકરાળ રોગ ચાંદીપુરા, નાના ભૂલકાઓને શિકાર બનાવે એ સમય દુર નથી, આ બાબતે જાત તપાસ કરાવી સત્વરે જરૂરી પગલાં લઈ ગામનું આરોગ્ય ન જોખમાય તે જોવા જિ.વિ. અધિકારીને અપીલ કરી છે. વધુમાં આ પત્રમાં જણાવાયું હતું કે,માધાપર જૂનાવાસ ગ્રામ પંચાયતમાં હાલ મહિલા સરપંચ ગંગાબેન નારાયણ મહેશ્વરી કાર્યરત છે, પરંતુ તમામ વહીવટ તેમના પતિ દ્વારા ચલાવવામાં આવે છે જે ખરેખર ગેર બંધારણીય છે. દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા નારી શક્તિને સમાન હક્ક મળે તે હેતુથી ગ્રામ પંચાયતમાં ૫૦ ટકા ભાગીદારી આપવામાં આવી છે. માધાપર જૂનાવાસ ગ્રામ પંચાયતમાં કુલે ૧૮ વોર્ડ છે જેમાં ૬ વોર્ડના પુરુષ તેમજ ૯ વોર્ડના મહિલા સદસ્યોની નિયુક્તિ થયેલ છે, પરંતુ સરપંચના પ્રતિ દ્વારા બિનજરૂરી હસ્તક્ષેપ કરી વિવિધ સોસાયટી વિસ્તારોના મહિલા સદસ્યોની ઈરાદાપૂર્વક તેમજ દાદાગીરી પૂર્વક ઉપેક્ષા કરવામાં આવી રહી છે. આ પત્રની નકલ મુખ્યમંત્રી, સાંસદ, ધારાસભ્ય અને જિલ્લા ભાજપ અધ્યક્ષને પણ પાઠવી છે, હવે જોવાનું રહ્યું કે, પરિણામ સાંપડે છે કે પછી આ રજૂઆત સામે આંખ આડા કાન કરાય છે.

## પીજીવીસીએલ દ્વારા લોકોની સુરક્ષા માટે ઉભી કરાયેલ સુવિધા જ જોખમી ?



ભુજ તા.૭

તાલુકાના મદનપુર-સુખપર ના શિવપારસ રસ્તે પી.જી.વી. સી.એલ. દ્વારા ટ્રાન્સફોર્મરની આજુબાજુ લોકો અને પશુઓને વીજ કરંટ ન લાગે તેની સુરક્ષા માટે લગાવાયેલ લોખંડના પાં-જરાં (ગ્રીલ) ની અંદર ઉગીને અગોચર બની ગયેલ ગાંડા બાવળ પોતે જ વીજ કરંટથી કોઈનો જીવ લેવા માટે નિમિત્ત બની શકે છે. જાગૃત લોકોના જણાવ્યા પ્રમાણે વરસાદને કારણે જમીન ભીની કે પાણી ભરાયેલ હોય અને બરોબર રોડને અડીને ઉભેલ ટ્રાન્સફોર્મરની બાજુમાં ભુલેચુકે કોઈ પશુ કે માણસ પહોંચી જાય તો ગમે ત્યારે અજુગતો બનાવ બની શકે છે. સર્વત્ર આવી જ હાલત છે, ત્યારે લોકો પુછી રહ્યા છે કે, વિજ તંત્ર દ્વારા જો યોગ્ય સારસંભાળ ન રાખી શકાય તો ટ્રાન્સફોર્મર અને થાંભલા ઓને ગ્રીલ લગાવવાને બદલે ખુલ્લા જ રાખી દેવા શું ખોટા ?

## મુંદરાઃ તપસ્યા અનુમોદના અર્થે તપસ્વીના નિવાસસ્થાને જૈનમુનિઓએ પગલાં કર્યા

મુંદરા તા.૭

તપગરછ જૈન સંઘ ચિંતામણી પાર્શ્વનાથ જિનાલય ખાતે પંન્યાસ પ્રવર મુક્તિશ્રમણ વિજયજી મ.સા., પ્રવચનકાર મુનિરાજ મુક્તિચરણ વિજયજી મ.સા તથા પાંચ ગરછ જૈન સકળ સંઘે વાજતે ગાજતે તપસ્યાના અનુમોદના અર્થે રમીલાબેન રમાકાંત શાહના નિવાસસ્થાને પગલાં કર્યા હતા. સવારના જિનાલય ખાતે ઢોલ શરણાઈ સાથે તપસ્વી અમર રહો જેવા નારા સાથે એશાબેન નીશીન શાહના ૨૧ ઉપવાસના તપના અનુમોદન અર્થે પગલાં કરવામાં આવ્યા હતા, મ.સા.એ માંગલિક ફરમાવતા તપનું મહત્વ સમજતા જણાવાયું હતું કે, તપસ્યા કરવાથી પુણ્યનુ ભાથું બધાય છે તથા મન શાંત રહે છે શીતલતા અનુભવાય છે, તપસ્વી એશાબેન તથા પરિવારની અનુમોદના કરી ભાવિકોને તપસ્યા નિમિતે રાત્રિ ભોજન ત્યાગ કરી યથાશક્તિ તપ કરવાનું જણાવ્યું હતું. સાંજે લાભાર્થી પરિવારના નિવાસ સ્થાને પ ાંચે ગરછના બહેનોની સાજી રાખવામાં આવી હતી,



આ ટાંકણે તપગરછ જૈન સંઘના પ્રમુખ હરેશ મહેતા, મંત્રી પારસ ફોફડીયા, ઉપપ્રમુખ પપ્પુ વોરા, ખજાનચી સાગર મહેતા,વિમલ મહેતા,દીપક શાહ,કાંતી મેહતા, પ્રભુ મહેતા, ભરત મહેતા,મહેન્દ્ર મહેતા, નરેન્દ્ર મહેતા, રોહિત મહેતા, બિપીન મહેતા,સંપત મહેતા, અમીત શાહ,નીસીન શાહ, સંકેત સંઘવી, બ્રિજેશ ફોફડિયા, ધવલ મહેતા,વૈભવ મહેતા, તથા પાઠશાળાના બહેનો, બાળકોએ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી આ ઐતીહાસિક પ્રસંગના સાક્ષી બન્યા હોવાનું તપગરછ જૈન સંઘના સહમંત્રી વિનોદ મહેતા એ જણાવ્યું હતુ.

## માર્ગ અકસ્માતમાં અવસાન પામેલાના વારસદારને ચાર લાખની સહાય

### અબડાસાના ધારાસભ્યના પ્રયત્નથી મુખ્યમંત્રી રાહત ફંડમાંથી મંજૂર થયેલ સહાય બિબરના વારસદારને અર્પણ કરાઈ

ભુજ તા.૩

નખત્રાણાના તાલુકાના બિબર ગામના રહીશ નરેન્દ્રસિંહ વેરાજી જાડેજાનું માર્ગ અકસ્માતમાં અવસાન થતાં તેમનાં વારસદાર ગીતાબા જાડેજાને અબડાસાના ધારાસભ્યના પ્રયત્નોથી મુખ્યમંત્રીના રાહતફંડમાંથી રૂ.૪ લાખની સહાય મંજુર કરવામાં આવી છે. આ મંજૂરી હુકમ વારસદાર ગીતાબા જાડેજાને ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજાની ઉપસ્થિતિમાં તાલુકા પંચાયત કચેરી




ખાતે આપવામાં આવ્યો હતો. આ પ્રસંગે તા.પં.પ્રમુખ ભાવનાબેન પટેલ, તાલુકા વિકાસ અધિકારી દીક્ષિત ઠક્કર, તા.પં. ઉપપ્રમુખ દક્ષાબેન બારુ, કારોબારી ચેરમેન ઉત્પલસિંહ જાડેજા, જિ.પં. સદસ્ય કરસનજી જાડેજા, દિલિપભાઈ પટેલ, હરિસિંહ રાઠોડ, જીતુભા જાડેજા, અન્ય અધિકારીઓ વસંત ચંદે, ડી.ડી.સાગર, વર્ષાબેન જાની, મેહુલ પ્રજાપતિ, દિપકભાઈ, મહિપાલભાઈ, રમેશ ગરવા વગેરેની હાજર રહ્યા હતા. લાભાર્થીને મંજૂર થયેલ સહાય રકમ સીધી જ તેમના બેંક ખાતામાં સત્વરે જમા થઈ જશે.

Printer, Publisher and Owner : Jay Dineshbhai Dave, Printed at NIDHIRESH PRINTERY, Plot No. 50, KailashDham Society, Nr. Ruda Transport Nagar, SatHanuman Temple, Navagam, Rajkot, Published from 9, Matrubhav, Satyam Society, Bhuj - Kutch. Editor : Jay Dineshbhai Dave Responsible for News Under PRB Act

CRIME LINE

## આજે આંતરરાષ્ટ્રીય બિલાડી દિવસ

# બિલાડી પાળવાનો ઈતિહાસ ૧૦ હજાર વર્ષ જુનો



વિશ્વ બિલાડી દિવસ દર વર્ષે ૮ ઓગસ્ટના દિવસે ઉજવવામાં આવે છે. ઈન્ટરનેશનલ ફંડ ફોર એનિમલ વેલ્ફેર સંસ્થા દ્વારા તેની શરૂઆત ૨૦૦૨માં થઇ હતી. વિશ્વ બિલાડી દિવસની લોકપ્રિયતા સમગ્ર વિશ્વમાં વધી રહી છે.મોટા ભાગના દેશો હવે ૮મી ઓગસ્ટે આ બિનસત્તાવાર તહેવાર દિવસની ઉજવણીઓ કરે છે, જ્યારે રશિયા ૧ માર્ચના રોજ રાષ્ટ્રીય બિલાડી દિવસ ઉજવે છે. યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકા પોતાનો રાષ્ટ્રીય બિલાડી દિવસ ૨૯ ઓક્ટોબરના રોજ ઉજવે છે.યુ.એસ.એ.અને કેનેડામાં બિલાડી દિવસ બિલાડીઓના રક્ષણ અને તેમને દત્તક લેવા માટે ઉજવાય છે. વિશ્વ બિલાડી દિવસ બિલાડીઓ વિશે જાગૃતિ લાવવા અને તેમને મદદ અને તેમનું રક્ષણ કરવાની રીતો વિશે શીખવાનો દિવસ છે. ૨૨ ફેબ્રુઆરીએ પણ બિલાડીનો દિવસ ઉજવાય છે, અને તેનો ઉદ્ભવ જાપાનમાં થયો હતો અને ઈન્ટરનેટ પર સોશિયલ મિડિયામાં અત્યંત લોકપ્રિય બન્યો હતો જેમાં લોકો પોતાની બિલાડીઓની છબીઓ અને વિડિયો વહેંચે છે આપણને બિલાડીને દૂધ પીવડાવવું ગમતું હોય છે, પરંતુ તમારે આવું કરવાનું ટાળવું જોઈએ. કારણ કે સામાન્ય ધારણાથી વિપરીત, મોટાભાગની બિલાડીઓને દૂધ પીવાથી પાચન સંબંધી સમસ્યાઓ થવાનું જોખમ હોય છે. જેમ આપણે બધા જાણીએ છીએ કે પ્રાણીઓ બોલી શકતા નથી પરંતુ તેમની લાગણી વ્યક્ત કરી શકે છે.આવી સ્થિતિમાં બિલાડી જે ખૂબ જ સુંદર અને ઘરેલું પ્રાણી છે. તેની સુરક્ષા અને મદદ કરવાની આપણી જવાબદારી છે. આધુનિક સમયમાં બિલાડી પાળવાની પ્રથા વધી છે. તેનાથી સમાજમાં જાગૃતિ આવી છે. પૃથ્વી પર હાજર તમામ પ્રજાતિઓનું



**જાણ્યું અજાણ્યું**
ડો.મિહિર એમ.વોરા

રક્ષણ કરવું એ આપણી મૂળભૂત ફરજ છે. દુનિયામાં માત્ર બ્રિટનમાં જ એક કરોડથી વધું બિલાડી છે, અને આજે તો કેટ લવરનો ક્રેઝ ખુબ જ જોવા મળે છે. બિલાડી પાળવાની શરૂઆત મધ્ય પુર્વના દેશોમાંથી જોવા મળે છે, લગભગ ૧૦ હજાર વર્ષ પહેલા નિયોલિથિક યુગમાં તેનો પ્રારંભ થયો હતો. આપણા દેશમાં બિલાડી વિષયક ઘણી બધી અંધશ્રદ્ધા જોવા મળે છે, આજે આપણે જેને પાડીએ છીએ તે, આફ્રિકાના જંગલોની બિલાડીના વંશજ છે.તુર્કીના ઈસ્તંબુલ શહેરમાં લોકો બિલાડીને ખોરાક આપે અને સંભાળ પણ લે છે, તેના ઉપર એક ડોક્યુમેન્ટરી પણ બની હતી. મોટાભાગની બિલાડીઓ આપણા જીવનમાં અણધારી રીતે જ આવે છે, તો અમુક દેશોમાં તેને દેવતા તરીકે પણ પૂજન થાય છે.બિલાડી વિશેનો પ્રથમ ઐતિહાસિક માનવ રેકોર્ડ પ્રાચિન ઈજિપ્ત્તીયન સંસ્કૃત્તિ માં જોવા મળે છેઃ પ્રારંભે તેને સાપ-વીંછી અને દુષ્ટતા સામે રક્ષક તરીકે ગણતાઃ ગ્રીક અને રોમમાં તેનો ઉપયોગ જંતુ નિયંત્રણ તરીકે થતોઃ મધ્ય યુગમાં યુરોપને અન્ય દેશોમાં તે અંધશ્રધ્ધા સાથે સંકળાયેલી હતી. ૧૩૪૮ના બ્લેક ડેથ દરમ્યાન તેને રોગના વાહક તરીકેની શંકાને કારણે એ સમયમાં ઘણી બિલાડીનો ભોગ લેવાયો હતો.૧૯૬૩ માં ૧૮ ઓક્ટોબરના રોજ ફેલિસેટ અવકાશમાં જનાર પ્રથમ બિલાડી હતીઃ ૨૦૦૪માં ફ્રેન્ચ પુરાતત્વવિદોએ સાયપ્રસમાં ૯૫૦૦ વર્ષ જુની બિલાડીની કલર શોધી હતી. ૨૦૧૪ માં ગ્રમ્મી કેટના ફેસબુક પેજ પર ક્રોમ્પી કેટ વાયરસ થઇ ગઇ, જેને ૭ મિલિયન લાઇક્સ મળ્યા હતા. આજે ડોગ સાથે કેટ પાળવાનો ક્રેઝ છે.બિલાડી વિશેનો પ્રથમ ઐતિહાસિક માનવ રેકોર્ડ પ્રાચિન ઈજિપ્તીયન સંસ્કૃત્તિ માં જોવા મળે છે. ૧૯૬૩ માં ૧૮ ઓક્ટોબરના રોજ ફેલિસેટ અવકાશમાં જનાર પ્રથમ બિલાડી હતીઃ ૨૦૦૪ માં ફ્રેન્ચ પુરાતત્વવિદોએ સાયપ્રસમાં ૯૫૦૦ વર્ષ જુની બિલાડીની કબર શોધી હતી. વિશ્વની ટોચની મૈત્રીપૂર્ણ બિલાડીની પ્રજાતિઓ મૈનેકુન, સિયામીઝ, એબિસિનિયન, બિર્મન, રાગડોલ, સ્ફિંક્સ, ફારસી, અને બર્મીઝ છે. માનવની ઉત્પતી સાથે પ્રાણીઓનો સહવાસ પ્રારંભકાળથી જોડાયેલો છે. બાળકોને અતી પ્યારી બિલાડી વિશે ઘણી રોચક વાતો પણ જોડાયેલી છે. સિંહ, વાઘ જેવા મોટા પ્રાણી બિલાડી કૂળના જ છે, તેથી તેને બીગ કેટ પણ કહેવાય છે. આ પ્રાણી પ્રશંસા, પ્રેમ અને ઉત્સાહ દર્શાવે છે. આજનો દિવસ તેની દુર્દશા વિશે જાગૃત્તિ લાવવાનો છે. આપણી બાળવાર્તા અને બાળગીતો બિલાડી મોખરે હોય છે, એક બિલાડી પાળી છે, ગીત બહુ જ જાણીતું છે.લાખો વર્ષોથી માનવ ઈતિહાસ સાથે જોડાયેલ બિલાડીને અંધશ્રધ્ધા સાથે બહુ જોડી દેવાય છે, જેમાં કાળી બિલાડી કે આડી ઉતરતી બિલાડી વિશે શુકન અને અપશુકન જોડાયેલ છે.બિલાડી આપણા જીવનમાં આનંદ લાવતી હોવાથી પ્રવર્તમાન સમયમાં તેને પાળવાનો ક્રેઝ વધુ જોવા મળે છે.સમગ્ર ઈતિહાસમાં ઈજિપ્ત જેવી પ્રાચિન સંસ્કૃત્તિમાં તેને પૂજનીય માનવામાં આવે છે, તો ઘણી સંસ્કૃતિમાં તેને નશીબનું પ્રતિક ગણાય છે. તેનો ઈતિહાસ લાંબો અને રસપ્રદ છે. તે માનવ સાથે રહેતી હોવાનો પ્રથમ પુરાવો ૭૫૦૦ બીસીમાં જંગલી બિલાડીને કાબુમાં લેવાનું શરૂ કરેલ હતું. સંશોધકના મતે તે ઉંદરોનો શિકાર કરીને મનુષ્યોને ખેતીમાં મદદ કરે છે. બિલાડીઓ જંતુ નિયંત્રણ એજન્ટ તરીકે વધુ મૂલ્યવાન છે. ઈજિપ્તમાં દેવી બાસ્ટેટને બિલાડી કે તેના માથા વાળી સ્ત્રી તરીકે દર્શાવવામાં આવી હતી. અનાજના ભંડારોને ઉંદરથી બચાવવા પણ તેનો ઉપયોગ થતો હતો. પુરાતત્વવિદોએ બિલાડીઓ સહિત માનવ અને પ્રાણીઓ વચ્ચે આધ્યાત્મિક જોડાણ સૂચવતા પુરાવા શોધી કાઢ્યા છે, પાછળથી તે ગ્રીસ, રોમ અને ચીન સહિત વિશ્વના અન્ય ભાગોમાં ફેલાઇ હતી. ગ્રીસમાં તે દેવી એથેના સાથે સંકળાયેલ છે. વૈજ્ઞાનિકો દ્વારા એ સાબિત કરાયું છે કે, બિલાડી પાળવાથી તેના માલિકને રક્તવાહિનીના રોગોનું પ્રમાણ ઘટે છે, અને પાળનાર માલિકને હ્રદયરોગનું જોખમ ટળે છે, તેમજ કોલેસ્ટ્રોલ અને બ્લડપ્રેશર ઘટે છે. એક અભ્યાસમાં એ પણ જાણવા મળ્યું છે કે જેને બિલાડી પાળી હતી. તેના પરિવારમાં, બાળકોમાં એલર્જીક બિમારી સાથે ફેફસાની બિમારીનો સફળ સામનો કર્યો હતો. ડોમેસ્ટિક બિલાડી તમારૂં ભૌતિક અને માનસિક સ્વાસ્થ્ય સારૂ રાખે છે.

## અંજારના ભીમાસર ગામે જાહેરમાં પતા ટીંચતા ૬ ઈસમો ઝડપાયા



અંજાર તા.૭

અંજાર પોલીસ સ્ટેશન વિસ્તારમાં જુગારના કેસો પકડી પાડવા સુચના આધારે પોલીસ ઈન્સ્પેક્ટર એ.આર.ગોહીલે સ્ટાફના માણસોને પ્રોહિ/જુગારના વધુમાં વધુ કેશો શોધી કાઢવા સુચના આપતા પેટ્રોલીંગમાં નીકળેલા માણસોને બાતમી મળેલ કે, તાલુકા ના ભીમાસર ગામના તળાવ પાસે હુશેનશા પીરની દરગાહ પાસે ખુલ્લામાં જાહેરમાં ગંજીપાના વડે તીન પતીનો હાર-જીતનો જુગાર રમી રમાડે છે, તેવી જાણકારી આધારે એ જગ્યાએ રેઈડ કરી જુગાર રમતા શંભુ રામજી હેઠવાડીયા,(રહે. ટપ્પર), શામજી ભચા મ્યાત્રા(રહે. ટપ્પર), ગગુ મેમા ડાંગર (રહે.ભીમાસર), નારાણ દેવરાજ આહીર (રહે. સહારા ભીમાસર), રાજાભાઈ ખેંગાર ડાંગર (રહે.સહારા ભીમાસર) અને અરજણ ભચા છાંગા (રહે.પસુડા ગામ) ને રોકડા રૂ.૩૧,૧૨૦ સાથે ઝડપી પાડી આરોપીઓ વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી. આ કામગીરી અંજાર પોલીસ ઈન્સપેક્ટર એ.આર.ગોહીલ, સબ ઈન્સ જે.એસ.ચુડાસમા તથા અંજાર પોલીસ સ્ટાફના માણસોએ કરી હતી.

## ચાર ઘરફોડ ચોરીનો દોઢ વરસથી નાસતો ફરતો આરોપી અંજારમાં ઝડપાયો

ગાંધીધામ તા.૭

અંજાર તથા પાટણ એ ડીવી. પો.સ્ટે.ના ઘરફોડ ચોરીના ચાર ગુનાનો છેલ્લા દોઢ વર્ષથી નાસતા ફરતા આરોપીને પૂર્વ કચ્છ લોકલ ક્રાઈમ બ્રાન્ચ,ગાંધીધામ પોલીસે ઝડપી પાડ્યો હતો. જીલ્લામાં નાસતા ફરતા આરોપીઓને શોધી કાઢવા આપેલ સુચના આધારે પો.ઈ. એન એન.ચુડાસમાની આગેવાનીમાં એલ.સી.બી. ટીમ અંજાર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી તે દરમ્યાન મળેલ બાતમીઆધારેનાસતાફરતાઆરોપી પ્રકાશકુમાર નાથા રાવળ (રહે.મુળ સાવપુર, કાંકરેજ, હાલે થરા જી. બનાસકાંઠા) ને અંજાર ખાતેથી પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરી આગળની કાર્યવાહી માટે



અંજાર પોલીસ સ્ટેશનમાં સોંપવામાં આવેલ હતો. આ કામગીરી લોકલ ક્રાઈમ બ્રાન્ચનાં ઈન્સપેક્ટર એન. એન.ચુડાસમા, સબ ઈન્સ.એમ. વી.જાડેજા તથા એલ.સી.બી.સ્ટાફ દ્વારા કરવામાં આવી હતી.

## આદીપુરમાં વરલી મટકાનો જુગાર રમતો ઈસમ ઝડપાયો

ગાંધીધામ તા.૭

આદીપુર પોલીસે ડ્રાઈવ દરમ્યાન એક વરલી મટકા જુગાર રમતા એક ઈસમને ઝડપી પાડ્યો હતો. પ્રોહી-જુગારની પ્રવુતિઓ નેસ્ત નાબુદ કરવા સ્પેશયલ ડ્રાઈવ અનવ્યે આદીપુર સબ.ઈન્સ.બી.જી.ડાંગર સાથે પોલીસ સ્ટેશનનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતા ત્યારે આદીપુર મદનસિંહ સર્કલ પાસેથી વરલી મટકાનો જુગાર રમતા આરોપી ગુરમુખદાસ વીરુમલદાસ સતવાણી (રહે-સિન્ધુવર્ષા વોર્ડ ૪/એ



આદીપુર)ને પકડી પાડી તેની પાસેથીડાયરીનાપાના,બોલપેન, મોબાઇલ-૦૧, રૂ.૫૦૦૦ તથા રોકડા રૂા. ૧૩,૦૩૦ હસ્તગત કરી આરોપી વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી.

## સાંતલપુર ગુનાનો નાસતો ફરતો આરોપી ગાંધીધામમાં ઝડપાયો

ગાંધીધામ તા.૭

સરહદી રેન્જમાં સાયબર ફ્રોડના ગુના બનતા શોધવા અને અટકાવવા સુચના અન્વયે સાયબર કાઈમ પો.સ્ટે.ના કર્મચારીઓ પૂર્વ કચ્છ જીલ્લા વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા, દરમ્યાન પો. ઈન્સ.વાય. કે.ગોહિલને ખાનગી બાતમી મળેલ કે સાંતલપુર પો.સ્ટે.માં પ્રોહિ ધારાની કલમ મુજબનો નાસતો ફરતો આરોપી અમૃત પાલસીંગ બલવંતસીંગ સંધુ (રહે. મારી કમ્બોગી, પંજાબ) ઓમ



સીનેમા સર્કલ ગાંધીધામ ખાતે હાજર છે,જે હકીકત આધારે આરોપીને પકડી પાડી સાંતલ પુર પો.સ્ટે. ખાતે કાર્યવાહી કરાઈ હતી.

# મુન્દ્રાના સમાઘોઘા માં તરૂણી નો આપઘાત

**આર્થીક નબળા પરિવારની વહારે આવી મુન્દ્રા પોલીસ અને જન સેવા. પરિવાર જનોની હાજરીમાં અંતિમ ક્રિયા કરાઈ આપધાત કરવા પાછળનુ કારણ અકબંધ**

મુન્દ્રા, તા.૭

મુન્દ્રા તાલુકાના સમાઘોઘા જિંદાલ કંપનીમાં મજૂરી કામ કરતા અને પંકજ કોલોનીમાં રહેતા યુપી ના એક પરિવારની ૧૪વર્ષ ની પુત્રી એ પોતાના ઘરે ફાંસો ખાઈ લઈ મોત ને વહાલું કરતા અરેરાટી વ્યાપી હતી. મુન્દ્રા ઝીરો પોઈન્ટ પોલીસ ચોકીના ઈન્ચાર્જ જયેન્દ્રસિંહ ઝાલા એ માહિતી આપતા જણાવ્યું હતું કે બુધવારે અશોક વણઝારા ની ૧૪વર્ષની લાડલી પુત્રીએ પોતાના ઘરે અંદરથી દરવાજો બંધ કરી દુપટ્ટા વડે ગળે ફાંસો ખાઈ મોત ને વહાલું કર્યું હતું. હતભાગીના માતા-પિતા કામ પર ગયા હતા અને તેના ત્રણ ભાઈ સવારે સ્કૂલ જવા નીકળ્યા હતા પણ જ્યોતિ આજે સવારે સ્કૂલ ગઈ ન હતી.બુધવારે સવારે તેને આ પગલુ ભર્યુ હોવાનુ કહેવાય છે. ધટના અંગે પોલીસ ને જાણ કરતા દરવાજો તોડી પોલીસ અંદર પ્રવેશી તપાસ હાથ ધરી હતી. આ બનાવ અંગે તપાસ કર્તા ઝાલા એ જણાવ્યું હતું કે કિશોરી ધોરણ ૭માં મુન્દ્રા નજીક વલ્લભ વિદ્યાલયમાં અભ્યાસ કરતી હતી. અને આજે આપઘાત કર્યો હતો જો કે તેનુ ચોક્કસ કારણ હજુ સામે આવ્યુ નથી. જો કે ધટનાથી હતાશ પરિવારે પોતાના વતનના બદલે અંતિમ ક્રિયા માટે પરિવાર જનો ને પૂછતા અંતિમ ક્રિયા અહીં જ કરવા જણાવ્યું હતું જેથી જન સેવાના રાજ સંઘવી ને જાણ કરતા તાત્કાલિક જનરલ હોસ્પિટલ પહોંચ્યા હતા. અને અંતિમ ક્રિયા કરવાની તૈયારી પ્રારંભી હતી તેમજ અંતિમ ક્રિયા માટે સામગ્રી ની વ્યવસ્થા કરી હતી. બુધવારે મુન્દ્રાની જનરલ હોસ્પિટલથી સ્મશાન ગ્રુહ સુધી સેવાભાવી ભાવેશ સોની ની મદદથી મ્રુતદેહ ને પહોંચતો કરાયો હતો.હતભાગી જ્યોતિની અંતિમ ક્રિયા માટે આર્થિક સહયોગ ધ્રબના ઈશાક તુર્ક એ આપ્યો હતો મુન્દ્રા પોલીસના જયેન્દ્રસિંહ ઝાલા,જન સેવાના રાજ સંઘવી, સુંદર કાંડ સમિતિ ના સેવાભાવીઓ અને અગ્રણી જયેશ ગોર અંતિમ ક્રિયામાં હાજર રહી માનવતાના કાર્યમા સહયોગ આપ્યો હતો.

બીજા વર્ષમા મંગળ પ્રવેશે
હાર્દિક શુભેચ્છા
આજના ઝડપી સમાચારોના યુગ સાથે તાલમેલ મેળવી ન્યૂઝ 4 કચ્છ દૈનિક સમાચાર પત્ર એ અખબાર સાથે વેબસાઈટ તેમ જ વીડિયો ન્યૂઝ ના માધ્યમથી એક વર્ષ સફળતાપૂર્વક પૂર્ણ કરવા બદલ હાર્દિક શુભેચ્છાઓ. કચ્છ અને કચ્છ બહાર રહેતા કચ્છીઓ સુધી પહોંચેલ આ માધ્યમ કચ્છના પ્રશ્નો ને હજી પણ વધુ વાચા આપે એવી શુભેચ્છા
એક શુભેચ્છક
ન્યુઝ4કચ્છ 'વાત કચ્છીયતની'

બીજા વર્ષમા મંગળ પ્રવેશે
હાર્દિક શુભેચ્છા

આજના ઝડપી સમાચારોના યુગ સાથે તાલમેલ મેળવી ન્યૂઝ 4 કચ્છ દૈનિક સમાચાર પત્ર એ અખબાર સાથે વેબસાઈટ તેમ જ વીડિયો ન્યૂઝ ના માધ્યમથી એક વર્ષ સફળતાપૂર્વક પૂર્ણ કરવા બદલ હાર્દિક શુભેચ્છાઓ. કચ્છ અને કચ્છ બહાર રહેતા કચ્છીઓ સુધી પહોંચેલ આ માધ્યમ કચ્છના પ્રશ્નો ને હજી પણ વધુ વાચા આપે એવી શુભેચ્છા
હિતેશ ઇશ્વરલાલ ભાવાણી (પટેલ)
સત્ય નિત્ય ડેવલોપર્સ ભુજ
ન્યુઝ4કચ્છ 'વાત કચ્છીયતની'

## સાત વર્ષમાં ગુજરાતમાં રૂ. ૫૨,૩૯૪ કરોડની જંગી જીએસટી ચોરી પકડાઈ

ગાંધીનગર,તા.૭

ગુજરાત જીએસટી ચોરો માટે સ્વર્ગ બની ગયું છે. જુલાઈ ૨૦૧૭માં જીએસટી અમલમાં આવ્યો ત્યારથી જૂન ૨૦૨૪ સુધીના સાત વર્ષના સમયગાળામાં ગુજરાતમાં રૂ. ૫૨,૩૯૪ કરોડની જંગી જીએસટી ચોરી પકડાઈ છે. આ માટે ગુજરાતમાં જીએસટી ચોરીના કુલ ૧૩,૪૯૪ કેસ નોંધવામાં આવ્યા છે. આ શબ્દો બીજા કોઈના નહીં પણ કેન્દ્રીય નાણાપ્રધાન નિર્મલા સીતારામનના છે. જીએસટી ચોરીની આ રકમ ગુજરાત સરકારના બજેટના ૨૦ ટકા જેટલી થવા જાય છે.

આ ઉપરાંત માનવામાં આવે છે કે આ જ રીતે જીએસટી ચોરી ચાલુ રહી તો ગુજરાતમાં જ જીએસટીના અમલીકરણના દાયકામાં જીએસટી ચોરીનો આંકડો રૂ. એક લાખ કરોડે પહોંચી જાય તો આશ્ચર્ય નહી થાય. જીએસટી ચોરો પર કરવિભાગ ત્રાટકતા હવે તેઓએ નવી મોડસ ઓપરેન્ડી અપનાવી છે. અત્યાર સુધી કેસોની સંખ્યા વધારે હતી અને જીએસટી ચોરીની રકમ ઓછી આવતી હતી, પરંતુ હવે મોડસ ઓપરેન્ડી બદલાતા અને સરકાર દ્વારા આર્ટિ-ફિશિયલ ઈન્ટેલિજન્સનો ઉપયોગ કરવામાં આવતા જીએસટી ચોરીનું પ્રમાણ ઘટ્યું છે, પણ ચોરીની સરેરાશ રકમ વધી ગઈ છે. આશ્ચર્યની વાત એ છે કે આટલી મોટી કરચોરીના કિસ્સામાં ફક્ત ૨૧૪ની જ ધરપકડ કરી કાયદેસર કાર્યવાહી કરવામાં આવી છે.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે, સરકારી તંત્ર દ્વારા બાતમી આધારે જરૂરી તપાસ ટીમ બનાવીને દરોડા પાડવામાં આવે છે, બેંક ખાતામાં બોગસ લેવડ દેવડ બતાવીને જીએસટી ઈનપુટ ક્રેડિટ મેળવવામાં આવે છે. ખોટા દસ્તાવેજોના આધારે પણ કંપની ઉભી કરીને ય્જી ચોરી કરવામાં આવતી હોય છે. કમસેકમ ગુજરાતના નાણાપ્રધાને તો આ જ દિશામાં વિચારવું રહ્યું કે રાજ્યમાંથી કેમ આટલા મોટાપાયા પર જીએસટીની ચોરી થાય છે. તેની સાથે કેન્દ્ર સરકારે પણ તે વિચારવાની જરૂર છે કે નિયમો વધુ સરળ બનાવવા જોઈએ જેથી કોઈ આ રીતે ચોરી કરવા ન પ્રેરાય. આ ઉપરાંત ઓટોમેશનનો ઉપયોગ વેપારીને હેરાન કરવા માટે ન કરવામાં આવે.

## લાકડીયા સહિત ત્રણ ચોરીના આરોપીઓને ઝડપતી પોલીસ



### ચોરી કરેલ એક બોલેરો, ત્રણ મોટર સાયકલ સાથે બે આરોપીઓ જબ્બે


ગાંધીધામ તા.૭

ચોરી/લુંટના મિલ્કત સબંધી અનડીટેકટ ગુનાઓના ભેદ ઉકેલી ચોરને મુદામાલ શોધી કાઢવા અપાયેલી સૂચના અને માર્ગદર્શન આધારે લાકડીયા પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલ ગુના સંદર્ભે ઈન્ચાર્જ પોલીસ ઈન્સપેક્ટર બી.જી. રાવલની સૂચના અન્વયે ચોર અને મુદામાલ શોધી કાઢવા તાબાના માણસો હ્યુમન સોર્સ અને ટેકનીકલ સર્વેલન્સ આધારે તપાસ કરી રહ્યા હતા તે દરમ્યાન ખાનગી રાહે તેમને બાતમી મળેલ કે, સદર ગુનાના આરોપીઓં, ફરીયાદીની ચોરી કરેલ બોલેરો લઈ રાજસ્થાન જવા નીકળેલ છે, જેથી વોચમાં રહી ચોરી કરનાર બંને આરોપીઓને બોલેરો કાર સહિત પકડી પાડવામાં આવ્યા હતા, આરોપીઓ ગુનાહિત ઈતિહાસ ધરાવતા હોઇ નામદાર કોર્ટમાંથી રીમાન્ડ મેળવી યુક્તિ-પ્રયુક્તિથી સઘન પૂર્વક પૂછપરછ કરતાં આરોપીઓએ તાજેતરમાં ગાંધીધામ,સામખીયાળી અને અમદાવાદ મુકામેથી ત્રણ મોટર સાયકલોની ચોરી કરેલ હોવાની કબૂલાત આપી હતી, જે મોટર સાયકલો આરોપીઓ પરમોદ ઉર્ફે ભૂંડીયો પ્રેમ કુમાર ચૌહાણ ઉ.વ.૧૮ (રહે.ખોડીયાર નગર ગાંધીધામ, મૂળ-રાજસ્થાન) અને શોકત ઈબ્રાહીમ ઉર્ફે અભરામ ઉર્ફે અબ્રાહમ રાઉમાં (રહે. જૂના કટારીયા તા.ભચાઉ) ના કબજામાંથી તપાસ દરમ્યાન કબ્જે કરવામાં આવી હતી, અને ચોરી કરેલ મોટર સાયકલોની તપાસ કરાવતા ગાંધીધામ એ-ડીવીઝન અને સરખેજ પોલીસ સ્ટેશનમાં ગુનાઓ પણ દાખલ થયેલ હોવાનું જણાઈ આવ્યું હતું, સામખીયાળી વિસ્તાર માંથી આશરે એકાદ અઠવાડીયા પહેલાં જ મોટર સાયકલ ચોરી કરેલ, આગળની વધુ તપાસ હાલે ચાલુમાં છે. આરોપીઓ પાસેથી એક બોલેરો, અને ત્રણ મોટર સાયકલ કુલ્લ રૂ.૨,૮૦,૦૦૦ નો મુદામાલ કબ્જે કરાયો હતો, બંન્ને આરોપીઓ ગુન્હાહિત ઈતિહાસ ધરાવે છે, પરમોદ ચૌહાણ સામે ગાંધીધામમાં બે ગુના, જ્યારે શોક્ત રાઉમા સામે લાકડીયામાં ત્રણ ગુના નોંધાયેલા છે. આ કામગીરી ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પે કટર બી.જી.રાવલ, પો.હેડ કોન્સ. રવિન્દ્રસિંહ ઝાલા, કોન્સ. દિલીપ ચૌધરી, અને વરજાગ રાજપુત દ્વારા કરવામાં આવી હતી.

## બારોઈની શેરીમાં મોકળાશથી રમતા ૬ ખેલી ઝડપાયા

મુન્દ્રા તા.૭

મુંદરા ઇન્ચાર્જ પોલીસ ઈન્સપે કટર વી. એન. ચાવડા ની સુચના તથા માર્ગદર્શન હેઠળ પોલીસ સ્ટેશનના સર્વેલન્સ સ્ટાફના કર્મચારીઓ પેટ્રોલીંગમા હતા તે દરમ્યાન બાતમી મળેલ કે, બારોઇ ગામમા ગાયત્રીનગર શેરીમાં સ્ટ્રીટ લાઈટના અજવાળે ખુલ્લામાં બેસીને અમુક ઇસમો તીનપતીનો જુગાર રમી રહ્યા છે, બાતમી આધારે વર્ક આઉટ કરી રેઇડ કરતા મહેશ શાંતીલાલ રાજગોર (રહે.બારોઇ), લાખુભા ઉમેદસિંહ જાડેજા (રહે.કૈલાશ પાર્ક મુંદરા), રવિરાજસિંહ ઉર્ફે રવુભા મુરુભા જાડેજા (રહે.ગોયરસમા તા.મુંદરા), કાનજી રાણા રબારી ઉ.વ.૩૫ (રહે.સહજાનંદ પાર્ક મુંદરા), જશરાજ કરશન ગઢવી (રહે. બારોઇ રોડ મુંદરા), દિલાવરસિંહ ઉર્ફે દિલીપસિંહ ચંદ્રસિંહ જાડેજા (રહે. હિન્ગળાજનગર મુંદરા) ને રોકડા રૂા.૧૫,૪૩૦ સાથે ઝડપી પાડ્યા હતા, જોકે કોઈ આરોપી પાસે મોબાઈલ કે વાહન ન હતા. આ કામગીરી ઈન્ચાર્જ પો. ઈન્સ. વી. એન. ચાવડાની સુચનાથી એ.એસ.આઇ. દિનેશ ભટ્ટી, દિનેશ ગોહેલ, હેડ કોન્સ. મથુરજી કુડેચા, દર્શન રાવલ, પૃથ્વીરાજ ગઢવી, કોન્સ. દિનેશ ઠાકોર, હર્ષદકુમાર રાઠોડ, વુ.પો. કોન્સ પ્રિયાબેન પટેલ દ્વારા કરાઈ હતી.







## અંજારમાં ચોરાયેલી બાઈક સાથે આરોપી ઝડપાયો

ગાંધીધામ તા.૭

અંજાર પોલીસે નોંધાયેલ મોટર સાયકલ ચોરીનો ભેદ ઉકેલી આરોપીને મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યો હતો. મિલકત સંબંધી ગુનાઓ શોધી કાઢવા પો.ઈ. એ.આર.ગોહીલ ની સૂચના આધારે સ્ટાફના માણસો ટાઉન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન હ્યુમન સોર્સીસ આધારે આરોપી મહેશ માનસીંગ ભીલ (રહે.હાલે.ખેડોઈ, મુળ રહે.ગરબાડા જી.દાહોદ)ને ચોરીમાં ગયેલ મો.સા.સાથે પકડી પાડી તેની વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

આ કામગીરીમાં અંજાર પોલીસ સ્ટેશનના એ.આર.ગોહીલ, સબ ઈન્સ્પેક્ટર જે.એસ.ચુડાસમા, જી.ડી ગઢવી તથા અંજાર પોલીસ સ્ટાફના માણસો સાથે રહી કરી હતી.

## અંજાર નવાનગરમાં પતા ટીચતા ૪ ઈસમો ઝડપાયા

અંજાર તા.૭

ટાઉન વિસ્તારમાં આવેલ નવાનગરમાંથી ૪ ખેલીઓને અંજાર પોલીસે ઝડપી પાડ્યા હતા. અંજાર પોલીસ સ્ટેશન વિસ્તારમાં પ્રોહિ/જુગાર નેસ્ત નાબુદ કરવા પોલીસ ઈન્સ્પેક્ટર એ.આર.ગોહીલે સ્ટાફના માણસોને જુગારના કેસો શોધી કાઢવા સુચના આપેલ હોઈ સ્ટાફના માણસો પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન મળેલ બાતમી આધારે નવાનગરમાં રેલ્વે પાટા પાસે ખુલ્લી જગ્યામાં અમુક ઈસમો જાહેરમાં ગંજીપાના તીનપત્તીનો જુગાર રમી રહ્યા હતા તેમના રેઈડ કરી આરોપી હનીફ હુશેન બાફણ, ઈલીયાસ નુરમામદ કુંભાર, હારૂન ખમુ ક્કલ, ઈબ્રાહીમશા હાજીશા શેખ ને પકડી પાડી રોકડા રૂા.૧૩,૪૦૦, મોબાઈલ ફોન નંગ૦૪ કિ. રૂ. ૧૨,૫૦૦ એમ કુલ્લ કિ.રૂ.૨૫,૯૦૦ પકડી પાડી આરોપીઓ વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી.